દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 201 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 August 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# રશિયાના પરમાણુ ઊર્જા પ્લાન્ટ પર યુક્રેનનો હુમલો

મોસ્કોઃ રશિયાએ રવિવારે યુક્રેન પર રશિયાના પશ્ચિમી ક્ષેત્ર કુર્સ્કમાં પરમાણુ ઊર્જા પ્લાન્ટ પર ડ્રોન હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. આ હુમલો એવા સમયે થયો જ્યારે યુક્રેન તેની સ્વતંત્રતાના ૩૪ વર્ષની ઉજવણી કરી રહ્યું હતું. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, આખી રાત અનેક ઊર્જા અને વીજળી ઠેકાણા પણ ડ્રોન હુમલાનો ભોગ બન્યા હતા. કુર્સ્કમાં આવેલા પ્લાન્ટમાં આગ લાગી હતી, પરંતુ તેને સમયસર કાબૂમાં લેવામાં આવી હતી અને કોઈને ઈજા થઈ ન હતી. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'ટેલિગ્રામ' પર એક પોસ્ટ દ્વારા અધિકારીઓએ જણાવ્યું હતું કે આગને તાત્કાલિક કાબૂમાં લેવામાં આવી હતી અને પરિસ્થિતિ નિયંત્રણમાં છે. જોકે, એક ટ્રાન્સફોર્મરને નુકસાન થયું છે. યુનાઇટેડ નેશન્સ ન્યૂક્લિયર વોચ એજન્સીએ જણાવ્યું હતું કે તેમને મીડિયા રિપોર્ટ્સ દ્વારા માહિતી મળી હતી કે પ્લાન્ટમાં એક ટ્રાન્સફોર્મરમાં ''લશ્કરી કાર્યવાહી'' ને કારણે આગ લાગી હતી, પરંતુ એજન્સી સ્વતંત્ર રીતે તેની પુષ્ટિ કરી શકી નથી. તેણે કહ્યું કે તેના ડિરેક્ટર-જનરલ રાફેલ મારિયાનો ગ્રોસીએ કહ્યું હતું કે ''દરેક પરમાણુ સુવિધાને હંમેશાં સુરક્ષિત રાખવી જોઈએ.''

આ ઘટનાઓ અંગે યુક્રેન તરફથી અત્યાર સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી. રશિયન સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે શનિવારે રાત્રે યુક્રેને રશિયાના વિવિધ વિસ્તારોને નિશાન બનાવતા કુલ ૯૫ ડ્રોન મોકલ્યા હતા, જે બધાને રશિયન એર ડિફેન્સ સિસ્ટમે નષ્ટ કરી દીધા હતા.

ફાયર ફાઈટર્સે રશિયાના લેનિનગ્રાદ પ્રદેશમાં ઉસ્ત-લુગા બંદર પર આગ કાબૂમાં લીધી હતી જ્યાં એક મુખ્ય ઇંધણ નિકાસ ટર્મિનલ સ્થિત છે. પ્રાદેશિક ગવર્નરે જણાવ્યું હતું કે આશરે ૧૦ યુક્રેનિયન ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા જેના કાટમાળથી આગ લાગી હતી.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે તેના એર ડિફેન્સ સિસ્ટમે રવિવારે રાત્રે રશિયન પ્રદેશ પર ૯૫ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યા હતા. યુક્રેનની વાયુસેનાએ જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે રશિયાએ યુક્રેનમાં ૭૨ ડ્રોન અને એક ક્રૂઝ મિસાઇલથી હુમલો કર્યો હતો જેમાંથી ૪૮ ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. યુક્રેન ૧૯૯૧માં સોવિયેત યુનિયનથી સ્વતંત્રતાની જાહેરાતની યાદમાં સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યું હતું ત્યારે આ ઘટનાઓ બની હતી. રાષ્ટ્રપતિ વ્લાડીમીર ઝેલેન્સકીએ એક વીડિયો સંબોધનમાં કહ્યું હતું કે ''આપણે એક એવા યુક્રેનનું નિર્માણ કરી રહ્યા છીએ જેની પાસે સુરક્ષા અને શાંતિથી રહેવા માટે પૂરતી તાકાત અને સામર્થ્ય હશે.'' ■

## હવે બૅન્ક ઑફ ઈન્ડિયાએ આર કોમ અને અનિલ અંબાણીને ફ્રોડ જાહેર કર્યા

નવી દિલ્હી : સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના પગલે બૅન્ક ઑફ ઈન્ડિયાએ દેવાળિયા રિલાયન્સ કમ્યુનિકેશન્સના લોન અકાઉન્ટને છેતરપિંડી કરનારું અને તેના ભૂતપૂર્વ ડિરેક્ટર અને ઉદ્યોગપતિ અનિલ અંબાણીનું નામ લીધું હતું. નિયામકના ફાઈલિંગ પ્રમાણે ૨૦૧૬માં ફંડ બીજે વાળવામાં આવ્યું છે.

સરકારી બૅન્ક ઑફ ઈન્ડિયાએ ઓગસ્ટ ૨૦૧૬માં રિલાયન્સ કોમ્યુનિકેશનસને તેની મૂડી અને કાર્યકારી ખર્ચ અને એ વખતની જવાબદારીના પુનર્ચુકવણી માટે ૭૦૦ કરોડ રૂપિયાની લોન આપી હતી. લોનની અડધી રકમ ઓક્ટોબર ૨૦૧૬માં ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકી હતી અને લોન બહાલ કરતા પત્ર પ્રમાણે આની છૂટ રિલાયન્સને આપતી નહોતી. આર કોમે સ્ટોક એક્સચેન્જની ફાઈલિંગમાં બૅન્કનો પત્ર નોંધાવ્યો હતો.

આરકોમે કહ્યું હતું કે અમને ૨૨ ઑગસ્ટે બૅન્ક ઑફ ઈન્ડિયાના આઠમી ઑગસ્ટની તારીખવાળો પત્ર મળ્યો હતો. જેમાં કંપનીના લોન અકાઉન્ટ, અનિલ ધિરજલાલ અંબાણી (પ્રમોટર અને કંપનીની ભૂતપૂર્વ ડિરેક્ટર) અને મંજરી અશોક કક્કરને છેતરપિંડીવાળામાં વર્ગીકૃત કર્યા હતા.

અગાઉ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આ વર્ષના જૂનમાં એમ જ કર્યું હતું. સ્ટેટ બૅન્કે એવો આક્ષેપ કર્યો હતો કે આરકોમે બૅન્કના ફંડને લોનની શરતોનો ભંગ કરીને પચાવી પાડ્યું હતું. એસબીઆઈની ફરિયાદને પગલે સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ)એ રિલાયન્સ કમ્યુનિકેશન્સ અને અંબાણીના નિવાસસ્થાન સાથે સંકળાયેલા ઠેકાણાં પર દરોડા પાડ્યા હતા. અનિલ અંબાણીના પ્રવકતાએ નિવેદનમાં આ બધા આક્ષેપોને રદિયો આપ્યો હતો. (એજન્સી)■

## સીઆઈઆઈએ જીએસટી, વેપાર અને રોજગાર નીતિમાં સુધારા સૂચવ્યા

નવી દિલ્હી : ઈન્ડસ્ટ્રી લોબી કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ)એ રવિવારે ભારતના આર્થિક પરિવર્તનને વેગ આપવા માટેના સુધારાના રોડમેપનું અનાવરણ કર્યું હતું. સીઆઆઈએ જીએસટીનું સરળ માળખું, પેટ્રોલિયમ અને રીયલ એસ્ટેટના વ્યાપક પ્રસાર, ટૅરિફ માળખાનું સરળીકરણ, રાષ્ટ્રીય રોજગાર અને હંગામી, કૉન્ટ્રાક્ટ અને ફ્રીલાન્સ કામદાર ધરાવતી ગિગ ઈકોનોમીની નીતિનો આગ્રહ કર્યો હતો.

સીઆઈઆઈએ 'સ્પર્ધાત્મક ભારત માટેની નીતિઓ'ના મથાળાવાળા અહેવાલમાં ૧૪ મહત્ત્વના સુધારાના કાર્યક્ષેત્રમાં કાર્યવાહી કરી શકાય એવી ૨૫૦ ભલામણ કરી હતી.

સીઆઈઆઈએ કહ્યું હતું કે સરકારના વિકસિત ભારતને સિદ્ધ કરવા ઉદ્યોગના અગ્રણીઓ, અર્થશાસ્ત્રી અને પૉલિસી એક્સપર્ટ સાથે વ્યાપક ચર્ચા કર્યા બાદ આ બ્લુપ્રીન્ટ તૈયાર કરવામાં આવી છે.

સીઆઈઆઈના પ્રમુખ રાજીવ મેમાણીએ કહ્યું હતું કે આ ભલામણો સરકારની સુધારા પ્રક્રિયાને સુસંગત છે અને વડા પ્રધાનના પરાક્રમી આમૂલ પરિવર્તનના અનુરોધને સહાય કરનારી છે. આ એક જીવંત દસ્તાવેજ હોવાથી સ્પર્ધાત્મક ભારત વિકસતો રહેશે અને પૉલિસીમેકરને નવી વિભાવના મળતી રહેશે.

નાણાકીય દૂરદર્શીતા, ફુગાવાનું મેનેજમેન્ટ, આધુનિક આંકડાશાસ્ત્રીય સિસ્ટમ, બિનવ્યૂહાત્મક જાહેર ક્ષેત્રનું ખાનગીકરણ, સોવ્રિન વેલ્થ ફંડનું સર્જન, કાયદાના નાના ભંગનું બિનગુનાકરણ, સમયબદ્ધ બહાલી, સિંગલ વિન્ડો ક્લીયરન્સ અને બીજી પેઢીના આઈબીસી સુધારા, શ્રમ કાયદામાં સુધારો, લઘુતમ વેતનનું માળખું અને વિવાદનો ફાસ્ટ ટ્રેક નિવેડો જેવી ભલામણો સરકારને કરવામાં આવી છે. સીઆઈઆઈએ ઊર્જા નીતિમાં સુધારા, જેમાં સ્પર્ધાત્મક ટૅરિફ , ક્રોસ સબ્સિડાઈઝેશનની નાબૂદી, અણુઊર્જામાં ખાનગી કંપનીનો સહભાગ અને ગ્રીન હાઈડ્રોજન રોડમેપ જેવી ભલામણો સરકારને કરવામાં આવી છે. (એજન્સી)■

## વરસાદના કારણે હિમાચલ પ્રદેશમાં ૪૦૦ રસ્તા બંધ, હજુ ભારે વરસાદની આગાહી

શિમલા : હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદને કારણે બે નેશનલ હાઈવે સહિત કુલ ૪૦૦ રસ્તાઓ વાહનોના અવરજવર માટે બંધ કરવામાં આવ્યા છે, એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મંડી જિલ્લામાં ૨૨૧ અને નજીકના કુલુમાં ૧૦૨ રસ્તાઓ બંધ છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે (એસઈઓસી)જણાવ્યું હતું કે નેશનલ હાઈવે ૩ (મંડી-ધરમપુર રોડ) અને નેશનલ હાઈવે ૩૦૫ (ઓટ-સૈંજ રોડ) પણ બંધ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ૨૦૮ વીજ પુરવઠા ટ્રાન્સફોર્મર અને ૫૧ પાણી પુરવઠા યોજનાઓ

ખોરવાઈ ગઈ છે. સ્થાનિક હવામાન વિભાગે ૩૦ ઓગસ્ટ સુધી રાજ્યના બેથી સાત જિલ્લાઓમાં અલગ અલગ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરતા યલો એલર્ટ જાહેર કર્યું છે. શનિવાર રાતથી રાજ્યના ઘણા ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ પડ્યો છે. પંડોહમાં સૌથી વધુ ૧૨૩ મિમી, ત્યારબાદ કસૌલીમાં ૧૦૫ મિમી, જોટમાં ૧૦૪.૬ મિમી અને મંડી અને કારસોગમાં ૬૮ મિમી વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગે જણાવ્યું કે નાદૌનમાં ૫૨.૮ મિમી, જોગિન્દરનગરમાં ૫૪ મિમી, બગ્ગીમાં ૪૪.૭ મિમી, ધરમપુરમાં ૪૪.૬ મિમી, ભટ્ટિયાતમાં ૪૦.૬ મિમી, પાલમપુરમાં ૩૩.૨ મિમી, નેરીમાં ૩૧.૫ મિમી અને સરહાનમાં ૩૦ મિમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે જણાવ્યું કે સુંદરનગર, શિમલા, ભુંતર, જોત, મુરારી દેવી, જુબ્બરહટ્ટી અને કાંગડામાં વરસાદ વરસ્યો હતો. એસઈઓસીએ જણાવ્યું હતું કે ૨૦ જૂનથી ચોમાસાની શરૂઆતથી હિમાચલ પ્રદેશમાં ઓછામાં ઓછા ૧૫૨ લોકો મૃત્યુ પામ્યાં છે અને ૩૭ લોકો ગુમ થયા છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૭૫ અચાનક પૂર, ૪૦ વાદળ ફાટવા અને ૭૪ મોટા ભૂસ્ખલન થયા છે અને કુલ ૯૭ પાવર સપ્લાય ટ્રાન્સફોર્મર અને ૫૧ પાણી પુરવઠા યોજનાઓ ખોરવાઈ ગઈ છે. અહેવાલ મુજબ, વરસાદ સંબંધિત ઘટનાઓમાં હિમાચલ પ્રદેશને ૨,૩૪૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. રાજ્યમાં ૧ જૂનથી ૨૪ ઓગસ્ટ સુધી ચોમાસાની ઋતુ દરમિયાન ૬૬૨.૩ મિમી વરસાદ પડ્યો છે, જે સામાન્ય કરતા ૧૬ ટકા વધુ છે, જ્યારે સરેરાશ વરસાદ ૫૭૧.૪ મિમી હોય છે. ■




એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સલવા જુડૂમનો બચાવ કઈ રીતે થઈ શકે ?

આપણે ત્યાં ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી બહુ નિરસ હોય છે કેમ કે માત્ર સંસદસભ્યો જ મતદાર હોય છે. સંસદમાં જેની પાસે બહુમતી હોય તેનો ઉમેદવાર જીતતો હોય છે તેથી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં જરાય ગરમાગરમી જોવા મળતી નથી પણ આ વખતે માહોલ અલગ છે ને તેનું કારણ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કરેલા આક્ષેપો છે. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએના સી.પી. રાધાકૃષ્ણન સામે કૉંગ્રેસની આગેવાની હેઠળના યુપીએના બી. સુદર્શન રેડ્ડી ઊભા છે.

શાહે આક્ષેપ મૂક્યો છે કે, જસ્ટિસ બી. સુદર્શન રેડ્ડી નકસલવાદના સમર્થક છે અને સુપ્રીમ કોર્ટના જજ તરીકે તેમણે ડાબેરી ઉગ્રવાદ અને નક્સલવાદને સમર્થન આપતો ચુકાદો આપ્યો હતો. શાહના કહેવા પ્રમાણે, જસ્ટિસ રેડ્ડીએ સલવા જુડૂમ વિરુદ્ધ ચુકાદો ન આપ્યો હોત તો ૨૦૨૦ સુધીમાં ડાબેરી ઉગ્રવાદનો અંત આવી ગયો હોત અને નકસલવાદનો ખાતમો બોલી ગયો હોત.

શાહના આક્ષેપના પગલે ભાજપ પણ કૂદી પડ્યો છે. ભાજપે એક વીડિયો બનાવીને સોશ્યલ મીડિયામાં ફરતો કર્યો છે કે જેમાં સુપ્રીમ કોર્ટના જજ તરીકે જસ્ટિસ સુદર્શન રેડ્ડીએ આવા બીજા ચુકાદાની પણ વાતો કરીને જસ્ટિસ રેડ્ડી ભારતવિરોધી માનસિકતા ધરાવે છે એવો દાવો કરાયો છે. જસ્ટિસ રેડ્ડીએ તેમના કાર્યકાળ દરમિયાન ભોપાલ ગેસ દુર્ઘટના, આર્મી મેડિકલ કોલેજમાં એડમિશન સહિતના કેસોમાં આપેલ ચુકાદાનો ઉલ્લેખ કરીને જસ્ટિસ રેડ્ડી અર્બન નકસલ સમર્થક હોવાનો દાવો કરાયો છે.

જસ્ટિસ રેડ્ડીએ ૨૦૨૪માં ઈઝરાયલમાં થતી ભારતની તમામ નિકાસ રોકવાની માગ કરીને હમાસ તરફ સહાનુભૂતિ દર્શાવી હતી એવો દાવો કરાયો છે તો સાથે સાથે ભારત વિરોધી માનસિકતા ધરાવતાં લોકો સાથે તેમની સાંઠગાંઠ હોવાનો દાવો પણ કરાયો છે. જસ્ટિસ રેડ્ડી પોતાને કોઈ પક્ષ સાથે લેવાદેવા નથી એવું કહે છે પણ વાસ્તવમાં એ કૉંગ્રેસના કાર્યકર તરીકે વર્તતા રહ્યા છે એવો પણ ભાજપનો દાવો છે. આ બધા દાવાઓનો સાર એ છે કે, જસ્ટિસ રેડ્ડી દેશના ઉપરાષ્ટ્રપતિ બનવાને જરાય લાયક નથી અને કૉંગ્રેસ તેમને આગળ કરીને દેશવિરોધી માનસિકતા બતાવી રહી છે.

ભાજપનો આઈટી ડિપાર્ટમેન્ટ કુપ્રચાર અને જૂઠાણાં ફેલાવવામાં માહિર છે તેથી ભાજપ દ્વારા આવા વીડિયો ફરતા કરાય તેથી આશ્ચર્ય થતું નથી પણ દેશના ગૃહ મંત્રી આ પ્રકારની વાતો કરે ત્યારે આશ્ચર્ય પણ થાય અને આઘાત પણ લાગે. અમિત શાહની વાતનો સાર એ છે કે, જસ્ટિસ રેડ્ડીએ સેલવા જુડૂમ અંગેનો ચુકાદો આપીને દેશવિરોધી કૃત્ય કર્યું છે કેમ કે સેલવા જુડૂમ અંગેના ચુકાદાથી નકસલવાદીઓને રક્ષણ મળી ગયું. આ વાત સાચી નથી કેમ કે સેલવા જુડૂમ પર પ્રતિબંધ મૂકીને સુપ્રીમ કોર્ટે કશું ખોટું કર્યું નહોતું. બલ્કે દેશને જંગલ રાજ તરફ જતો બચાવ્યો હતો, બંધારણીય જોગવાઈઓનું જતન કર્યું હતું. આ વાતને સમજવા માટે સેલવા જુડૂમ કઈ બલા છે એ પહેલાં સમજવું પડે.

સલવા જુડૂમ નકસલવાદથી સૌથી વધારે પ્રભાવિત છત્તીસગઢમાં ૨૦૦૫માં શરૂ કરાયેલું એક સંગઠન હતું અને તેનો ઉદ્દેશ માઓવાદી ઉગ્રવાદીઓ સામે લડવાનો હતો. છત્તીસગઢના આદિવાસીઓની ગોંડી ભાષામાં સલવા જુડુમનો અર્થ શાંતિ અભિયાન થાય છે પણ આ સંગઠન શાંતિ માટે નહીં પણ જંગ માટે રચાયું હતું. ભાજપ સરકારે બનાવેલા આ સંગઠનમાં આદિવાસી યુવાનોની ભરતી કરીને તેમને ‘સ્પેશિયલ પોલીસ ઓફિસર્સ’ (SPO) બનાવી દેવાયા હતા. આ યુવાનોને બંદૂકો સહિતનાં શસ્ત્રો અને હથિયારો આપીને નકસલવાદીઓ સામે લડવા માટે મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા હતા.

માઓવાદીઓ અને નક્સલવાદીઓ સામે લડવા માટે બનાવાયેલું આ સંગઠન ગેરબંધારણીય હોવાનો આક્ષેપ કરીને કેટલાક માનવાધિકારવાદીઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને સલવા જુડૂમની રચના અને તેની પ્રવૃત્તિઓની બંધારણીય માન્યતા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

જસ્ટિસ બી. સુદર્શન રેડ્ડી અને જસ્ટિસ એસ.એસ. નિજ્જરની ખંડપીઠે ડિસેમ્બર ૨૦૧૧માં સલવા જુડૂમને ગેરબંધારણીય અને ગેરકાયદેસર જાહેર કરતો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં ટિપ્પણી કરી હતી કે, આદિવાસી યુવાનોની સ્પેશિયલ પોલીસ ઓફિસર્સ તરીકે નિયુક્ત ભરતી કરીને તેમને હથિયારો આપવાં ભારતીય બંધારણની સમાનતાનો અધિકાર આપતી કલમ ૧૪ અને જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર આપતી કલમ ૨૧નું ઉલ્લંઘન કરે છે.

ચુકાદામાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું હતું કે, નક્સલવાદ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે રાજ્ય સરકારે બંધારણીય રીતે બનાવેલા કાયદેસરનાં પોલીસદળોનો ઉપયોગ કરવો જોઈએ, નાગરિકોને હથિયારો પકડાવીને બનાવેલા સંગઠનનો ઉપયોગ ના કરી શકાય. કોર્ટે સલવા જુડૂમ અને તેના સ્પેશિયલ પોલીસ ઓફિસર્સ પાસેથી શસ્ત્રો પાછાં લઈને સલવા જુડૂમનું વિસર્જન કરવા પણ આદેશ આપ્યો હતો. જસ્ટિસ રેડ્ડીની ખંડપીઠે આર્થિક અસમાનતા અને સામાજિક અન્યાયને દૂર કરવા પર ધ્યાન આપવા કહેલું કે જેથી નકસલવાદ બંધ થાય.

સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં ખોટું શું હતું ? કંઈ જ નહીં. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને બંધારણીય જોગવાઈઓ પ્રમાણે પોલીસ ફોર્સને નકસલવાદ સામે લડવા માટે ઉતારવાની સલાહ આપી હતી અને આ સલાહ સો ટકા સાચી હતી. ભારતમાં કોઈ પણ રાજ્યની આંતરિક સુરક્ષાની જવાબદારી પોલીસની જ છે ને છત્તીસગઢ ભારતમાં જ છે તેથી આ વાત છત્તીસગઢને પણ લાગુ પડે જ. માનો કે, નકસલવાદ સામે લડવા માટે પૂરતા પ્રમાણમાં પોલીસ ના હોય તો નવી ભરતી કરવી જોઈએ.

સલવા જુડૂમમાં જેમને ‘સ્પેશિયલ પોલીસ ઓફિસર્સ’ બનાવી દેવાયા એ આદિવાસી યુવકોની પોલીસમાં ભરતી કરીને તેમને કાયદેસર રીતે શસ્ત્રો આપી જ શકાય કે નહીં? રાજ્ય સરકારે તેના બદલે સામાન્ય લોકોને હથિયારો આપીને પોલીસને સમાંતર એક ફોર્સ જ બનાવી દીધી. આ ફોર્સને હથિયારો અપાયાં પણ તેમની જવાબદારી શું એ નક્કી ના કરાયું. જેની જવાબદારી નક્કી ના હોય એવું સશસ્ત્ર સંગઠન આ દેશમાં ઊભું જ કઈ રીતે થઈ શકે ?

નકસલવાદ ગંભીર સમસ્યા છે એ વાત સાચી, તેની સામે લડવા વધારે સજજ થવું પડે એ વાત પણ સાચી પણ તેના માટે થઈને લોકોને હથિયાર થોડાં આપી દેવાય ? સરકારે આપેલાં હથિયારોનો ઉપયોગ નકસલવાદ સામે લડવાને બદલે વ્યક્તિગત હિસાબો સરભર કરવા થવા લાગેલો ને તેનો ઉપાય પણ સરકાર પાસે નહોતો. સલવા જુડૂમ એક રીતે સ્ટેટ સ્પોન્સર્ડ ટેરરિઝમ હતું ને એટલે જ સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય ઠેરવી દીધું હતું. કમનસીબે સલવા જુડૂમનાં કરતૂતોની વાત કરવાના બદલે અત્યારે સારા ને સાચા ચુકાદાની ટીકા થઈ રહી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ,
સોમવાર, તા. ૨૫–૮–૨૦૨૫, વરાહ જયંતી, શંકરદેવ તિથિ

- ભારતીય દિનાંક ૩, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ–૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ–૨
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૩જો રબી ઉલ અવ્વલ,સને ૧૪૪૭
- મીસરી રોજ ૨જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭–૪૯ સુધી (તા. ૨૬), પછી હસ્ત
- ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૮–૨૮ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૩–૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૩૨ (તા. ૨૬)
- ઓટઃ સવારે ક. ૦૬–૫૮, રાત્રે ક. ૧૯–૩૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – દ્વિતીયા. વરાહ જયંતી, શંકરદેવ તિથિ (આસામ), મુસ્લિમ ૩જો રબીઉલ અવ્વલ માસારંભ, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, સૂર્ય–ચંદ્ર પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, અર્યમા પૂજન, પીપળાનું પૂજન, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, નવા વસ્રો, આભૂષણ, દુકાન–વેપાર, મિત્રતા કરવી. નોકરી દસ્તાવેજ, બાળકનું નામકરણ દેવદર્શન, અન્નપ્રાશન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ–અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા–કળશ પતાકા ચઢાવવી, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું. વિનાયક પૂજા, નવી તિજોરીની સ્થાપના, શિવ–પાર્વતી પૂજા, વિશેષરૂપે, મહાલક્ષ્મી પૂજન,
- આચમનઃ ચંદ્ર–શનિ પ્રતિયુતિ પુરુષાર્થી સ્વભાવ, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃતિના, ચંદ્ર–નેપ્ચૂન પ્રતિયુતિ અવ્યવહારું
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ પ્રતિયુતિ, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ, ચંદ્ર–નેપ્ચૂન પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ–કન્યા, માર્ગી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–કર્ક, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# સંકુચિત રાજકીય લાભ માટે ગૃહને સતત સત્ર ન ચલાવવા દેવા યોગ્ય નથીઃ અમિત શાહ

નવી દિલ્હીઃ સંસદ અને વિધાનસભાઓ દલીલો અને ચર્ચાના સ્થાન છે, પરંતુ સંકુચિત રાજકીય લાભ માટે વિપક્ષના નામે ગૃહને એક પછી એક સત્ર ચલાવવા ન દેવા એ યોગ્ય નથી, એમ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે જણાવ્યું હતું.

અમિત શાહે આ ટિપ્પણી ઓલ ઇન્ડિયા સ્પીકર્સ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે કરી હતી. સંસદનું ચોમાસુ સત્ર ત્રણ દિવસ પહેલા પૂર્ણ થયું હતું અને વિપક્ષના વિરોધને કારણે વારંવાર વિક્ષેપો અને સ્થગિત રહેવાને કારણે ખૂબ જ ઓછું કામકાજ થયું હતું. ગૃહ પ્રધાને એમ પણ કહ્યું કે જ્યારે સંસદમાં મર્યાદિત દલીલ કે ચર્ચા થાય છે ત્યારે રાષ્ટ્ર નિર્માણમાં ગૃહના યોગદાન પર અસર પડે છે. લોકશાહીમાં ચર્ચા થવી જ જોઇએ. પરંતુ કોઇના સંકુચિત રાજકીય લાભ માટે વિપક્ષના નામે ગૃહને કામ કરવા ન દેવું યોગ્ય નથી.

તેમણે જણાવ્યું કે વિપક્ષે હંમેશાં સંયમ રાખવો જોઇએ. પરંતુ જો વિપક્ષના નામે ગૃહને રોજબરોજ અથવા સત્ર–દર–સત્ર ચલાવવા દેવામાં ન આવે તો તે યોગ્ય નથી. દેશે તેના વિશે વિચારવું પડશે. લોકોએ તેના વિશે વિચારવું પડશે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ તેના વિશે વિચારવું પડશે.

શાહે જણાવ્યું કે બધી ચર્ચાઓનો કોઇને કોઇ અર્થ હોવો જોઇએ અને દરેક વ્યક્તિએ અધ્યક્ષ પદની ગરિમા અને સન્માન વધારવાની દિશામાં કામ કરવું જોઇએ. તેમણે કહ્યું કે આપણે લોકોના મુદ્દાઓ ઉઠાવવા માટે એક પૂર્વગ્રહરહિત પ્લેટફોર્મ પૂરું પાડવા માટે કામ કરવું જોઇએ. શાસક અને વિપક્ષ બંને પક્ષો તરફથી દલીલો વાજબી હોવી જોઇએ. આપણે ગૃહનું કાર્ય સંબંધિત ગૃહના નિયમો અને વિનિયમો અનુસાર થાય તેની ખાતરી કરવી પડશે. ■

# મણિપુરમાં ચાર ત્રાસવાદી પકડાયા

ઈમ્ફાલ : સુરક્ષા દળોએ મણિપુરના ઈમ્ફાલ ઈસ્ટ અને બિષ્ણુપુર જિલ્લામાં વિવિધ પ્રતિબંધિત સંગઠનના ચાર ત્રાસવાદીની ધરપકડ કરી હતી. કાન્ગલૈપક કમ્યુનિસ્ટ પાર્ટીના સક્રિય કાર્યકર્તાને ઈમ્ફાલ ઈસ્ટના ખુરાઈ થાન્ગજામના તેના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે પીપલ્સ લિબરેશન આર્મીના સભ્યને શનિવારે ચિન્ગારેલ તેજપુરથી પકડવામાં આવ્યો હતો.

કેસીપી (નોન્ગડ્રે નખોમ્બા)ના સભ્યની શનિવારે બિષ્ણુપુરના નિન્ગથૌખોન્ગના તેના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી. સુરક્ષા દળોએ પીઆરઈપીએકે (પીઆરઓ)ના સક્રિય કાર્યકર્તાની ઈમ્ફાલ ઈસ્ટના અંગથા ગામમાંથી ધરપકડ કરી હતી. (એજન્સી) ■

# ગગનયાન મિશન આત્મનિર્ભર ભારતની યાત્રામાં એક નવા અધ્યાયનું પ્રતીકઃ રાજનાથ સિંહ

નવી દિલ્હીઃ ગગનયાન મિશન આત્મનિર્ભર ભારતની યાત્રામાં એક નવા અધ્યાયનું પ્રતીક છે અને અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ પસંદ કરાયેલા અવકાશયાત્રીઓ દેશના રત્નો અને રાષ્ટ્રીય આકાંક્ષાઓના પ્રણેતાઓ છે, એમ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રવિવારે જણાવ્યું હતું.

ભારતીય વાયુસેના દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સિંહે ચાર અવકાશયાત્રીઓનું સન્માન કર્યું હતું. આ સમારોહનું આયોજન એક્સિઓમ ૪ મિશનની સફળતા બાદ કરવામાં આવ્યું છે. જેમાં શુક્લા ટીમના સભ્યો હતા અને તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સિંહે જણાવ્યું કે આપણે અવકાશને માત્ર સંશોધનના ક્ષેત્ર તરીકે જ નહીં પરંતુ આવતીકાલના અર્થતંત્ર, સુરક્ષા, ઊર્જા અને માનવતાના ભવિષ્ય તરીકે જોઇએ છીએ. તેમણે કહ્યું કે ભારત પૃથ્વીની સપાટીથી આગળ અવકાશની નવી સીમાઓ તરફ સતત આગળ વધી રહ્યું છે.

સંરક્ષણ પ્રધાને જણાવ્યું કે આપણે ચંદ્રથી લઇને મંગળ સુધી આપણી હાજરી નોંધાવી છે અને આજે દેશ ગગનયાન જેવા મિશન માટે સંપૂર્ણપણે તૈયાર છે.

તેમણે આ સિદ્ધિને માત્ર એક ટેક્નોલોજીકલ માઇલસ્ટોન જ નહીં પરંતુ આત્મનિર્ભર ભારતનો એક નવો અધ્યાય ગણાવ્યો હતો. જ્યારે આપણે વિશ્વની અગ્રણી અવકાશ શક્તિઓ વચ્ચે ગર્વથી ઊભા છીએ.

સિંહે ભારપૂર્વક જણાવ્યું કે ભારતનો અવકાશ કાર્યક્રમ માત્ર પ્રયોગશાળાઓ અને પ્રક્ષેપણ યાનો પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ આપણી રાષ્ટ્રીય આકાંક્ષાઓ અને વૈશ્વિક દ્રષ્ટિકોણનું પ્રતિબિંબ છે. તેમણે કહ્યું કે ચંદ્રયાનથી લઇને મંગળયાન સુધી આપણે દર્શાવ્યું છે કે મર્યાદિત સંસાધનો હોવા છતાં અમર્યાદિત ઇચ્છાશક્તિ સૌથી પડકારજનક લક્ષ્યોને નોંધપાત્ર સિદ્ધિઓમાં પરિવર્તિત કરી શકે છે. ■

# દિલ્હી એરપોર્ટ પર ₹ ૨૫ કરોડનો ગાંજો જપ્ત

નવી દિલ્હીઃ દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એક મુસાફર પાસેથી લગભગ ૨૫ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હોવાનું કસ્ટમ્સ વિભાગે રવિવારે જણાવ્યું હતું.

એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યા અનુસાર ૨૧ ઓગસ્ટના રોજ સિંગાપોર થઇને બેંગકોકથી નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ (આઇજીઆઇ) એરપોર્ટના ટર્મિનલ ૩ પર પહોંચતા એક ભારતીયને રોકવામાં આવ્યો હતો. ફરજ પર તહેનાત કસ્ટમ અધિકારીઓ દ્વારા મુસાફરને તેના અંગત સામાનના એક્સ–રે અને સામાનની તપાસ માટે ગ્રીન ચેનલ પર લઇ જવામાં આવ્યો હતો. પોસ્ટમાં જણાવાયું છે કે ત્યારબાદ મુસાફર દ્વારા લઇ જવામાં આવતી બ્લૂ અને ડાર્ક ગ્રે રંગની ટ્રોલી બેગની તપાસ કરતાં ૨૫ કાળા રંગના પોલીથીન પેકેટ મળી આવ્યા હતા. જેમાં લીલા રંગનો માદક પદાર્થ હતો. જે ગાંજો/ મારિજુઆના હોવાની શંકા હતી. જેનું કુલ વજન ૨૪૮૧૪ ગ્રામ(શુદ્ધ વજન) હતું. જ્યારે આ પદાર્થનું ક્લિનિકલ પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે પ્રથમ દ્રષ્ટિએ તે ગાંજો/મારિજુઆના હોવાનું જણાયું હતું. જેની કિંમત લગભગ ૨૪.૮ કરોડ રૂપિયા હોવાનું કસ્ટમ્સ વિભાગે જણાવ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર મુસાફરની ધરપકડ કરવામાં આવી છે અને ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. આરોપીની ઓળખ અંગે વધુ જાણકારી આપવામાં આવી નથી. આ મામલે વધુ તપાસ ચાલી રહી હોવાનું જણાવાઇ રહ્યું છે. ■



જળબંબાકાર : ઝારખંડના ચતરા જિલ્લામાં ભારે વરસાદને લીધે વિસ્તાર સરોવર બની ગયો હતો. (પીટીઆઈ)

# ‘મત ચોરી’ પછી હવે ‘સત્તા ચોરી’ ના કામે લાગ્યો ભાજપઃ ખડગે

નવી દિલ્હીઃ કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે ‘પીએમ, મુખ્ય પ્રધાન અને મંત્રીઓ’ને હટાવવાના બિલ પર કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ‘મત ચોરી’ કર્યા પછી ભાજપ હવે ‘સત્તા ચોરી’ કરવામાં વ્યસ્ત છે. ભાજપ ૩૦ દિવસમાં વિપક્ષી સરકારોને તોડી પાડવા અને ધરપકડનો હથિયાર તરીકે ઉપયોગ કરીને લોકશાહીને અસ્થિર કરવા માટે બિલ લાવી રહી છે.

ખડગેએ દાવો કર્યો હતો કે આ બિલ નાગરિકોનો ચૂંટાયેલી સરકાર બનાવવા કે હટાવવાનો અધિકાર છીનવી લે છે અને આ શક્તિ ઈડી–સીબીઆઇ જેવી સંસ્થાઓને આપી દે છે. કૉંગ્રેસ પ્રમુખે કહ્યું હતું કે , ‘‘આ લોકશાહી પર બુલડોઝર ચલાવવા જેવું છે.’’ તેમણે અહીં ઇન્દિરા ભવન ખાતે હરિયાણા અને મધ્ય પ્રદેશના જિલ્લા કૉંગ્રેસ સમિતિઓ (ડીસીસી) ના નવનિયુક્ત પ્રમુખો સાથેની બેઠકમાં પોતાના પ્રારંભિક નિવેદનમાં આ ટિપ્પણી કરી હતી.

ખડગેએ જિલ્લા કૉંગ્રેસ પ્રમુખોને બૂથ અને મંડલ સમિતિઓની રચનામાં ખાસ કાળજી લેવા અને ખાતરી કરવા કહ્યું કે આ સમિતિઓના લોકો પક્ષ પ્રત્યે વફાદાર હોય અને કૉંગ્રેસની વિચારધારાથી ભટકે નહીં. બધા લોકોએ પક્ષ પ્રત્યે વફાદાર અને મહેનતુ રહેવું જોઈએ.

ખડગેએ કહ્યું હતું કે, ‘‘જિલ્લા પ્રમુખ તેમના હેઠળ બ્લોક સમિતિ બનાવે છે. તેઓ મંડળ અને બૂથ સમિતિઓ બનાવે છે. જ્યારે તમે આ સમિતિઓ બનાવો છો ત્યારે ખાસ ધ્યાન રાખો કે આ બધા લોકો પક્ષ પ્રત્યે વફાદાર અને મહેનતુ હોય. સૌથી મહત્ત્વની વાત એ છે કે તેઓ કૉંગ્રેસની વિચારધારાથી ભટકે નહીં.’’ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભલે કોઈ તેમને લાલચ આપે, તેમની વફાદારી કૉંગ્રેસ પ્રત્યે જ રહેવી જોઈએ, આવા લોકોની જરૂર છે.

ખડગેએ કહ્યું હતું કે કૉંગ્રેસે તેના મજબૂત સંગઠનને કારણે લાંબા સમય સુધી દેશ પર શાસન કર્યું છે અને મંત્રીઓ માટે જ્યારે પણ તેઓ કોઈપણ જિલ્લામાં જાય ત્યારે પહેલા જિલ્લા પ્રમુખનો સંપર્ક કરવો મહત્વપૂર્ણ છે. તેમણે હરિયાણા અને મધ્ય પ્રદેશના જિલ્લા કૉંગ્રેસ વડાઓને કહ્યું હતું કે, ‘‘જિલ્લા પ્રમુખ કૉંગ્રેસ સંગઠનની સૌથી મજબૂત કડી છે. જો રાજ્યમાં સરકાર બનાવવી હોય તો વિધાનસભામાં ઉમેદવારને જીત અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો દેશમાં સરકાર બનાવવી હોય તો લોકસભા જીતવા માટે તમારા સમર્થનની જરૂર છે.’’

તેમણે કહ્યું હતું કે, ‘‘વચ્ચે આ પરંપરામાં થોડો ફેરફાર થયો. મંત્રીઓએ તેમના મનપસંદ લોકોને જિલ્લા પ્રમુખ બનાવવાનું શરૂ કર્યું. ક્ષમતા અને વિચારધારાને અવગણવામાં આવવા લાગી. રાહુલ (ગાંધી) અને મને સમજાયું કે સંગઠનને મજબૂત કર્યા વિના જિલ્લા પ્રમુખોને મહત્વ આપ્યા વિના આપણે મજબૂત રીતે સત્તામાં પાછા ફરી શકતા નથી.’’ ખડગેએ કહ્યું હતું કે તાજેતરમાં રાહુલ ગાંધીએ કર્ણાટકની મહાદેવપુરા બેઠક પર ષડયંત્રના ભાગ રૂપે વ્યૂહાત્મક રીતે મતોની ચોરી કેવી રીતે કરવામાં આવી હતી તે અંગે વિગતવાર રજૂઆત કરી હતી.

તેમણે કહ્યું, અમને છ મહિનાના સંશોધન પછી આ બધું ખબર પડી.ચૂંટણી પંચે શરૂઆતમાં કોઈ જવાબ આપ્યો ન હતો. હવે આખો દેશ આ સમજી રહ્યો છે. બિહારમાં એસઆઇઆર પર ભાજપ સરકાર અને ચૂંટણી પંચના નિવેદનને સુપ્રીમ કોર્ટ દ્વારા આંચકો લાગ્યો છે. ■

# અનિશ દયાલ સિંહની ડેપ્યુટી એનએસએ તરીકે નિમણૂક

નવી દિલ્હી : સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (આરપીએફ)ના અને ઈન્ડો–તિબેટન બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના ડિરેક્ટર જનરલ અનિશ દયાલ સિંહની ડેપ્યુટી નેશનલ સિક્યોરીટી એડવાઈઝર (રાષ્ટ્રીય સુરક્ષા નાયબ અધિકારી) તરીકે નિમણૂક કરવામાં આવી હતી. સિંહ ઈન્ડિયન પોલીસ સર્વિસની ૧૯૮૮ની બેચના મણિપુર કેડરના છે. તેઓ ડિસેમ્બર ૨૦૨૪માં નિવૃત્ત થયા હતા. તેઓ ખાસ્સો અનુભવ ધરાવે છે. તેમણે ૩૦ વર્ષ સુધી ઈન્ટેલિજન્સ બ્યૂરોમાં કામ કર્યું હતું. ત્યાર બાદ તેઓ સીઆરપીએફ અને આઈટીબીપીના વડા બન્યા હતા. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે સિંહ જમ્મુ અને કાશ્મીર અને નક્સલ તથા ઈશાન ભારતની બંડખોરી સહિતની આંતરિક પરિસ્થિતિના ઈન્ચાર્જ હશે. રોના ભૂતપૂર્વ વડા રાજિન્દર ખન્ના વધારાના એનએસએ છે, જ્યારે નિવૃત્ત આઈપીએસ ઑફિસર ટીવી રામચંદ્રન અને નિવૃત્ત આઈએફએસ ઑફિસર પવન કપૂર ડેપ્યુટી એનએસએ છે. સિંહે કેન્દ્રીય અનામત પોલીસ દળના વડા તરીકે નક્સલવાદને ડામવાનું કામ કર્યું હતું. તેમણે નક્સલગ્રસ્ત વિસ્તારોમાં ત્રણ ડઝન ઓપરેટિંગ બેઝ બનાવ્યા હતા. તેમણે ડાબેરી આતંકવાદ પ્રભાવિત વિસ્તારોમાં ચાર નવી બટાલિયન ઉમેરી છે. ૨૦૨૪ લોકસભા ચૂંટણી અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં પ્રથમ વિધાનસભાની ચૂંટણી દરમિયાન તેમણે સુરક્ષા જાળવી હતી. (એજન્સી)

# ભારતના રાજદૂત ‘ન્યાયી વેપાર’ માટે અમેરિકાના સાંસદોને મળ્યા

નવી દિલ્હી : નવી દિલ્હી અને વૉશિંગ્ટન વચ્ચે ટેરિફ મામલે તંગદિલી છે ત્યારે ભારતના રાજદૂત વિનય મોહન કાત્રા અમેરિકા સાથે ‘ન્યાયી, સમતોલ અને પારસ્પરિક લાભવાળા વેપાર’ સંબંધો માટે અમેરિકાના સાંસદોને મળ્યા હતા. ભારતના રાજદૂત છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકાના ચાર સાંસદોને અને નવ ઓગસ્ટથી ૨૩ સંસદસભ્યોને મળ્યા હતા. કાત્રાની સોશ્યલ મીડિયામાં મૂકેલી પોસ્ટ પ્રમાણે તેઓ શનિવારે સીપાવર એન્ડ પ્રોજેકશન ફોર્સિસની પેટાસમિતિના રેન્કિંગ મેમ્બર જો કોર્ટનીને મળ્યા હતા અને બે દેશના દ્વિપક્ષીય સંબંધોને ટેકો આપવા માટે તેમનો આભાર માન્યો હતો. કાત્રાએ પોસ્ટમાં લખ્યું હતું કે વેપાર અને આર્થિક સહકાર અંગેનું અમારું પરિપ્રેક્ષ્ય સમજાવ્યું હતું. નિષ્પક્ષ, સમતોલ અને પારસ્પરિક લાભવાળા વેપાર સંબંધોની જરૂરિયાતની પણ જોનને જાણ કરાઈ હતી. કાત્રાએ ગૃહની વિદેશ બાબતની સમિતિના વાઈસ રેન્કિંગ મેમ્બર ગાબે અમો સાથે પણ વાતચીત કરી હતી. (એજન્સી)

# ધરોઈ ડેમમાંથી પાણી છોડાતાં અમદાવાદમાં સાબરમતી નદી ગાંડીતૂર

## બાકરોલ ગામ નજીક ૨૫ શ્રમિકોનું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદથી જનજીવન ખોરવાયું છે, ધોધમાર વરસાદથી રાજ્યના મોટાભાગના ડેમો છલકાયા છે. ઉત્તર ગુજરાતના ધરોઈ અને સંત સરોવર ડેમમાંથી પાણી છોડાતાં અમદાવાદની સાબરમતી નદી બંને કાંઠે વહેવા લાગી છે. સાબરમતી નદીમાં પાણીનું સ્તર વધતાં રિવરફ્રન્ટ પરના નીચાણવાળા વિસ્તારો અને વોક-વે પર પાણી ફરી વળ્યા હતા. જેમાં બાકરોલ ગામ નજીક નદીના પાણીના પ્રવાહમાં ફસાયેલા ૨૫ જેટલાં શ્રમિકોનું રેસક્યૂ કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, સાબરમતી નદીમાં ડેમનું પાણી છોડવામાં આવ્યું હતું, ત્યારે નદીમાં પાણીનો પ્રવાહ તેજ બન્યો હતો. જેમાં નદીમાં જળસ્તર વધતાં અમદાવાદના સરખેજ નજીક આવેલા બાકરોલ ગામ પાસે નદી પર બની રહેલા ઓવરબ્રિજની કામગીરીમાં રોકાયેલા ૨૦થી ૨૫ જેટલા શ્રમિકો ફસાયા હતા. સમગ્ર ઘટના મામલે અમદાવાદ ફાયર વિભાગની ટીમ ચાર-પાંચ ગાડીઓ અને ત્રણ બોટ સાથે પહોંચી હતી. આ પછી નદીના પ્રવાહમાં ફસાયેલા શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુભાષ બ્રિજ પાસે બુલેટ ટ્રેનની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન જ્યારે સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું ત્યારે બુલેટ ટ્રેનની કામગીરી માટેનો કેટલોક સામાન પણ તણાયો હોવાનું બહાર આવ્યું હતું.

ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતા અમદાવાદમાં સાબરમતી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આના પરિણામે વાસણા બેરેજના ૨૪થી ૨૮ જેટલા દરવાજા ખોલી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવાની સૂચના આપવામાં આવી હતી. સાબરમતી નદી તેના બે કાંઠે વહી રહી છે અને નદીમાં નવા પાણીની ભારે આવક નોંધાઈ હતી, જેનાથી નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. નોંધવા જેવી બાબત એ છે કે, રિવરફ્રન્ટ પર ૧૫ ફૂટ સુધી પાણી ભરાતા સાપ પણ કિનારે તરતા જોવા મળ્યા હતા. ■

# વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવા અમદાવાદને રોશનીથી શણગારાયું

(અમારા પ્રતિનિધિ તરફી)

અમદાવાદઃ વડા પ્રધાન મોદી ૨૫મી તરીખથી ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. પીએમ મોદી અમદાવાદ એરપોર્ટથી સીધા જ નિકોલ જવાના છે. આ દરમિયાન પીએમ મોદી કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકોર્પણ કરશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ કરવા માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. નરોડા હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ ખોડલધામ ગ્રાઉન્ડ સુધીના દોઢ કિલોમીટરના રોડ શો માટે સમગ્ર માર્ગને તિરંગા અને અન્ય બેનરોથી શણગારવામાં આવ્યો છે.

પીએમ મોદીના પ્રવાસ અંગે અમદાવાદમાં પોલીસ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા વાહનવ્યવહારના નિયમો માટે એક જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૫મી ઓગસ્ટે નિકોલ ખાતે કરોડો રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ બાદ ભાષણ પણ આપવાના છે. પીએમ મોદી નરોડાથી નિકોલ ખોડલધામ ગ્રાઉન્ડ સુધી લગભગ ૧.૫ કિલોમીટરનો રોડ શો પણ કરશે. આ કાર્યક્રમની તૈયારીઓનું રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ અને રાજ્યકક્ષાના પ્રધાન જગદીશ પંચાલ સહિત અમદાવાદ શહેર ભાજપના તમામ હોદ્દેદારો દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ■

# ઉપરવાસમાં ભારે વરસાદથી સાબરમતી નદી બે કાંઠે, અમદાવાદ સહિત ત્રણ જિલ્લા એલર્ટ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉપરવાસમાં છેલ્લા થોડા દિવસથી થયેલા અતિભારે વરસાદના કારણે ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતા અમદાવાદમાં સાબરમતી નદી બે કાંઠે વહી રહી છે. સુભાષ બ્રિજ પાસે રિવરફ્રન્ટ પરથી સાબરમતી નદીના પાણી ધસમસતા પ્રવાહમાં પસાર થઈ રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અમદાવાદ ગ્રામ્ય, ખેડા અને નડિયાદ જિલ્લાના નીચાણવાળાં ગામોને સાવચેત કરી એલર્ટ પર મૂકવામાં આવ્યા છે.

ગાંધીનગરના સંત સરોવરમાંથી સાબરમતી નદીમાં ૬૦,૦૦૦ ક્યુસેકથી વધુ પાણીની આવક દેખાઈ રહી છે. આ પાણી વાસણા બેરેજ ખાતે પહોંચતા, તંત્ર દ્વારા શનિવાર રાતથી જ વાસણા બેરેજના ૨૫ ગેટ ૬ ફૂટ જેટલા ખોલી દેવામાં આવ્યા હતા.

વાસણા બેરેજમાંથી સાબરમતી નદીમાં ૩૫,૦૦૦ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના કારણે નદીમાં પાણીની પુષ્કળ આવક જોવા મળી રહી છે. સાબરમતી નદીમાં નવા નીરની આવક જોવા માટે મોટી સંખ્યામાં લોકો બ્રિજ ઉપર એકઠા થયા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની પૂરતી તકેદારી રાખવા માટે સુભાષ બ્રિજ સહિતના વિસ્તારોમાં સુરક્ષા અને પોલીસ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો હતો. હજી પણ આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદની આગાહી હોવાથી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોને સતર્ક રહેવા અને સલામતી જાળવવા માટે સૂચના આપવામાં આવી હતી. ■

# પંચમહાલના પાનમ ડેમમાં પાણીની ૯૦ ટકા આવકઃ નદીકાંઠાનાં ગામોને એલર્ટ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં ઘણા સમયથી મેઘરાજા ધડબડાટી બોલાવી રહ્યા છે. એવામાં પંચમહાલના પાનમ ડેમમાં પાણીની આવક થઈ રહી છે. જોકે, પાણીની ભરપૂર આવકના કારણે પાનમ ડેમ હાઇ એલર્ટ મોડ પર છે.

રાજ્યભરમાં ભારે વરસાદથી પંચમહાલના પાનમ ડેમમાં પાણીની આવક થઈ રહી છે. પાનમ ડેમમાં ૪૦૫૦ પાણીની આવક થઈ હતી. પાનમ ડેમની જળ સપાટી હાલ ૧૨૬.૬૦ મીટર પહોંચી હતી. જ્યારે પાનમ ડેમનું રૂલ લેવલ ૧૨૭.૫ મીટરે પહોંચી હતી. ૯૦.૪૫ હાલ પાનમ ડેમ ભરાતા પાનમ ડેમને હાઇ એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાનમ વિભાગ દ્વારા ડેમમાંથી પાણી છોડવામાં આવતું હોવાથી નદી કાંઠાના વિસ્તારના ગામોને પણ સાવચેત કરવામાં આવ્યા હતા. આ સિવાય કોઈને નદી કાંઠે ન આવવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. જ્યાં સુધી આગળ કોઈ જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી નદીથી દૂર રહેવાનું કહેવામાં આવ્યું હતું. ■

# ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ લાજપોર જેલમાં કેદીઓને લાડુનું વિતરણ કર્યું, ગુનાખોરીથી દૂર રહેવા સૂચન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની લાજપોર જેલમાં પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ આ ખાસ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને લાજપોર જેલમાં કેદ બંદીવાનોને લાડુનું વિતરણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં રાજ્ય ગૃહપ્રધાન હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. હર્ષભાઈ સંઘવીએ બંદીવાનોને ગુનાખોરીથી દૂર રહેવા અને જવાબદાર નાગરિક તરીકે જીવન જીવવા સૂચન કર્યું હતું. ભગવાન મહાવીર સ્વામીના જન્મનું વાંચન નિમિત્તે પારણું ઝૂલાવાનો કાર્યક્રમ યોજાયો હતો. હર્ષ સંઘવીએ ઝૂલા ઝૂલાવ્યા હતા. ■

# અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર ૧૦ કિમી. લાંબો ટ્રાફિકજામ, વાહનચાલકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફી)

અમદાવાદઃ અમદાવાદ-મુંબઇ નેશનલ હાઈવે નંબર ૪૮ પર ટ્રાફિકજામની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. નેશનલ હાઈવે પર ૧૦ કિલોમીટરના લાંબા ટ્રાફિકજામમાં વાહનચાલકો ફસાયા હતાં. પોર બ્રિજ પર સૌથી વધુ ૮ કિમી સુધી ટ્રાફિકજામ જોવા મળ્યો હતો, જ્યારે જામ્બુવા તથા બામણગામ બ્રિજ પર એક-એક કિમી. લાંબો જામ સર્જાયો હતો. જામ્બુવા બ્રિજ પાસેથી રોડની પ્રોટેકશન વોલની માટી ધસી પડતા વાહનવ્યવહાર ખોરવાયો હતો. આ સાથે બ્રિજ પર પડેલા મોટા ખાડાઓના કારણે ટ્રાફિકજામની પરિસ્થિતિ વધુ વિકટ બની ગઈ હતી. રવિવારે સવારે લાંબો સમય સુધી અસંખ્ય વાહનચાલકો ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા હતા. સતત ઉદ્ભવતી ટ્રાફિકની સમસ્યા સામે તંત્ર દ્વારા બેઠક બોલાવી માર્ગ સુધારાના આશ્વાસન અપાયા હોવા છતાં હાઈવે પરની સ્થિતિ વધારે વિકટ બની રહી છે. છાશવારે ઉદભવતી ટ્રાફિકજામની સમસ્યાના કારણે લોકો વાંરવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. ■

# ગુજરાતમાં સિઝનનો ૮૧ ટકા વરસાદ નોંધાયો

## ૧૬૭ તાલુકામાં ૨૦ ઈંચથી વધુ મેઘમહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અત્યારસુધી સરેરાશ ૨૮.૩૭ ઈંચ સાથે ૮૧ ટકા વરસાદ વરસી ચૂક્યો હતો. જેમાં ૩૭ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે ૨૦૭ જળાશયોમાં સરેરાશ જળસ્તર ૭૮.૮૨ ટકાએ પહોંચી ગયું છે. ૫૯ જળાશયો છલોછલ ભરાયા છે જ્યારે ૭૮ જળાશયો હાઈએલર્ટ જાહેર કરાયા હતા.

કચ્છમાં સૌથી વધુ ૮૪.૫૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૮૪.૩૮ ટકા, ઉત્તર ગુજરાતમાં ૮૩.૫૯ ટકા અને સૌરાષ્ટ્રમાં ૮૧.૨૫ ટકા વરસાદ નોંધાયો હતો. વલસાડમાં સૌથી વધુ ૪.૨૯ ઈંચ વરસાદ નોંધયો હતો. ગુજરાતના ૪૨ તાલુકા એવા છે, જ્યાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ જિલ્લામાં ૨૩૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સરેરાશ ૨૩.૬૨ મિમી વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગ અનુસાર આજે ભારેથી અતિ ભારે વરસાદ માટે સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં રેડ ઍલર્ટ જ્યારે અરવલ્લી, મહીસાગર, ડાંગ, તાપી, જૂનાગઢ, કચ્છમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું હતું. હાલ ગુજરાતના ૬૪ જળાશયોમાં ૧૦૦ ટકા, ૭૪ જળાશય ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૨૯ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા, ૨૨૬ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકા જ્યારે ૧૭ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછું જળસ્તર છે. ■

# સુરતમાં પોલીસના જાપ્તામાંથી ફરાર થયેલા બે આરોપીમાંથી એક ઝડપાયો, બીજો હજુ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાંથી પોલીસને હાથતાળી આપી બે કેદી ફરાર થયા હોવાની ઘટના બનતા ચકચાર મચી ગઈ હતી. જેમાંથી શુભમ નામના કેદીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે સિંગણપોર વિસ્તારમાંથી આરોપીને ઝડપી પાડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શુભમ નામના આરોપીની પોક્સોના ગુના હેઠળ ધરપકડ કરી હતી. જો કે, બીજો આરોપી હજુ ફરાર છે.

મળતી માહિતી અનુસાર, સુરતના ચોક બજાર પોલીસે દુષ્કર્મ અને પોક્સોના ગુનામાં ધરપકડ કરાયેલા આરોપી શુભમ શર્માને રાજકોટ ખાતે જેલ હવાલે કરાયો હતો. જ્યારે ગત શુક્રવારે આરોપીને સેશન્સ કોર્ટમાં રજૂ કરવા માટે લાવ્યા હતા,પરંતુ કોર્ટમાં રજૂઆત દરમિયાન આરોપીને ખેંચ આવતા તે બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. આ દરમિયાન આરોપી હોસ્પિટલમાં સારવાર દરમિયાન પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો. જો કે, પોલીસે શુભમ શર્માની સિંગણપોર વિસ્તારમાંથી ઝડપીને ફરી જેલ હવાલે કર્યો છે.

મૂળ મહારાષ્ટ્રના અને હાલ પલસાણામાં રહેતા ઉત્તમ ધનગઢ વિરુદ્ધમાં કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં મે ૨૦૨૫માં હત્યાનો ગુનો નોંધાયો હતો. સમગ્ર મામલે પોલીસે આરોપીની ધરપકડ કરીને જેલ હવાલે કર્યો હતો. પરંતુ આરોપીને ખભાના ભાગે ઈજા થતાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો.

જ્યાંથી આરોપી અચાનક પોલીસકર્મીઓને ધક્કો મારી હાથકડી સાથે ભાગી છૂટ્યો હતો. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં બે ગંભીર ગુનાના આરોપીઓ પોલીસ જાપ્તામાંથી ભાગી જતાં પોલીસ સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા હતા. સમગ્ર ઘટનાને પગલે ખટોદરા પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે. ■

# દિવાળી-છઠ પૂજા અગાઉ ટ્રેનો હાઉસફૂલ, ટિકિટ માટે 'રિગ્રેટ', મુસાફરો પરેશાન

અમદાવાદઃ ઓક્ટોબરમાં આવનારી દિવાળી અને છઠ પૂજાને લઈને રેલવેમાં મુસાફરી માટે બુકિંગ ફુલ ગયું હતું. તહેવારોને ધ્યાનમાં રાખીને ૬૦ દિવસ પહેલાં શરૂ થયેલું એડવાન્સ બુકિંગ ચાલુ થતાની સાથે જ દિલ્હી, વારાણસી, પટના, જયપુર સહિત ઉત્તર ભારત તરફ જતી ટ્રેનો મિનિટોમાં જ હાઉસફુલ થઈ ગઈ હતી. અત્યારે મોટાભાગની ટ્રેનોમાં વેઇટિંગ ટિકિટ પણ ઉપલબ્ધ નથી અને મુસાફરોને રિગ્રેટ મેસેજ મળી રહ્યો હતો. આ વર્ષે પણ ૨૨ ઓક્ટોબર સહિતના છઠ પૂજાના દિવસો માટેની ટ્રેનોના ટિકિટો બુકિંગની સાથે જ 'સોલ્ડ આઉટ' થઈ ગઈ હતી.

દિલ્હી, વારાણસી અને પટનાની તમામ ટ્રેનો કરતાં પણ વધુ પરેશાની બિહાર જતા મુસાફરોને થઈ રહી છે. તારીખ ૧૬થી ૨૦ ઓક્ટોબર સુધીની મુંબઈ-અમદાવાદ લાઈનથી ઉત્તર ભારત જતી તમામ મુખ્ય ટ્રેનો ફુલ છે. ૧૬ થી ૧૯ ઓક્ટોબર સુધી દિલ્હી, વારાણસી, પટના અને કોલકાતા જતી ટ્રેનો ફૂલ હોવાથી રિગ્રેટનો મેસેજ આવે છે. જોકે, જયપુર, પુરી, ચેન્નઈ તથા ગોવા જતી ટ્રેનોમાં કેટલીક જગ્યાએ વેઇટિંગ ટિકિટ ઉપલબ્ધ છે. અત્યારે મુસાફરો માટે એકમાત્ર વિકલ્પ તરીકે તત્કાલ ટિકિટ અથવા રેલવે દ્વારા જાહેર થનારી 'હોલિડે સ્પેશિયલ' ટ્રેનો જ આશરો બની શકે છે. ■

# સુરતના અડાજણમાં ગણેશ આગમનમાં સ્ટેજ તૂટી પડ્યો : અનેક લોકો ઘાયલ,

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ગણેશોત્સવના પગલે મોટા સ્ટેજ બનાવવામાં આવી રહ્યા છે. જો કે કેટલાક આયોજકોએ ગણેજીની આગમન યાત્રામાં રાખેલી બેદરકારી ગણેશ ભક્તો માટે હાનિકારક બની હતી. સુરતના અડાજણમાં એક ગણેશ આગમન યાત્રામાં સ્ટેજ ઓવર લોડ થતા તૂટી પડ્યું હતું અને અનેક લોકોને ઈજા થઈ હતી. શનિવારે મોડી રાત્રે અડાજણ પ્રાઈમ આર્કેડ વિસ્તારમાં ગાર્ડન ગ્રુપ દ્વારા ગણેશ આગમન યાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રા જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. સ્ટેજ પર ક્ષમતા કરતાં વધુ લોકો ભેગા થતા સ્ટેજ ધરાશાયી થઈ ગયો હતો અને અનેક લોકોને ઈજા થઈ હતી.

હજારો લોકો ભેગા થયા હતા ત્યાં સ્ટેજ ધરાશાયી થતા લોકોની ચિચિયારી સાંભળી દોડાદોડી થઈ ગઈ હતી અને ભયનો માહોલ છવાયો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં આયોજકોની બેદરકારી અને સંભાળવામાં બેદરકારી અને સુરક્ષા વ્યવસ્થાની ચર્ચા થઈ રહી છે. ■

# અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫નો રંગારંગ પ્રારંભ

અમદાવાદઃ કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો.

કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫નો પ્રારંભ કરાવતા કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે અમદાવાદના આંગણે આજે આ ચેમ્પિયનશિપનો પ્રારંભ થઈ રહ્યો છે. આવા આયોજનો દેશના ઉભરતા એથ્લિટસની પ્રેરણાનું કેન્દ્ર બનવા સાથે એથ્લિટ્સને પ્રોત્સાહન પૂરું પાડશે. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે દેશમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ નિર્માણ પામી રહી છે.

માંડવિયાએ જણાવ્યું હતું કે દેશમાં પ્રાચીન સમયથી જ રમતગમત ક્ષેત્ર સમાજનો આગવો હિસ્સો રહ્યું છેઅને સતત વિકસી રહ્યું છે. દેશના વડા પ્રધાન બન્યા બાદ નરેન્દ્રભાઈ મોદીએ 'ખેલો ઈન્ડિયા' અને 'ફિટ ઇન્ડિયા'નો નારો આપ્યો. દેશના એથ્લિટ્સને આંતરાષ્ટ્રીય સ્તરની રમતો માટે તૈયાર કરવા અને દેશમાં સુઆયોજિત સ્પોર્ટ્સ કલ્ચર ડેવલપ કરવા તેમણે ઘણા મહત્ત્વના રિફોર્મ્સ કર્યા.

સ્પોર્ટ્સ પોલિસી વિશે વાત કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે સ્પોર્ટ્સ પોલિસી સ્પોર્ટ્સને ઍક્સેસિબલ બનાવીને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈકો સિસ્ટમને મજબૂત કરવાનું કાર્ય કરે છે. વડા પ્રધાનના માર્ગદર્શનમાં સ્પોર્ટ્સ પોલિસીમાં ગુડ ગવર્નન્સ પણ લાગુ કરાયું છે. સ્પોર્ટ્સ ગવર્નન્સ એથ્લિટ્સ સેન્ટ્રીક બનાવવા સાથે મહિલાઓને ફેડરેશનમાં પ્રતિનિધિત્વ મળે અને સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમમાં આવવાનો મોકો મળે એ સ્પોર્ટ્સ ગવર્નન્સ સુનિશ્ચિત કરે છે. આ ઉપરાંત, સ્પોર્ટ્સ પોલિસીમાં ગુડ ગવર્નન્સ થકી દિવ્યાંગોને પણ સ્પોર્ટ્સમાં સરખું પ્રતિનિધિત્વ મળે એ દિશામાં કામગીરી કરવામાં આવે છે એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં વાત કરતા કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું કે સ્પોર્ટ્સ આપણી વિરાસત છે. ડેમોગ્રાફિક ડિવિડન્ડ આપણી પુંજી છે, જેનો લાભ લઈને ભારતને દુનિયાના ટોપ ટેન સ્પોર્ટ્સ કન્ટ્રીમાં પહોંચાડવાનો વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સંકલ્પ કર્યો છે. વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારતની સંકલ્પના સાકાર કરીને ટોપ-૫ સ્પોર્ટિંગ કન્ટ્રીઝમાં સ્થાન મેળવવા પણ આપણે પ્લાન બનાવીને એ દિશામાં કામ કરવાનું શરૂ કરી દીધું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું કે આપણા વેઇટલિફ્ટર્સ આ રમતમાં સુંદર સફળતા મેળવી રહ્યા છે. આવી વધુને વધુ પ્રતિયોગિતાઓ આપણા યુવાઓને સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ વધવા આગવી પ્રેરણા પૂરી પાડશે. સાથે જ, મંત્રીએ તમામ આયોજક સંસ્થાઓનો આભાર વ્યક્ત કરતા તેમને અભિનંદન પાઠવ્યા હતા.

ઈન્ટરનેશનલ વેઇટલિફ્ટિંગ ફેડરેશનના પ્રેસિડેન્ટ મહોમ્મદ હસન જલૂદ અલ શમ્મારીએ જણાવ્યું હતું કે આ ઇવેન્ટ ૨૦૨૬માં ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સની ક્વોલિફાયર ઇવેન્ટ હશે. ભારતની યંગ ટેલેન્ટ આજે વેઇટલિફ્ટિંગમાં સતત સફળતા મેળવીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ટક્કર આપી રહી છે. ભારતનો ભવ્ય વારસો અને પ્રાચીન સંસ્કૃતિ તેની ઓળખ છે. આજે ભારત સ્પોર્ટ્સ અને આર્થિક ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યું છે. ભારત સરકારના સતત સહકારના લીધે જ આજે આ ચેમ્પિયનશિપ આટલી સરળતાથી આયોજિત થઈ શકી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ફેડરેશનના સેક્રેટરી જનરલ પોલ કોફફાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે અમદાવાદમાં યોજાઈ રહેલી આ આંતરરાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટ ઓલિમ્પિક સ્તરની તૈયારીઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે યોજાઈ રહી છે. આ ચેમ્પિયનશિપના આયોજનમાં દરેક ક્ષેત્રે રાજ્ય અને કેન્દ્ર સરકારનો અત્યંત સહયોગ સાંપડ્યો છે.

ઇન્ડિયન વેઇટલિફ્ટિંગ ફેડરેશનના પ્રેસિડેન્ટ સહદેવ યાદવે સ્વાગત પ્રવચન કરતા વિશ્વભરમાંથી વેઇટલિફ્ટિંગ સાથે સંકળાયેલા અને કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં પધારેલા સૌને આવકાર્યા હતા. સાથે જ, શ્રી સબિના યાદવે પણ સૌને આવકાર્યા હતા.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ તકે ઉપસ્થિત રહ્યાં હતાં. મંત્રીએ ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ પ્રસ્તુત કરાયેલી વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ નિહાળીને સૌને બિરદાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ૩૧ ઓગસ્ટ સુધી યોજાનાર ચેમ્પિયનશિપમાં ૧૪૪ જેટલા મેડલ્સ જીતવા ૩૦ કોમનવેલ્થ દેશોના ૨૯૧ એથ્લિટ્સ કોમનવેલ્થ સિનિયર, જુનિયર અને યુથ વેઇટલિફ્ટિંગ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ફેડરેશનના પ્રેસિડેન્ટ એન્ગ પોહ ઓંગ, એશિયન વેઇટલિફ્ટિંગ ફેડરેશનના સેક્રેટરી જનરલ મહોમ્મદ અલહરબી, રાજ્યસભા સાંસદ નરહરિ અમીન અને બાબુભાઈ દેસાઈ, મહેસાણાના લોકસભા સાંસદ હરિભાઈ પટેલ, નારણપુરાના ધારાસભ્ય જીતેન્દ્રભાઈ પટેલ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, રમત ગમત - યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના અગ્રસચિવ અશ્વિની કુમાર, ઇન્ડિયન વેઇટલિફ્ટિંગ ફેડરેશનના પ્રેસિડેન્ટ સહદેવ યાદવ, ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અજય પટેલ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ સંદીપ સાંગલે, કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ના સંચાલકો - અધિકારીઓ, રાજ્યના રમતગમત વિભાગના પદાધિકારીઓ, અધિકારીઓ, એથ્લિટ્સ સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# સેવન્થ ડે સ્કૂલને ડીઈઓએ નોટિસ ફટકારી, એનઓસી રદ કરવાની કાર્યવાહી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફી)

અમદાવાદઃ અમદાવાદ સેવન્થ ડે સ્કૂલમાં એક વિદ્યાર્થીની હત્યા થઈ હતી. જેથી આ મામલે જિલ્લા શિક્ષણાધિકારીના પ્રાથમિક અહેવાલ બાદ કાર્યવાહી વધારે તેજ બની હતી. શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલને નોટિસ આપવામાં આવી હતી કે, શા માટે એનઓસી રદ કરવામાં ના આવે તેનો જવાબ આપો, તેવો સવાલ કર્યો હતો. આ નોટિસનો ત્રણ દિવસમાં જવાબ આપવામાં માટે કહેવામાં આવ્યું હતું. સેવન્થ ડે સ્કૂલની જમીન મામલે ફરિયાદ આવતા એએમસી દ્વારા પણ તપાસ શરૂ કરવામાં આવી હતી.

રાજ્યકક્ષાના શિક્ષણ પ્રધાનના આદેશ બાદ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલમાં તપાસ કરવામાં આવી હતી. જેનો પ્રાથમિક રિપોર્ટ પણ આપી દેવામાં આવ્યો છે. રિપોર્ટ પ્રમાણે સમગ્ર ઘટનામાં સેવન્થ ડે સ્કૂલની ગંભીર બેદરકારી સામે આવી હતી. જેથી શિક્ષણ વિભાગે એનઓસી રદ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતી. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બાદ સ્કૂલના આચાર્ય, સિક્યોરિટી ગાર્ડ અને એડમિનિસ્ટ્રેશન સ્ટાફ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# ભરૂચ એસઓજીના દરોડા, પ્રતિબંધિત ઈ-સિગારેટ સાથે ત્રણ વેપારી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ એસઓજી પોલીસે છેલ્લા બે દિવસ દરમિયાન શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રતિબંધિત ઈ-સિગારેટના વેચાણવાળાઓ સામે મોટી કાર્યવાહી હાથ ધરી હતી. અલગ-અલગ ત્રણ સ્થળોએ દરોડા પાડતા પોલીસે ૩ વેપારીઓની ધરપકડ કરવામાં આવી અને ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં હતા. ભરૂચ એસઓજીએ કુલ ૧.૬૦ લાખ રૂપિયાથી વધુની ઈ-સિગારેટ અને ફ્લેવર રીફિલનો જથ્થો જપ્ત કર્યો હતો.

ભરૂચ એસઓજી પોલીસને ગેરકાયદે ઈ-સિગારેટનું વેચાણ થતું હોવાની બાતમી મળી હતી. ભરૂચ સીટી સેન્ટરના ક્રેઝી બાઈટ નામની દુકાનમાં ગેરકાયદે ઈ-સિગારેટનું વેચાણ કરતાસ રૈયાન ઈમ્તિયાઝ પટેલની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે ઇમરાન આદમ પટેલ પોતાના નિવાસસ્થાનેથી વેચાણ કરતો હતો. તેની પણ એસઓજી પોલીસની ટીમે દરોડો પાડીને ધરપકડ કરી રહતી. આ દરમિયાન પોલીસે રૂપિયા ૧.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી હતી જ્યારે અબરાર પટેલ અને ઉસ્માન નામના શખ્સને વોન્ટેડ જાહેર કર્યા હતા. ■

## સંસ્થા સમાચાર

### આજે જે 'મા'નો ઉપકાર માને એને જનમ જનમ ઉપકારી માતાનો યોગ થાય : શ્રી નમ્રમુનિ



(યુગો પહેલાં ક્ષત્રિયકુંડ નગરમાં સર્જાયેલી પ્રભુ મહાવીરની અવતરણ ક્ષણ જીવંત બનીને ફરીને આજે પ્રભુના અવતરણની હજારો-લાખો હૃદયમાં દિવ્ય અનુભૂતિ કરાવીને ધન્યતામાં ભીંજવી ગઈ, ગિરનાર ધરાએ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ઉજવાયેલાં ભગવાન મહાવીર જન્મોત્સવમાં!)

મુંબઈ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, ગુજરાત, ચેન્નઈ, દિલ્હી, કોલકત્તા, બેંગ્લોર, હૈદરાબાદ, અમેરિકા, ન્યુઝીલેન્ડ આદિ દેશ- વિદેશથી પધારેલાં હજારો ભાવિકો અને લાઈવના માધ્યમે ૧૦૦થી વધુ દેશના લાખો ભાવિકો જોડાયા.

૧૪ મહાસ્વપનની ઉછામણીનો અમૂલ્ય લાભ કાંકરિયા પરિવાર - કોલકાતા, શેઠ પરિવાર - રાજકોટ, છેડા પરિવાર - મુંબઈ, રૂપાણી પરિવાર- મુંબઈ, શાહ પરિવાર - મુંબઈ, શેઠ પરિવાર- રાજકોટ, મોદી પરિવાર- કાંદિવલી, મોદી પરિવાર - સાયન, મકાતી પરિવાર- અમદાવાદ, માતુશ્રી હસુમતીબેન પોપટલાલ ધોળકિયા પરિવાર- દિલ્હી, શાહ પરિવાર - રાજકોટ, પટેલ પરિવાર - બોરીવલી, મહેતા પરિવાર - મુંબઈ, શાહ પરિવાર - મોદી પરિવાર - જોબાલીયા પરિવાર, મુંબઈ તેમજ પારણિયાનો લાભ શેઠ પરિવાર - રાજકોટ એ લીધો હતો. ■

## દેવલાલીમાં પૂ. હંસાબાઈ મહાસતીજીનો કાળધર્મ: સોમવારે પાલખીયાત્રા

મુંબઈ: ગોંડલ સંપ્રદાયના પૂ. પ્રાણગુરુદેવના પરિવારના ઉગ્રવિહારી પૂ. જયાબાઈ મ. સ. ના સુશિષ્યા પૂ. હંસાબાઈ મ. સ. ૯૪ વર્ષની વયે ૬૯ વર્ષના દીક્ષા પર્યાય સહિત તા. ૨૪ને રવિવારે સાંજે ૫.૧૫ કલાકે સમાધિભાવે કાળધર્મ પામ્યા છે. તા. ૨૫ને સોમવારે સવારે ૧૧:૦૦ કલાકે વૈભવ સોસાયટી, લામ રોડ, રાજગૃહી સોસાયટી પાસેથી પાલખીયાત્રા નીકળશે.

સાવરકુંડલામાં સમજુબેન હરજીવનભાઈ મગિયાના ગૃહાંગણે જન્મેલા હંસાબેનની દીક્ષા વૈશાખ વદ ૫, વિ. સં. ૨૦૧૨ના સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણગુરુદેવના હસ્તે છેલ્લા દીક્ષિત થનાર હતા. દેવલાલીમાં સ્થિરવાસ હતા. પૂ. જ્યોતિબાઈ મ. સ. અને મગીયા પરિવારે વૈયાવચ્ચનો લાભ લીધેલ. ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જસરાજજી મ. સા., પૂ. ધીરજમુનિ મ. સા. એ ગુણાંજલિ અર્પણ કરેલ. ■

## દેવનારમાં ગર્દુલ્લાઓએ ચાકુથી કરેલા હુમલામાં બે પોલીસ કોન્સ્ટેબલ ઘાયલ

મુંબઈ: દેવનાર વિસ્તારમાં ગર્દુલ્લાઓ સામે કાર્યવાહી કરવા ગયેલા બે પોલીસ કર્મચારી પર તેમણે ચાકુથી હુમલો કર્યો હતો, જેમાં બંને જણ ઘાયલ થયા હતા. પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી પાંચ આરોપીની ધરપકડ કરી હતી.

દેવનાર વિસ્તારમાં બે પોલીસ કોન્સ્ટેબલ ભાલેરાવ અને સૂર્યવંશી શનિવારે રાતે પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે દેવનારના એટલાંટા ગાર્ડન નજીક ગાંજાનું સેવન કરી રહેલા કેટલાક શખસો પર તેમની નજર પડી હતી. આથી બંને કોન્સ્ટેબલ તેમની સામે કાર્યવાહી કરવા ગયા ત્યારે આરોપીઓએ બંને કોન્સ્ટેબલ પર ચાકુથી હુમલો કર્યો હતો. હુમલામાં ભાલેરાવના પેટ અને છાતી પર, જ્યારે સૂર્યવંશીના કાન પર ઇજા થઇ હતી. ઘવાયેલા બંને કોન્સ્ટેબલને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયા હતા. આ ઘટના બાદ દેવનાર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને આરોપીઓની શોધ આદરી હતી અને પાંચ આરોપીને ઝડપી પાડીને લોકઅપભેગા કરી દીધા હતા. ■

## થાણેના તળાવમાં ડૂબવાથી ૧૦ વર્ષનાં બાળકનું મૃત્યુ

થાણે: થાણેના તળાવમાં સ્વિમિંગ કરવા માટે ઊતરેલા ૧૦ વર્ષના બાળકનું ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

થાણેના ઉપવન તળાવ ખાતે રવિવારે બપોરના ૧.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા બાળકની ઓળખ રાજ ભાસ્કર ચાબુકસ્વાર (૧૦) તરીકે થઇ હતી, જે થાણેના વર્તકનગર વિસ્તારના ભીમનગરમાં રહેતો હતો.

રાજ ચાબુકસ્વાર રવિવારે તેના બે મિત્ર સાથે ઉપવન તળાવમાં સ્વિમિંગ કરવા માટે ગયો હતો. જોકે ઊંડાણનો ખ્યાલ ન રહેતા તે ડૂબવા લાગ્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ, અગ્નિશમન દળના જવાનો તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. બાળકને પાણીમાંથી બહાર કાઢ્યા બાદ તેને હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ■

## પારસી મરણ

મીનુ સોરાબજી ભગત તે ડેઝી મીનુ ભગતના ખાવીંદ. તે મરહુમો આલામાય ને સોરાબજી ભગતના દીકરા. તે કયનાઝ હોશંગ દેબુના બાવાજી. તે હોશંગ ફિરોઝ દેબુના સસરા. તે દારબ, એરચ, રૂસી, બાનુ તથા મરહુમ નરગીશ બરજોર કોન્ટ્રાક્ટરના ભાઇ. (ઉં. વ. ૯૬) રે. ઠે. ફેરેના બિલ્ડિંગ, ફરીયાઝ હોટેલની સામે, મુંબઇ-૪૦૦૦૦૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૮-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે કરાની અગિયારી ખુશરૂબાગ, કોલાબા.

એરચ શાવકશા સિંગપુરવાલા તે રોશનના ખાવીંદ. તે મરહુમો માનેકબાઇ તથા શાવકશા સિંગપુરવાલાના દીકરા. તે અરઝાન ને અઝમીના બાવાજી. તે કૈનાઝ ને મેહેરનોશના સસરા. તે ગુલ પુનેગર તથા મરહુમ પેરીન, ધન ને હિલ્લાના ભાઇ. તે ડેલઝીન ને પર્લના બપાવાજી. તે હવોવીના મમાવાજી. તે ગુલ, શેહેરુ, પરવેઝ તથા મરહુમ નાજુના બનેવી. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૪/૮ એ. એચ. વાડીયા બાગ, પરેલ ટેન્ક રોડ, કાલાચોકી, મુંબઇ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયા તા. ૨૬-૮-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે લાલબાગ અગિયારીમાં.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ત્રાપજ નિવાસી હાલ મુલુંડ ભગવાનદાસ જસરાજભાઇ વોરાના સુપુત્ર નવીનચંદ્ર ભગવાનદાસ વોરા (ઉં. વ. ૮૭) રવિવાર, તા. ૨૪-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ, ભાનુમતીબેનના પતિ. તે સ્વ. મનસુખલાલ, સ્વ. જયંતીલાલ, સ્વ. નગીનદાસ, સ્વ. દલીચંદભાઇ, સ્વ. વિમલાબેન, સ્વ. સોભાગબેનના ભાઇ. તે મુકેશભાઇ, શ્રેણિકભાઇ, છાયાબેનના પિતાશ્રી. તે મનિષાબેન, કૃપાબેન, મુકેશકુમારના સસરા. સસુર પક્ષે, માનચંદ ગુલાબચંદ લાખાણી દિહોરવાળા જમાઇ. ઠે. ૯૦૩, અમૃત ટાવર, તાંબેનગર, એસ. એન. રોડ, મુલુંડ (વેસ્ટ), તાંબેનગર જૈન દેરાસરની બાજુમાં, સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી સ્વ. મુક્તાબેન દુલાભાઇ મોહનલાલ સંઘવીના પુત્ર સુધીરભાઇ (ઉં. વ. ૭૭) તે અનિતાબેનના પતિ. સ્વ. ચંચળબેન ભાઇલાલભાઇ જસાણીના જમાઇ. ડો. વિક્રમ, મીરાબેન સુરેશભાઇ મહેતાના ભાઇ. ડો. સ્મૃતિ વિક્રમના જેઠ. ડૉ. કૌશલ, નિખીલ ગહરોત્રા, ડૉ.આશલ, ઋષભ, વીનીના કાકા. શુક્રવાર તા. ૨૨-૮-૨૫ના મુંબઇ મુકામે અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા મોરબી મુકામે તા. ૧-૯-૨૫ના સવારે ૧૦થી ૧૨. ઠે. દશા શ્રીમાળી વણીક વાડીમાં રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ નૂતનત્રંબૌના સ્વ.લખમશી પુનશી શાહ (ઉં. વ. ૬૯) શુક્રવાર તા. ૨૨.૦૮.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વાલીબેન પુનશીના સુપુત્ર. જવેરબેનના પતિ. જીતેન્દ્ર, હિતેશ, હિરેનના પિતા. નીતા, રીટા, નીલમના સસરા. સુવઈના સ્વ. પાંચીબેન માંઈયા ભચુ કારીયાના જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૫.૦૮.૨૫ના રોજ સમય સવારે.૧૦.૩૦ થી ૧૨ સ્થળ.શ્રી વર્ધમાન સ્થાનક, ત્રીજે માળે, તળાવપાળી, થાણા .ઠે.એ-૮૦૩, નાગેશ ટાવર, હરિનિવાસ, થાણા-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભરૂડીયાના સ્વ. મીણાબેન નરપાર સાંઈયા દેઢિયાના સુપુત્ર ભીમશી (ઉં. વ. ૬૮) તા.: ૨૨.૦૮.૨૦૨૫, શુક્રવારના અવસાન પામેલ છે. ગં.સ્વ. લક્ષ્મીબેનના પતિ. વિનોદ, જીતેશ, રીનાના પિતાશ્રી. રચના, ખુશ્બુ, જયંતીના સસરા. દિશા, નાયરા, કવ્વી, સિધ્ધના નાના. ગામ રવના સ્વ. વિઝઈબેન હેમરાજ રાઘવજી ગાલા ના જમાઈ.પ્રાર્થનાસભા: તા. ૨૫.૦૮.૨૫, સોમવાર. પ્રાર્થના સમય : બપોરે ૨.૩૦ થી ૪ સ્થળ : શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, નૌકાવીહારની સામે, થાણા (વે). લૌકિક વ્યવહાર બંધ છે. (ચક્ષુદાન કરેલ છે).

**ગોડવાડ ઓસવાલ જૈન**

ઘીસુલાલ જવતરાજ પુનમિયા જૈન કોશેલાવ (રાજસ્થાન) નિવાસી તથા વર્તમાનમાં લાલબાગ, પરેલ, (ઉં. વ. ૭૩) નિતિન, કમલેશ, આતિશ અને સીમાના પિતાશ્રી. સપના, આશા, સપનાના સસરા. દિનેશ કુંદનલાલજી ચૌવટિયા (રાણીગામ નિવાસી) ના બનેવી તા. ૨૨-૦૮-૨૫ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. એમની શ્રી શત્રુંજય ભાવ યાત્રા તા. ૨૫-૦૮-૨૫ ના રોજ સમય સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૩૦ સુધી બંને પક્ષની સાથે શ્રી કચ્છી વિશ્વા ઓસવાલ સ્થાનકવાસી જૈન મહાજન વાડી, ચિંચપોકલી, વોલ્ટાસની સામે રાખવામાં આવી છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

નવાવાસ હાલે પુનાના સુષ્મા ચિરાગ શાહ (વોરા) (ઉં. વ. ૪૧) તા. ૨૧-૮-૨૫નાં અવસાન પામેલ છે. મધુ દિનેશ પ્રેમજીના પુત્રવધૂ. ચિરાગના ધર્મપત્ની. મીષ્ટીના મમ્મી. ઔરંગાબાદના સ્નેહલતા રાજકુમાર પટેલના સુપુત્રી. અમિત, દિનેશ, પ્રિયાના બહેન.પ્રાર્થના રાખેલ નથી. દિનેશ પ્રેમજી શાહ, ફ્લેટ નં. ૧૧, શ્રી વિશ્વાસ શ્રી એપાર્ટમેન્ટ, અલકાપુરી સોસાયટી, વનાસુ કંપનીની બાજુમાં, પોડ રોડ, પુણે-૩૮.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ગોંડલ નિવાસી હાલ કાંદિવલી સ્વ. નવલબેન પ્રવિણચંદ્ર ગાંધીના પુત્ર રમેશભાઈ ગાંધી (ઉં. વ. ૭૭) તે ૨૨/૮/૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. રશ્મિબેનના પતિ, રીના, હેમાલી

## હિન્દુ મરણ

**બાલાસિનોર દશાનીમા વણિક**

સ્વ. અ. સૌ. અમિતા (ઉં. વ. ૭૧) તે રાજેશ પરીખના ધર્મપત્ની સ્વ. મંજુલાબેન શાંતિલાલ પરીખ (રાઠોડિયા)ના પુત્રવધૂ. સ્વ. સુશીલાબેન વલ્લભદાસ દેસાઇ (ગાંડા દેસાઇ)ના સુપુત્રી. ઉર્ષિત, રચનાના માતુશ્રી. મીનાના સાસુ. જિયાના દાદીમા. રેખાબેન, મુકેશ, નૈનેશ, કમલેશના ભાભી. પરાગ, પ્રશાન્ત, બિનીતાના બેન. તા. ૨૨-૮-૨૫ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. જેની પ્રાર્થનાસભા તા. ૨૬-૮-૨૫ના મંગળવારના રોજ સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે.અંધેરી લિંક રોડ. મહેશ્વરી ભવન ખાતે રાખેલ છે. લૌકિક પ્રથા તથા બારમા તેરમાની પ્રથા બંધ છે. ઠે. મહેશ્વરી ભવન, પ્લોટ નંબર-૧૪/૧૫, મહેશ્વરી ચોક, શ્રીરામ તપાડિયા માર્ગ, ઓશિવરા પોલીસ સ્ટેશનની બાજુમાં, ઓશિવરા, મુંબઇ-૪૦૦૦૫૩.

**કચ્છી લોહાણા**

નીતિન છોટાલાલ કારિયા (ઉં. વ. ૬૦) મૂળ ગામ વરસામેડી કચ્છ હાલ મુલુંડ નિવાસી અવસાન તા. ૨૩-૮-૨૫ના થયેલ છે. સ્વ. રૂક્ષ્મણીબેન છોટાલાલ ભગવાનજી કારિયાના પુત્ર. ધર્મિષ્ઠાબેનના પતિ. સ્વ. દિનેશ કારિયા તથા અનિલ કારિયાના નાનાભાઇ. સ્વ. પ્રભાબેન લક્ષ્મીદાસ રાઘવજી માણેકના મોટા જમાઇ. તેજલ રોહન સાંડેસરા તથા દિશા કારિયાના પિતા. રોહન મનોજ સાંડેસરાના સસરા. ગં. સ્વ. સોનલબેન મનોજ સાંડેસરાના વેવાઇ. તે નિર્વિકાના નાનાજી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૫-૮-૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ).

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

મૂળ ગામ સામતેર હાલ કાંદિવલી સેજલ શશીકાંત શાહ (ઉં. વ. ૪૭) તા. ૨૨-૮-૨૫ના રોજ અ. નિ. થયા છે. તે ગં. સ્વ. રંજન શશીકાંત શાહના સુપુત્રી. મેહુલના બેન. સપનાના નણંદ. ટીંબી નિવાસી સ્વ. ગોરધનદાસ પરસોતમદાસ મહેતાના દોહિત્રી. દિવ નિવાસી સ્વ. મુકતાબેન માણેકલાલ દોશીના ભત્રીજી. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૫-૮-૨૫ના ઠે. ઠઠાઇ ભાટીયા હોલ નંબર-૨. ગ્રાઉન્ડ ફલોર, ઓપોઝિટ નમઃ હોસ્પિટલ, શંકર લેન, એસ. વી. રોડ, જંકશન, કાંદિવલી (વેસ્ટ).

**કપોળ**

ચોગઠ નિવાસી હાલ કોઇમ્બતુર સ્વ. કાલીદાસ દ્વારકાદાસ દેસાઇના પુત્ર હર્ષદના ધર્મપત્ની અ. સૌ. કોકીલા (ઉં. વ. ૭૬) તા. ૧૯-૮-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે રીના, રાહુલના માતુશ્રી. કીર્તિકુમાર સંઘવી, ભાવીના સાસુ. સિહોરવાળા નાગરદાસ મગનલાલ સંઘવીના દીકરી. યાના અને દિયાના નાની. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ મોટા આસરાણાવાળા (હાલ અંધેરી) નટવરલાલ જાધવજી રાઠોડ (ઉં. વ. ૮૩ ) શનિવાર તા. ૨૩-૦૮-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તેઓ સ્વ. કંચનબેનના પતિ. રીટા સંદીપકુમાર મેહતા, વીણા ગીરીશકુમાર બલસારા, મયુરી ચિરાગકુમાર પટેલના પિતાશ્રી. સ્વ. કમળાબેન કાનજીભાઈ, સ્વ. પ્રેમીલાબેન રતિલાલ, સ્વ. લીલાબહેન ધીરજલાલ રાઠોડના દીયર. ગં. સ્વ. રમાબહેન ભવાનભાઈ ડોડીયા ના ભાઈ. મહુવા નિવાસી સ્વ. વનમાળીભાઈ મોહનજીભાઈ હરસોરા ના જમાઈ. તેમની સાદડી તા ૨૫-૦૮-૨૫ સોમવારના સાંજે ૫ થી ૭ અમારા નિવાસ સ્થાને રાખેલ છે. એડ્રેસ: ૩૩/૫૦૧, ઉષા કિરણ, આઝાદ નગર ના.૨, આઝાદ નગર મેટ્રો સ્ટેશનની બાજુમાં, વીરા દેસાઈ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૩.

**હાલાઈ લોહાણા**

મૂળ વતન ટંકારા હાલ કલ્યાણ સ્વ. વલ્લભદાસ હીરાલાલ જોબનપુત્રા (ઠક્કર)ના ધર્મપત્ની ગં.સ્વ. દમયંતીબેન વલ્લભદાસ જોબનપુત્રા (ઉં. વ. ૮૮) તા.૨૧/૦૮/૨૫ ને ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. બીપીનભાઈ, પરેશભાઈ તથા અ.સૌ. ગીતાબેન ચંદ્રકાન્ત કાથરાણી, અ. સૌ. સંગીતાબેન જયરામકુમાર સોમૈયાના માતુશ્રી. તે ગં.સ્વ. શિલ્પાબેન, અ.સૌ. રૂપાલીબેનના સાસુ તે કૃપા રાહુલ પ્રજાપતિ, જસ, ખુશ્બુના દાદી તે ગં. સ્વ.દેવકુવર બેન ઠાકરશી કતીરાના દીકરી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૨૫/૦૮/૨૦૨૫ ના સાંજે ૪.૩૦ થી ૬.૦૦ જલારામ હોલ, લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ કલ્યાણ પશ્ચિમ ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા મરણ**

સ્વ વાલજી રવજી સચદે ગામ ઢોરીવાલાના ધર્મપત્ની ગંગા સ્વ. શાંતાબેન (ઉં. વ. ૮૮) તે. સ્વ કુંવરજી કાનજી પૂજાણી ગામ. ગઢસીસા વાળાની સુપુત્રી તે અરુણ, તથા રમેશના માતુશ્રી. લતા તથા નીતાના સાસુ. મેહુલ, પિયુષ, ભાવિકા દિલીપ નરમ, નીલમના દાદી. ગં. સ્વ. પુષ્પાબેન જીવનદાસ સચદેના જેઠાણી. તા. ૨૩/૮/૨૫ ના રોજ રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા ૨૫/૮/૨૫ ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. લોહાણા મહાજન વાડી પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ, વેસ્ટ, મુંબઈ - ૮૦.

જગદીશ લીંબાચિયા, દીપા ધર્મેશભાઈ બાટવીયા ના પિતા, ઇન્દ્રવદનભાઈના ભાઈ, સ્વ. શાંતાબેન રમણલાલ ભટ્ટના જમાઈ. તેમનું બેસણું ૩૦/૮/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે નીવાસ સ્થાન બી ૨૨, મોદી નગર, મથુરાદાસ રોડ, વાંઝા વાડીની સામે, કાંદિવલી વેસ્ટમાં રાખેલ છે.

## મુંબઈના રસ્તાઓ પર ખાનગી વાહનોનું દબાણ: બેસ્ટની બસનું પ્રમાણ એક ટકા કરતા પણ ઓછું

મુંબઈ : મુંબઈના રસ્તાઓ પર ખાનગી વાહનોનું પ્રભુત્વ વધતું ગયું છે, જે હજુ પણ અકબંધ છે. એક અહેવાલ મુજબ શહેરની ૫૦ લાખથી વધુ વાહન સંખ્યામાં ટુ-વ્હીલર અને કારનો હિસ્સો લગભગ ૮૮ ટકા છે, જ્યારે જાહેર પરિવહન બસોનો હિસ્સો એક ટકા કરતા પણ ઓછો છે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના પર્યાવરણ સ્થિતિ અહેવાલ ૨૦૨૪-૨૫ મુજબ મુંબઈમાં વાહનોની સંખ્યા ૨૦૨૪-૨૫માં ૫૦ લાખના આંકડાને વટાવી ગઈ જે ૨૦૨૩માં ૪૫,૩૭,૨૧૧ અને ૨૦૨૪માં ૪૭,૫૯,૯૭૬ હતી તે માર્ચ ૨૦૨૫ સુધીમાં ધીમે ધીમે વધીને ૫૦,૫૪,૯૦૭ થઈ ગઈ.

આ અઠવાડિયાની શરૂઆતમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં જણાવાયું હતું કે આમાંથી ટુ-વ્હીલર (૫૯.૩૪ ટકા) અને કાર, જીપ અને સ્ટેશન વેગન (૨૮.૭૨ ટકા) મળીને શહેરના વાહનોનો લગભગ ૮૮ ટકા હિસ્સો ધરાવે છે. બાકીના વાહનોમાં ૫.૦૨ ટકા ઓટોરિક્ષા, ૩.૨૭ ટકા ટેક્સી, ૦.૪૨ ટકા માલસામાનના વાહનો, ૨૦૨૫ દરમિયાન મુંબઈમાં ઓછામાં ઓછા ૨.૯૪ લાખ નવા વાહનો નોંધાયા હતા, જે નોંધણીમાં ૬.૨ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે, એમ અહેવાલમાં જણાવાયું છે. નવા નોંધાયેલા વાહનોમાંથી ૬૦.૮૭ ટકા ટુ-વ્હિલર હતા, ત્યારબાદ કાર, જીપ અને સ્ટેશન વેગન ૨૩.૯૪ ટકા, ટેક્સી અને કેબ ૬.૨૬ ટકા, ઓટોરિક્ષા ૩.૦૬ ટકા અને માલસામાનના વાહનો ૪.૪૩ ટકા હતા. કુલ વાહનોમાં બસોનો હિસ્સો ૦.૭૩ ટકા હતો, જેમાં ટ્રેક્ટર/ટ્રેઇલર અને અન્ય વાહનોનો ફાળો અનુક્રમે માત્ર ૦.૦૯ ટકા અને ૦.૬ ટકા હતો.

અહેવાલ મુજબ સૌથી વધુ ૩૯.૮૩ લાખ (૭૮.૭૯ ટકા) વાહનો પેટ્રોલ પર ચાલે છે, ત્યારબાદ ૫.૬૩ લાખ (૧૧.૧૫ ટકા) ડીઝલ પર અને ૪.૩૬ લાખ સીએનજી પર ચાલે છે. મુંબઈમાં ફક્ત ૪૮,૭૫૪ ઇલેક્ટ્રિક વાહનો છે, ત્યારબાદ ૧૧,૪૧૮ એલપીજી પર ચાલે છે અને ૧૦,૮૩૨ અન્ય ઇંધણ પર ચાલે છે.

અહેવાલમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ બેસ્ટ ઉપક્રમ માર્ચના અંત સુધીમાં કુલ ૨,૭૩૧ બસો ચલાવી રહ્યું હતું. આ બસોમાં બેસ્ટની માલિકીની ૬૧૨ અને વેટ-લીઝ મોડેલ હેઠળ કાર્યરત ૨,૧૧૯ બસોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, બેસ્ટના કુલ કાફલાના ૯૧ ટકા પર્યાવરણને અનુકૂળ સીએનજી અને ઇલેક્ટ્રિક બસોનો સમાવેશ થાય છે.

૨૦૨૭ ના અંત સુધીમાં, સમગ્ર બેસ્ટ કાફલામાં ઇલેક્ટ્રિક બસોનો સમાવેશ થશે. આ મુંબઈ શહેરના પ્રદૂષણને ઘટાડવામાં મદદ કરશે કારણ કે આ બસો દ્વારા દર વર્ષે ૩,૧૮,૨૯૬ ટન કાર્બન ડાયોક્સાઇડ ઘટાડવામાં આવશે, એમ અહેવાલમાં જણાવાયું છે. (પીટીઆઈ)■

## ગેરકાયદે બાંધકામ પર નજર રાખવા થાણેમાં ખાસ ટીમ

(અમારા પ્રતિનિધી તરફથી)

થાણે: થાણેના દિવા અને મુમ્બ્રા વિસ્તારોમાં અનધિકૃત બાંધકામો પર નજર રાખવા માટે અધિકારીઓ અને કર્મચારીઓની એક ખાસ ટીમ બનાવવાનો નિર્દેશ થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે આપ્યો છે.

દિવા અને મુંબ્રા વિસ્તારોમાં અનધિકૃત બાંધકામોની વધુ ફરિયાદો મળી રહી છે. કમિશનર રાવે સ્પષ્ટતા કરી હતી કે તેમની તપાસ અને દેખરેખ માટે આ ખાસ ટીમ બનાવવામાં આવશે.

ગણેશોત્સવ દરમિયાન અનધિકૃત પરંતુ રહેણાંક મકાનો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. જોકે આ અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી ચાલુ રહેશે જે સત્તાવાર રીતે બાંધકામ હેઠળ છે, જ્યાં કોઈ રહેતું નથી. કમિશનર રાવે શનિવારે યોજાયેલી વિભાગના વડાઓની બેઠકમાં મ્યુનિસિપલ વિસ્તારમાં આ કાર્યવાહીની સમીક્ષા કરી હતી.

હાઇ કોર્ટે અનધિકૃત બાંધકામો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. તે મુજબ તમામ વોર્ડ સમિતિ વિસ્તારોમાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૨૨૭ બાંધકામો સામે કાર્યવાહી કરવામાં આવી છે અને ૨૪ કેસ નોંધાયા છે. કમિશનર રાવે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે સરકારી કામમાં અવરોધ ઊભો કરનારાઓ સામે કેસ નોંધવામાં આવે.

આ બેઠકમાં કમિશનર રાવે ગણેશોત્સવ આયોજન અને વિસર્જન વ્યવસ્થાની પણ સમીક્ષા કરી હતી. આ વર્ષે હાઈ કોર્ટના આદેશ મુજબ છ ફૂટ સુધીની બધી મૂર્તિઓનું કૃત્રિમ તળાવોમાં વિસર્જન કરવામાં આવશે. તેથી કૃત્રિમ તળાવોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ઉપરાંત મોબાઇલ વિસર્જન ટીમોની સંખ્યા વધારવાની વ્યવસ્થા કરવામાં આવી હોવાથી અને મોબાઇલ વિસર્જન ટીમો મોટા હાઉસિંગ કોમ્પ્લેક્સમાં જશે, તેથી કમિશનર રાવે નાગરિકોને તેનો લાભ લેવા અપીલ કરી હતી. ■

## ઘાટકોપરમાં ટેમ્પોએ અડફેટમાં લેતાં ચાર વર્ષની બાળકીનું મૃત્યુ

મુંબઈ: ઘાટકોપરમાં પૂરપાટ વેગે આવેલા ટેમ્પોએ અડફેટે લેતાં ચાર વર્ષની બાળકીનું ગંભીર ઇજાને કારણે મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ ઘટનાસ્થળેથી ફરાર થયેલા ટેમ્પોચાલક વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ઘાટકોપરમાં એન.એસ. રોડ પર નારાયણનગર ખાતે બેકરી નજીક શનિવારે સાંજે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી બાળકીની ઓળખ ફાતિમા મોહંમદ મુસ્તફા ખાન તરીકે થઇ હતી.

આ વિસ્તારમાં પરિવાર સાથે રહેતી ફાતિમા ખાન શનિવારે સાંજે ઘર નજીક રમી રહી હતી. એ સમયે ટેમ્પોએ ફાતિમાને અડફેટમાં લીધી હતી. ટેમ્પોના ટાયર નીચે કચડાવાથી ફાતિમા ગંભીર રીતે ઘાયલ થઇ હતી. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં સાંજે ૬ વાગ્યાની આસપાસ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. બાળકીની માતાએ આ પ્રકરણે ઘાટકોપર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે ટેમ્પોચાલક સામે ગુનો દાખલ કરાયો હતો. ■

## ચોથા થર પરથી પડીને ઘાયલ થયેલા ગોવિંદાનું મૃત્યુ

મુંબઈ: ચોથા થર પરથી પડીને ઘાયલ થયેલા ૨૬ વર્ષના ગોવિંદાનું સાત દિવસ બાદ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મૃતકની ઓળખ આનંદ દાંડગે તરીકે થઇ હોઇ તે પવઇના ગોખલેનગરમાં રહેતો હતો.

પવઇમાં ગોખલેનગર ગોવિંદા મંડળમાં આનંદ અનેક વર્ષોથી કાર્યરત હતો. ૧૬ ઑગસ્ટે દહીંહંડીના દિવસે વિક્રોલીના કન્નમવરનગરમાં મંડળ દ્વારા સાત થર લગાવવામાં આવ્યા હતા, જેમાં ચોથા થર પરથી પડતાં આનંદ ઘાયલ થયો હતો. આનંદને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં શનિવારે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. વિક્રોલી પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. ■

## મુંબઈ-ગોવા હાઈવે પર લકઝરી બસમાં લાગી આગ

મુંબઈ: ગણેશોત્સવ નિમિત્તે મુંબઈથી સિંધુદુર્ગ જઇ રહેલા ૪૪ પ્રવાસીઓની લક્ઝરી બસનું મુંબઈ-ગોવા હાઇવે પર ટાયર ફાટ્યા બાદ તેમાં આગ લાગી હતી. બસ ડ્રાઇવરે સમયસૂચકતા દાખવીને તમામ પ્રવાસીઓને તાત્કાલિક બસમાંથી ઊતરી જવાનું કહ્યું હતું. બસમાં લાગેલી આગ ડીઝલ ટેન્ક સુધી પહોંચતાં તેમાં ધડાકો થયો હતો. જોકે એ પહેલા પ્રવાસીઓ સલામત સ્થળે ઊતરી ગયા હતા અને કોઇ જાનહાનિ થઇ નહોતી.

પોલાદપુર વિસ્તારના કશેડી ટનલ નજીક શનિવારે મોડી રાતે બે વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. બસમાં ૪૪ પ્રવાસી હતા અને તેઓ ગણેશોત્સવ નિમિત્તે સિંધુદુર્ગ જિલ્લાના માલવણ ખાતે જઇ રહ્યા હતા.

બસ મુંબઈ-ગોવા હાઇવે પરથી પસાર થઇ રહી હતી ત્યારે અચાનક બસનું એક ટાયર ફાટ્યું હતું અને બાદમાં બસમાં આગ લાગી હતી. આગની જાણ થતાં ડ્રાઇવરે ઇમરજન્સી બ્રેક મારી હતી અને પ્રવાસીઓને બસ ખાલી કરી દેવાનું કહ્યું હતું. પ્રવાસીઓ ઊતરી ગયા ત્યાં સુધી આગ બસના અન્ય ભાગમાં ફેલાઇ હતી. દરમિયાન આગની જાણ થતાં પોલીસ અધિકારીઓ તથા અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને હાઇવે પર બંને બાજુ ટ્રાફિક બંધ કરીને રસ્તાને કોર્ડન કરી દેવામાં આવ્યો હતો. દરમિયાન આગ ફેલાઇને બસની ડીઝલની ટાંકી સુધી પહોંચતાં મોટો ધડાકો થયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.અગ્નિશમન દળના જવાનોએ પરોઢિયે ત્રણ વાગ્યાની આસપાસ આગ પર કાબૂ મેળવ્યો હતો. (પીટીઆઇ)■

## ગણેશોત્સવમાં પર્યાવરણને અનુકૂળ વિસર્જન માટે મુંબઈમાં ૨૭૫થી વધુ કૃત્રિમ તળાવ

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈ: મુંબઈમાં પર્યાવરણપુરક ગણેશોત્સવની ઊજવણી કરવામાં આવવાની છે તે માટે મુંબઈ મહાનગર પાલિકાએ આ વર્ષે ૨૭૫ થી વધુ કૃત્રિમ તળાવો બનાવ્યા છે. પાલિકાએ મુંબઈગરોને આ કૃત્રિમ તળાવોમાં મૂર્તિઓનું વિસર્જન કરવાની અપીલ કરી છે.

મોટા પાયે ઉજવાતા ગણેશોત્સવ માટે મૂર્તિકારોને મોટી સંખ્યામાં પર્યાવરણને અનુકૂળ મૂર્તિઓ બનાવવાની અપીલ કરી છે અને નાગરિકોએ પર્યાવરણને અનુકૂળ મૂર્તિઓ ખરીદવાની અપીલ કરી છે. તે માટે આ વર્ષે શિલ્પકારોને ૯૯૦ ટન શાડુ માટી મફતમાં આપવામાં આવી હતી. ઉપરાંત, ૧૦૨૨ મૂર્તિકારોને મૂર્તિઓ બનાવવા માટે મંડપ બનાવવા માટે મફત જગ્યા આપવામાં આવી હતી. આ વર્ષે પ્રાયોગિક ધોરણે શિલ્પકારોને કુદરતી રંગોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. પર્યાવરણના સંરક્ષણ માટે, મુંબઈના નાગરિકોને પર્યાવરણને અનુકૂળ શાડુ માટીની મૂર્તિઓ ખરીદીને તેનું સ્થાપન કરવાની અપીલ કરવામાં આવી છે. મૂર્તિઓનના વિસર્જન માટે કૃત્રિમ તળાવ ઊભા કરવામાં આવ્યા છે.

પાલિકાએ પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)થી બનેલી હોય તેવી બધી મૂર્તિઓના વિસર્જન માટે સમગ્ર મુંબઈમાં કૃત્રિમ તળાવોની વ્યવસ્થા કરી છે. ભક્તોએ આ તળાવોમાં મૂર્તિઓનું વિસર્જન કરવાની અપીલ કરી છે. તળાવોની યાદી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ https://www.mcgm.gov.in પર ઉપલબ્ધ છે. ઉપરાંત, યાદી જોવા માટે ક્યુઆર કોડ વિવિધ માધ્યમો દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તે મુજબ, પાલિકાએ નાગરિકોના ઘરની નજીક એક તળાવ શોધીને ત્યાં મૂર્તિઓનું વિસર્જન કરવાની અપીલ કરી છે.

મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈ મહાનગરપાલિકામાં શાડુ માટીની મૂર્તિઓના નિર્માણને પ્રોત્સાહન આપવા અને મહત્તમ પર્યાવરણને અનુકૂળ મૂર્તિઓ સ્થાપિત કરવા માટે પહેલ અમલમાં મૂકી છે. આ માટે, મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ (https://mcgm.gov.in) પર શિલ્પકારોને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ■

## પછાત વર્ગ માટેની ૩૮ ઈમારતના રિડેવલપમેન્ટનો માર્ગ ખુલ્લો

મુંબઈ: મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)એ રાજ્યના સામાજિક ન્યાય વિભાગના નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ વિના રિડેવલપમેન્ટની દરખાસ્તોને મંજૂરી ન આપવી જોઈએ એવા પરિપત્ર પર બોમ્બે હાઈકોર્ટે સ્ટે મૂક્યો છે. આ આદેશને પગલે પછાત વર્ગની હાઉસિંગ સોસાયટીઓની ૩૮ ઈમારતના રિડેવલપમેન્ટની સંભાવના ઉજળી બની છે.

આ ઇમારતોને ૧૯૭૫માં સામાજિક ન્યાય વિભાગ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. હાઉસિંગ સોસાયટીઓ મારફતે આ પૈસા ચૂકવી દેવામાં આવ્યા છે અને તેમને માલિકીના હક પણ પ્રાપ્ત થયા છે. પચાસ વર્ષ જૂની ઇમારતો જોખમી અને જર્જરિત છે. એટલે આ સંસ્થાઓએ મ્હાડા સમક્ષ પુનર્વિકાસ માટે દરખાસ્ત રજૂ કરી હતી. ■

## રાજ ઠાકરેની મુલાકાત અંગે ફડણવીસે કહ્યું, 'ગઠબંધન કોણ આપણને મળે છે તેના પર નિર્ભર નથી'

મુંબઈ: લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી છેલ્લા કેટલાક દિવસોથી ભારતીય જનતા પાર્ટી અને ચૂંટણી પંચની ટીકા કરી રહ્યા છે. રાહુલ ગાંધી આરોપ લગાવી રહ્યા છે કે ચૂંટણીમાં મતના ગોટાળા થયા છે. રાહુલ ગાંધી દ્વારા લગાવવામાં આવેલા આરોપો બાદ શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ પણ ભાજપ અને ચૂંટણી પંચની આકરી ટીકા કરી છે. આનો જવાબ આપતાં ફડણવીસે કહ્યું હતું કે વિપક્ષ જ્યાં સુધી હારના કારણો પર અભ્યાસ અને મંથન નહીં કરે ત્યાં સુધી વિજય નહીં મેળવી શકે.

'મહારાષ્ટ્રમાં ૨૦૧૪માં કોંગ્રેસનું શાસન હતું. તે પહેલાં દેશમાં કોંગ્રેસનું શાસન હતું. ૧૫-૧૫ વર્ષ સુધી કોંગ્રેસની સરકાર હતી. હવે તેઓ ચૂંટણી કેમ હારે છે? લોકોએ તેમને કેમ નકારી કાઢ્યા? જ્યાં સુધી તેઓ આના પર મંથન અને અભ્યાસ કર્યા વિના બડાઈ મારતા રહેશે, ત્યાં સુધી તેઓ ક્યારેય ચૂંટણી જીતી શકશે નહીં,' એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિપક્ષની ટીકા કરતાં કહ્યું હતું. મનસે પ્રમુખ રાજ ઠાકરેએ પુણેમાં એક સભામાં બોલતી વખતે મત ચોરીના આરોપો પર ટિપ્પણી કરી હતી તે અંગેના મીડિયાના સવાલોનો જવાબ આપતાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, 'ગાલિબને ખુશ કરવાનો વિચાર સારો છે, હું તેમને એટલું જ કહું છું કે જ્યાં સુધી તેઓ તેમની હાર પર વિચાર નહીં કરે, ત્યાં સુધી તેઓ ચૂંટાઈ શકશે નહીં. જ્યાં સુધી વિપક્ષ જૂઠું બોલતો રહેશે, ત્યાં સુધી તેઓ ક્યારેય જીતી શકશે નહીં,' એમ ફડણવીસે કહ્યું હતું. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## થાવ અધિકારી શિવ-કૃપાના...

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



અધિકારી થવું એટલે તેને લાયક બનવું, તે પ્રકારની પાત્રતા કેળવવી, જે તે પ્રકારનું ઇચ્છિત પરિસ્થિતિ આપમેળે સ્થાપિત થાય તે પ્રકારની સ્થિતિ પ્રાપ્ત કરવી, યોગ્યતા પ્રાપ્ત કરી સ્વીકૃતિ માટે તૈયાર રહેવું. અધિકાર પ્રાપ્ત થાય પછી માગણી કરી શકાય, મેળવવાનો હક પ્રાપ્ત થાય અને જે તે બાબતને સ્વીકારી પણ શકાય. આવો જો કોઈ અધિકાર પ્રાપ્ત કરવાનો હોય તો તે શિવ-કૃપા માટે જ કરવો ઇચ્છનીય છે.

શિવ-કૃપાની પ્રાપ્તિ એમ સરળ નથી. શિવજીની કૃપા માટે અધિકાર પ્રાપ્ત કરવો એ સામાન્ય ઘટના ન હોઈ શકે. જોકે શિવજી ભોલેનાથ હોવાથી કૃપા વરસાવી પણ દે, પરંતુ તે માટે પણ પ્રારંભિક તબક્કાનો પ્રયાસ તો જરૂરી જ છે. કોઈપણ પ્રકારની શરૂઆત વગર અંત પામી ન શકાય. કોઈપણ પ્રકારના ડગલા વગર અંતિમ મુકામ સુધી પહોંચી ન શકાય. કોઈપણ પ્રકારના યજ્ઞ વગેરે ફળની પ્રાપ્તિ સંભવી ન શકે. પ્રયત્ન તો જરૂરી છે, પણ સાથે સાથે સાત્વિક ઈચ્છાશક્તિ અને નીતિ-નિયમોનું પાલન પણ જરૂરી છે. હેતુ શુદ્ધ હોવો જોઈએ, સાધનોમાં પણ શુદ્ધિ હોવી જોઈએ, જે તે ક્રિયા શાસ્ત્રીય ધોરણે સંપન્ન થવી જોઈએ, સ્થાન અને સમય પણ સુયોગ્ય હોવાં જોઈએ અને તે બધા સાથે અધિકારની પ્રાપ્તિ થઈ શકે તે માટે શિવજીની અનુમતિ હોવી જોઈએ.

શિવ-કૃપા માટે અઘાથ પ્રયત્ન જરૂરી છે. આ માટે બધાં પ્રકારના જ મોહનો ત્યાગ કરવો પડે, નિર્દોષતા અને નિર્મળતા ધારણ કરવી પડે, કોઈપણ પરિસ્થિતિમાં ચલિત થયા વગર, પવન વિનાની સ્થિતિમાં જેમ જ્યોત સ્થિર હોય તેમ ચિત્તને સ્થિર કરવું પડે, સાચા અર્થમાં સ્થિત પ્રજ્ઞ બનીને રહેવું પડે, દરેક પ્રકારના દ્વંદ્વથી મુક્ત થવું પડે, ક્યાંક કોઈ પણ પ્રકારનો ભેદ ન જોતાં સંસારમાં વ્યાપેલ પ્રભુમય સમરાસતા પર જ ધ્યાન હોવું જોઈએ, માન-અપમાન શુભ-અશુભ સત્ય-અસત્ય તથા મુક્તિ-બંધન એ બધાથી જ જાતને અલગ કરવી દેવી પડે, મોહ માયા લોભ મોહનો ત્યાગ કરવો પડે, દ્રષ્ટિને અંદરની તરફ વાળવી પડે, ઇન્દ્રિયો પર નિયંત્રણ સ્થાપવું પડે, મનના વ્યભિચારને રોકવો પડે, વિવેક અને સંયમને મહત્ત્વ આપવું પડે, આધ્યાત્મિકતા માટે જરૂરી અભ્યાસ અને વૈરાગ્યનું મહત્ત્વ સમજવું પડે અને આ બધા સાથે દેહભાવ તથા તેમાં વ્યાપેલ અહંકારને બાજુમાં મૂકી માત્ર પરમમય થવું જોઈએ.

એ સમજી લેવું પડે કે નથી કંઈ મેળવવાનું નથી કંઈ પામવાનું નથી કંઈ ઈચ્છવાનું નથી કંઈ ગુમાવવાનું નથી. કંઈ કરવાનું હોય તો તે ચોક્કસ પ્રકારનો પુરુષાર્થ કરવાનો છે. અનિત્ય પ્રત્યેના બંધનથી મુક્ત થઈ નિત્ય સાથે જોડાવાનું છે. જેનો નાશ થવાનો છે તેનાથી વિમુક્ત થઈ અવિનાશીને સમજવાનો છે, પ્રેયની અપેક્ષાએ શ્રેયની સ્વીકૃતિ કરવાની છે અને આ બધા થકી શિવજીની કૃપાના અધિકારી થવાનું છે. પ્રભુ કૃપાના અધિકારી બનવા તેની મરજી પ્રમાણે જીવવાનું, તેના નિયમોમાં રહેવાનું, તેણે જ્યાં જેવી સ્થિતિમાં મૂક્યા હોય ત્યાં તેવી સ્થિતિમાં પણ ધર્મનો નિભાવ કરવાનો, ક્યાંય ફરિયાદ નહીં ક્યાંય રાવ નહીં, માત્ર પૂર્ણ સમર્પિતતાથી શિવજીમાં તલ્લીન થઈ જવાનું.

ચંચળતા ત્યાગવી પડે, વર્તમાનમાં જ જીવવું પડે, ભક્તિ અને જ્ઞાન માટે પ્રયત્નો કરવો પડે, સહજતાથી જે મળે તેમાં સંતુષ્ટ રહેવું પડે, પ્રત્યેક કર્મ માટે જાગ્રતતા કેળવવી પડે, સદા જાગ્રત રહેવું પડે, વ્યવહાર માત્ર વિવેકને આધારિત રાખવો પડે, દરેક પરિસ્થિતિમાં સંયમ જાળવી રાખવો પડે, અસ્તિત્વને સાચા અર્થમાં ઓળખી તેમાં રમણ થવું પડે તથા હરખ અને શોખથી દૂર રહી આઠે પહોર આનંદમાં મસ્ત થઈને રહેવાની શરૂઆત કરવી પડે.

દુન્યવી વ્યવહારમાં પણ કૃપા મેળવવા માટે જે તે વ્યક્તિની અપેક્ષા મુજબ પોતાની જાતને સ્થાપિત કરવી પડે. સામેવાળી વ્યક્તિના આદર્શોને અનુસરવા પડે - તેની વિચારધારા પ્રમાણે આપણી વિચારધારા ધીમે ધીમે ગોઠવવી પડે. તે વ્યક્તિ આપણા તરફથી જે કાર્યની અને જે પ્રકારની અપેક્ષા રાખે તે પૂરી કરવાનો પૂરેપૂરો ઈમાનદારીથી પ્રયત્ન આપણાં તરફથી થવો જોઈએ. કોઈપણ વ્યક્તિની કૃપા - તેના આશીર્વાદ ત્યારે જ મળી શકે જ્યારે આપણે આપણી જાતને એ વ્યક્તિના એક ભાગ તરીકે જોતાં અને તે જ રીતના વર્તતાં થઈએ. આ એક કઠિન તથા ઊંચા સ્તરની વાત થઈ. પૂર્ણ કૃપા માટે તો પોતાના અસ્તિત્વનો લોપ કરી સામેવાળી વ્યક્તિ માટે જ આ જીવન આપણે જીવતા હોઈએ તેવું સ્થાપિત કરવું પડે. હવે જો એક માનવીની કૃપા માટે આટલા બધા પ્રયત્નો કરવા પડતા હોય તો શિવજીની કૃપા પામવા માટે તો શું શું ન કરવું પડે. છતાં પણ શિવજી ભોલેનાથ છે તેનો ફાયદો તો મળે જ.

શિવ-કૃપાનો અધિકાર તો રાવણે પણ પ્રાપ્ત કરેલો. એ સિવાય પણ કેટલાક દાનવોએ શિવજીની કૃપા પ્રાપ્ત કરી હતી. પણ તેનું પરિણામ તે વ્યક્તિ/દાનવ માટે, સમાજ માટે અને આધ્યાત્મિક વિશ્વની સંરચના માટે નકારાત્મક રહ્યું. માત્ર કૃપા અગત્યની નથી તેની માટે લાયકાત પણ જરૂરી છે નહીંતર તો પરિણામ વિધ્વંશક પણ આવી શકે. તેમાં ન તો તે વ્યક્તિનો ઉદ્ધાર થાય, ન સમાજને ફાયદો થાય કે ન આધ્યાત્મિક ક્ષેત્ર માટે કોઈ યોગ્ય ઉદાહરણ સ્થાપિત થાય. સંપૂર્ણતામાં આ એક વિઘટનાત્મક ઘટના બની રહે. સામાન્ય વ્યવહાર માટે પણ કહેવાય છે કે અધિકાર પ્રાપ્ત કરતા પહેલા લાયકાત કેળવવી પડે. અહીં આ લાયકાત કેળવવાની જ વાત છે.

પૌરાણિક ઇતિહાસ જોતાં જણાશે કે શિવ-કૃપાના અધિકારી થવાનું છે ક્યારેક મુશ્કેલ બની રહે તો ક્યારેક તે સરળ પણ લાગે. અગત્યનું એ છે કે આ પ્રયત્ન સાતત્યપૂર્ણ હોવું જોઈએ. પરિણામ મળશે જ એની ખાતરી શિવજી જ આપે છે.

## ભગવાન ગણેશ એટલે વિવેક ને ગણપતિની પૂજા એટલે આપણા વિવેકની પૂજા...



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

'રામચરિતમાનસ' ગ્રંથનું જે રૂપ છે, બાહ્યરૂપ છે, એ સાત ભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે. આપ જાણો છો કે ,વાલ્મીકિજીએ 'રામાયણ'ના ભાગો માટે 'કાંડ' શબ્દ પ્રયોજ્યો છે, 'બાલકાંડ', 'અયોધ્યાકાંડ', 'અરણ્યકાંડ', 'કિષ્કિન્ધાકાંડ', 'સુંદરકાંડ', 'લંકાકાંડ','ઉત્તરકાંડ'. આપણે પણ એ જ શબ્દનો પ્રયોગ કરીએ છીએ, પરંતુ 'રામચરિતમાનસ'માં તુલસીજીએ પ્રથમ સોપાન, દ્વિતીય સોપાન, તૃતીય સોપાન, ચતુર્થ સોપાન, પાંચમું સોપાન, છઠ્ઠું સોપાન, સાતમું સોપાન એમ સોપાનોમાં આ કથાનું સંયોજન કર્યું છે.

'બાલકાંડ'ના આરંભમાં ગોસ્વામીજી મંગલચરણના સાત મંત્રોનું ગાન કરે છે. ત્યારબાદ સાવ ગ્રામભાષામાં, સરળ હિન્દીમાં, દેહાતી હિન્દીમાં શ્લોકને લોક સુધી પહોંચાડવા માટે આપણા સુધી પહોંચવા માટે તુલસી શિખર પરથી સાવ નીચે આવે છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, સંહિતા, બ્રાહ્મણગ્રંથ, અન્ય ગ્રંથ, ભારતના તત્ત્વજ્ઞાનનું જેટલું સાહિત્ય છે, સતસાહિત્ય છે, એ બધાનો ક્યાંક ને ક્યાંક ગોસ્વામીજીએ ઉલ્લેખ કર્યો છે. અને હેતુ એક માત્ર 'સ્વાન્તઃ સુખાય તુલસી રઘુનાથ ગાથા.'

આપણી સનાતનીય પરંપરામાં કોઈપણ મંગલકાર્યના આરંભમાં મોટે ભાગે આપણે પંચદેવની પૂજા કે પંચદેવનું સ્થાપન કરીએ છીએ. જગદગુરુ શંકરાચાર્યે આપણને પાંચ દેવની ઉપાસના કરવાનું શીખવ્યું છે કે, દરેક વ્યક્તિએ પાંચને પૂજવા. એક તો સૂર્યને, બીજા ગણપતિને, ત્રીજા મહાદેવને અને મા દુર્ગા ભવાની અને પાંચમા ચતુર્ભુજ નારાયણ ભગવાન વિષ્ણુ, જે કહો તે,આ પંચદેવની વાત. તુલસીદાસજી રામાનંદીય પરંપરામાં આવ્યા છે, પણ છતાંય ભગવાન શંકરાચાર્ય મહારાજના સિદ્ધાંતોનો આ કેટલો મોટો સમન્વય કર્યો છે કે એ વાતને એમણે 'રામાયણ'ના આરંભમાં મૂકી દીધી! માણસોએ આ પાંચ દેવને પૂજવા; તો, તુલસીએ પણ એમને જયારે આટલા મોટા શાસ્ત્રનું દાન કરવું છે ત્યારે પંચદેવોનું સ્મરણ કર્યું. ગણેશ, દુર્ગા, શિવ, ભગવાન વિષ્ણુ નારાયણ અને સૂર્ય ભગવાન. આ આપણી પરંપરામાં આવ્યું છે તો એનું આપણને ગૌરવ છે, પરંતુ આ પંચદેવની વાત



સાર્વભૌમ છે. જો પોતાના હઠાગ્રહો છોડીને બધી વિચારધારાના લોકો આ વાતને સમજે તો પંચદેવની વિચારધારા મૂલતઃ સાર્વભૌમ છે, સંકીર્ણ નથી.

ગણેશની પૂજા એટલે વિવેકની પૂજા. ગણેશ એટલે વિવેક. અને વિવેકની મનાઈ કયો ધર્મ કરે છે? વિવેક તો સૌ પાસે હોવો જોઈએ. રમણ મહર્ષિએ આપણી વિચારધારામાં,આપણી પરંપરામાં, બીજા સ્વામી રામતીર્થે જે પાપની વ્યાખ્યા કરી, બહોત અદ્ભુત કરી. આજના કાળ માટે બિલકુલ યોગ્ય છે અને ચેતનાવંત મહાપુરુષોને અધિકાર હોય છે કે મૂળને સાચવીને નવાં નવાં ફૂલો આપે. એને અધિકાર હોય છે. ઈશ્વરે શુભ અવસર આપ્યો હોય અને ઈ અવસરને જે માણસ ચૂકી જાય એને રમણ મહર્ષિ પાપ કહે છે. શ્રીમદ્ રામતીર્થ પાપ કહે છે. હરિ ભજવાનો અવસર આવ્યો હોય ને માણસ ચૂકી જાય એ પાપ. બીજાને મદદ કરવાનો સમય આવ્યો હોય ને ચૂકી જાય એ પાપ. પ્રભુએ ધન આપ્યું હોય એનો સદ્ઉપયોગ કરવો. ધ્યાન કરવાનો અવસર આવ્યો હોય ને ચૂકી જાય એ પાપ.

ઈશ્વરનું એવું છે કે, આપણા પાપનું બધું લીસ્ટ નથી રાખતો. કેવા તમે આવ્યા છો ઈ હશે ચિત્રગુપ્તના ચોપડામાં, નીચેની ઓફિસોમાં હશે, પરંતુ કોઈ બધાના વિધાતા સુધી આ બધું હશે. પરંતુ જેને આપણે પરમ સત્તા કહીએ છીએ, પરમાત્મા કહીએ એ કાંઈ આપણા પાપનું લીસ્ટ રાખે એટલો નાનો માણસ છે? એ તો એ લીસ્ટ રાખે છે કે તને અવસર મળ્યો ત્યારે તેં મને કેટલો ભજ્યો? તને અવસર મળ્યો ત્યારે તેં દીનહીનની મદદ કેટલી કરી? તને અવસર મળ્યો ત્યારે તેં વિષમતા છોડીને સમતાની ભૂમિ પર કામ કેટલું કર્યું? તને અવસર મળ્યો ત્યારે લોકોને આનંદ આપવામાં હિસ્સેદાર કેટલો બન્યો? ઈ લખે છે. આપણા બધાના પાપ લખવા બેસે તો આખી પૃથ્વી ઉપર લખાણ કરવું પડે અને ઈ બહુ નાના નાના અક્ષરોમાં કરવું પડે. પણ પરમસત્તા હશે જે આપણે ત્યાં વ્યવસ્થા પુરાણોમાં દેખાય છે હશે. કબૂલ કરું હશે, પરંતુ ઈશ્વર એ બધું લક્ષમાં થોડું રાખે ?

*कह हनुमंत बिपती प्रभु सोई।*
*जब तब सुमिरन भजन न होई।।*

આવેલા અવસરનો આપણા વિવેકના અજવાળામાં, આપણી મર્યાદા પ્રમાણે સદ્ઉપયોગ કરવો એને ઈશ્વર યાદ રાખે છે. પછી ખેતીનો અવસર આવ્યો હોય ત્યારે વિવેકથી ખેતી કરી લ્યો, છોકરાઓને પરણાવવાનો અવસર આવે ત્યારે વિવેકથી તમારી ક્ષમતા પ્રમાણે તમારા સ્વધર્મને નિભાવો. ભગવાનની કથામાં આત્મ જાગૃતિ થતી હોય તો ઈ ઈશ્વરની પળને ચૂકો નહીં, પરંતુ બહુ જ મારી હૃદયની અપીલ કે तुम्हारे बच्चे याद करे तो वो भी अवसर चूको नहीं क्योंकि કથામાં તો રામનો જન્મ કરાવીશ. પાંચમે-છઠ્ઠે દિવસે જ્યારે કરાવું ત્યારે અને પારણામાં જે પીતળનાં કે ચાંદીના લાલા હશે એને આપણે ઝુલાવીશું પણ તમારે ઘેર જે બાલકૃષ્ણ ઝૂલે છે એને પ્રેમ કરવાનું ચૂકશો નહીં, એ પુણ્ય છે. પ્રેમથી ધીમે ધીમે પરમ સુધી પહોંચવાનું છે. એ પણ એક સીડી છે.

દુર્ગા એટલે શ્રદ્ધા. કોઈ ધર્મમાં શ્રદ્ધાનું ખંડન હોઈ શકે? બધા શ્રદ્ધા પર તો ટક્યા છે. શિવ એટલે કલ્યાણ. બધા ધર્મ વિશ્વના કલ્યાણની વાતો કરવા માટે આગળ આવે છે અને વિષ્ણુ એટલે વિશાળતા, વ્યાપકતા, ઉદારતા. ધ્યાન રાખજો, ઉદાર બન્યા વિના શાંતિ થતી નથી. પંચદેવોની સ્થાપનાનો આ સાર્વભૌમ વિચાર છે. ધર્મની અને એકબીજાની વાતો એકબીજા કાપશે તો કદાચ જયજયકાર થઇ શકશે, શાંતિકાર નહીં થઇ શકે. અને લોકો ધર્મના નામે, પોતપોતાની વિચારધારાને નામે બીજાનું કેવી રીતે અપમાન કરી શકાય, કેવી રીતે બીજાને પોતાનાથી નાના સિદ્ધ કરી શકાય એ માટે પ્રવૃત્ત છે ! અને હોશિયારી સાથે આ બધું થાય છે !

તો, મારાં ભાઈ-બહેનો, આ સાર્વભૌમ સિદ્ધાંત છે. બીજાનું કલ્યાણ કરો એ શિવસ્થાપના. શ્રદ્ધાને અકબંધ રાખો એ દુર્ગાની સ્થાપના. વિવેક સંભાળો એ ગણેશ ઉપાસના. ઉદાર બની રહો એ વિષ્ણુની આરાધના અને પ્રકાશમાં જીવવાનો સંકલ્પ કરો એ સૂર્યની આરાધના. તો, ગોસ્વામીજીએ આરંભમાં પંચદેવોની વંદના કરી. અને પછી જેનામાં પાંચેય દેવ સમાઈ જાય છે એવા સદગુરુની વંદના તેઓ કરે છે. ગુરુમાં બધું આવી જાય છે. સદગુરુમાં બધું સમાઈ જાય છે.

- સંકલન : જયદેવ માંકડ

## આધ્યાત્મિક અનુભવો અલૌકિક પ્રકારના છે

અલૌકિક દર્શન
ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

આ સુષુપ્ત કુંડલિની પ્રાણાયામ, મુદ્રા, જપ, ધ્યાન આદિ સાધનાથી અને વિશેષ કરીને ભગવત્કૃપાથી જાગૃત થાય છે. સુષુમ્ણાનું સામાન્યતઃ બંધ રહેતું દ્વાર ખોલીને તે માર્ગે આ મહાશક્તિ ઊર્ધ્વારોહણ કરે છે અને માર્ગમાં આવતા ચક્રોનું ભેદન કરતી કરતી આગળ વધે છે જેમ જેમ આ કુંડલિની આરોહણ કરતી જાય છે તેમ તેમ સાધકની ચેતનાનું પણ ઊર્ધ્વીકરણ થતું જાય છે, જ્યારે આ શક્તિ સહસ્રારમાં પહોંચે ત્યારે બ્રહ્મરંધ્રસ્થ શિવ સાથે શક્તિનું મિલન થાય છે અને સાધક સમાધિ અવસ્થાને પામે છે અને સમાધિના જ વિશેષ અભ્યાસથી આખરે પરમ ધ્યેય કૈવલ્યાવસ્થાને પામે છે.

જે જે ચક્રોનું કુંડલિની શક્તિ ભેદન કરે તે તે ચક્ર અધોમુખ સ્વરૂપ છોડીને ઊર્ધ્વમુખી બને છે. ચક્રની બિડાયેલી પાંખડીઓ વિકસિત બને છે. માત્ર ચક્રની પાંખડીઓ જ નહિં ચેતના પણ વિકસિત બનતી જાય છે.

કુંડલિનીની આ ઊર્ધ્વયાત્રા, મણિપુર સુધી પ્રમાણમાં સરળ છે. ત્યાંથી આગળના અમુક ચક્રોના ભેદનનું કાર્ય પ્રમાણમાં મુશ્કેલ છે તેથી આવા ચક્રોને યૌગિક પરિભાષામાં ગ્રંથિ કહેવામાં આવે છે.

ષટ્ચક્ર નિરૂપણમાં એક મહત્ત્વના વિષયનું નિરૂપણ છે જે નોંધનીય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જ્યાં મસ્તક અને મેરુદંડનું મિલન સ્થાન છે ત્યાં સુષુમ્ણા નાડી બે ફાંટામાં વહેંચાય છે. એક માર્ગે તે વિશુદ્ધ ચક્રથી આજ્ઞા ચક્રમાં થઈને સહસ્રારમાં પહોંચે છે આ માર્ગને પૂર્વ માર્ગ કહે છે. બીજો માર્ગ સીધો જ સહસ્રારમાં જાય છે. તેને પશ્ચિમ માર્ગ કહે છે. જ્ઞાનેશ્વર મહારાજના મતે આ માર્ગમાં પણ બીજા પાંચ ચક્રો છે. આ ચક્રોના નામ ત્રિકૂટ, શ્રીહાટ, ગોલ્હાટ, ઔષ્પીઠ અને ભ્રમર ગુફા છે. પૂર્વ માર્ગ કરતાં પશ્ચિમ માર્ગ કઠિન પણ ચડિયાતો ગણાય છે.


કુંડલિની જાગરણની પ્રક્રિયા દરમિયાન સાધકને અનેકવિધ અનુભવો થાય છે. આ અનુભૂતિઓને ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

**૧. દર્શનો** - ભગવત્-વિગ્રહનું દર્શન દેવ-દેવીઓનું દર્શન, પુષ્પપર્વત, નદી, સૂર્ય, ચંદ્ર જેવા પ્રાકૃતિક દર્શનો, મંદિર, યજ્ઞવેદી, લોકલોકાંતર વગેરેના દર્શનો; ગત જન્મના પ્રસંગો, ભાવિની આગાહી કરતાં પ્રસંગો. વગેરે.

**૨. નાદશ્રવણ** - ઓમ્કાર, બંસીવાદન, નૂપુરનો અવાજ, મયૂરનો ટહુકાર, શંખવાદન વગેરે, કોઈ વાર ઈષ્ટદેવતા, દેવ-દેવી, ગુરુ કે કોઈ મહાપુરુષના શબ્દો પણ સંભળાય છે.

૩. સ્પર્શની સંવેદનાઓ - સુષુમ્ણા પથ પર કુંડલિનીની યાત્રા દરમિયાન ભિન્નભિન્ન ચક્રો પર સાધક ભિન્નભિન્ન પ્રકારની સ્પર્શ સંવેદનાઓ અનુભવે છે. ઉષ્ણતા, ભીનાશ, ઠંડક, થોડીવેદના, સુખસંવેદના, વગેરે અનેકવિધ સ્પર્શ સંવેદનાઓનો અનુભવ થઈ શકે છે.

૪. ગંધ સંવેદનાઓ - સાધકને અલૌકિક પ્રકારની



દિવ્યગંધનો અનુભવ પણ થાય છે.

૫. સ્વાદની સંવેદનાઓ - કોઈ કોઈવાર સાધકને વિશિષ્ટ પ્રકારની અલૌકિક સ્વાદનો અનુભવ પણ થઈ શકે છે.

આ પ્રકારની અનુભૂતિઓ સાધકને ધ્યાનાવસ્થામાં, સ્વપ્નાવસ્થામાં કે કોઈવાર જાગૃતાવસ્થા દરમિયાન પણ થઈ શકે છે. આ પ્રકારના અનુભવોમાં વ્યક્તિગત ભિન્નતા ખૂબ છે. એટલે સર્વસામાન્ય એવો કોઈ ક્રમ બાંધી શકાય તેમ નથી. વળી, આ પ્રકારના અનુભવો કુંડલિની જાગરણના અનિવાર્ય લક્ષણો છે, એવું પણ નથી. આવા અનુભવો અને તેને જ લગતાં ઈંદ્રિયગત અનુભવો વચ્ચે બે મુખ્ય ભેદ છે. (i) ઈંદ્રિયગત અનુભવો બાહ્ય ઉદ્દીપકોને પરિણામે થાય છે, જ્યારે આ અનુભવોમાં કોઈ બ્રાહ્ય ઉદ્દીપકો હોતા નથી. તેઓ અંદર બનતી ઘટના છે. (ii) ઈંદ્રિયગત અનુભવો લૌકિક જગતની ઘટના છે, તેથી સાધકની ચેતનાને બાંધે છે.,જ્યારે આ આધ્યાત્મિક અનુભવો અલૌકિક પ્રકારના છે અને સાધકની ચેતનાને મુક્ત થવામાં મદદ કરે છે. કોઈકવાર કોઈક સાધકમાં વિશિષ્ટ પ્રકારની શક્તિઓ વિકસે એવું પણ બની શકે છે.

આ અનુભવો માર્ગ પરના સીમાચિહ્નો છે અને તેથી આવકાર્ય છે, પરંતુ તે સાધકનું લક્ષ્ય નથી. તેથી તેમને માટે અભિપ્સા સેવવી નહીં અને આવે તો તેમનામાં રમમાણ રહેવું નહીં, પરંતુ ભગવત્-કૃપાનો પ્રસાદ સમજી તટસ્થ અને નમ્ર રહેવું.

અધ્યાત્મપથ પર થતાં અનુભવો સદ્ગુરુ સિવાય અન્યત્ર વ્યક્ત ન કરવા તે અધ્યાત્મપથની શિસ્ત છે.

બીજી પણ એક વાતનો ખ્યાલ રાખવો કે આવા અનુભવો ઘણીવાર સાચા હોય છે અને ઘણીવાર મનોકલ્પિત ભ્રમણાઓ પણ હોય છે. સાચા કે ભ્રમયુક્ત અનુભવોને તો સદ્ગુરુ જ પારખી શકે છતાં નીચેનાં લક્ષણો પરથી કંઈક અંદાજ મેળવી શકાય તેમ છે.

૧. સાચા અનુભવો વ્યક્તિની ચેતનાનું રૂપાંતર કરે છે. સાધકની ચેતનામાં શુચિતા, સરલતા, દુન્યવી ભોગો પ્રત્યે વિરક્તિ, શ્રદ્ધા, સમર્પણભાવ, વગેરે ઉચ્ચ આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રગટે છે. સાધકની ભ્રામક અનુભવો વ્યક્તિની ચેતનામાં વિકૃતિ લાવે છે અને વ્યક્તિનું જીવન ઊર્ધ્વગામી બનવાને બદલે વેરણછેરણ બની જાય છે.

૨. સાચા અનુભવો સુખદ-આહ્લાદક હોય છે, જ્યારે ભ્રામક અનુભવો કષ્ટપદ અને વેદના વધારનાર હોય છે.

૩. સાચા અનુભવો પામનાર સાધકને પોતાના અનુભવો અભિવ્યક્ત કરવાની વૃત્તિ થતી નથી, પરંતુ ભ્રામક અને મનોકલ્પિત અનુભવો પામનાર વ્યક્તિમાં પોતાના અનુભવોનો પ્રચાર કરવાની વૃત્તિ હોય છે.

૪. સાચા અનુભવ દરમિયાન વ્યક્તિના મુખ પર તેજ છવાય જાય છે. ભ્રામક અનુભવો દરમિયાનવ્યક્તિનો ચહેરો નિસ્તેજ બની જાય છે.

૫. સાચા અનુભવો પામનાર સાધકને પોતાના અનુભવોની સચ્ચાઈ વિશે સામાન્યતઃ બહુ શંકા રહેતી નથી. ભ્રામક અનુભવો મેળવનાર વ્યક્તિમાં ઊંડે ઊંડે પોતાના અનુભવોની સચ્ચાઈ વિશે શંકાનોકીડો રહ્યા જ કરે છે.

કુંડલિનીના ઊર્ધ્વરોહણની પ્રક્રિયા બધા સાધકોમાં એક જ સરખી હોતી નથી. આ ગતિને શાસ્ત્રોમાં પાંચ પ્રકારની ગણાવવામાં આવેલ છે.

જેવી રીતે કીડી ધીમે ધીમે અને એક સરખી ગતિથી આગળ વધે છે તેવી રીતે કેટલાક સાધકોમાં કુંડલિની ધીમે ધીમે અને એકસરખી ગતિથી ઊર્ધ્વગમન કરે છે આ પ્રકારની ગતિને પિપીલિકા ગતિ કહે છે.

**૨. ભેક ગતિઃ**

દેડકો કૂદકા મારે છે અને બે-ત્રણ કૂદકા મારીને પાછો રોકાય છે અને ફરી આગળ વધે છે. આ રીતે કુંડલિની જ્યારે કૂદકા મારતી અને રોકાતી રોકાતી આગળ વધે ત્યારે તેની ગતિને ભેક ગતિ કહે છે.

**૩. સર્પ ગતિઃ**

સર્પ વાંકીચૂંકી ગતિથી સડસડાટ આગળ વધે છે. આ પદ્ધતિથી જ્યારે કુંડલિની ગતિ કરે ત્યારે તેને સર્પગતિ કહે છે.

**૪. વિહંગ ગતિઃ**

પક્ષી વચ્ચે આવતાં સ્થાનોને સ્પર્શ કર્યા વિના ઉડ્ડયન કરે છે કુંડલિની જ્યારે પક્ષીની જેમ ઉડ્ડયન કરતી આગળ વધે ત્યારે તે ગતિને વિહંગ ગતિ કહે છે.

**૫. વાનર ગતિઃ**

વાનર કૂદાકૂદ કરતાં આગળ વધે છે. આ રીતે કુંડલિની કૂદાકૂદ કરતાં કરતાં આગળ વધે ત્યારે તે ગતિને વાનર ગતિ કહે છે.

**૫. કુંડલિની જાગરણના ઉપાયો**

૧. કુંડલિની જાગરણનો સર્વેશ્રેષ્ઠ ઉપાય તો ભગવત્કૃપા જ છે. અન્ય સાધનો કૂવાના પાણી જેવા છે,જ્યારે ભગવત્કૃપા અનરાધાર વર્ષાની હેલી સમાન છે. અન્ય સાધના કરવામાં આવે ત્યારે પણ સાધનાની સફળતાનો આધાર ભગવત્કૃપા પર જ છે. એટલે ઈશ્વપ્રણિધાન સર્વ સાધનોમાં શ્રેષ્ઠ અને સર્વ સાધનોના પાયારૂપ સાધન છે.

(ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# અલખ અવતારી રામદેવ પીર



રામદેવજીના નવરાત્ર ચાલી રહ્યા છે. રામદેવપીરનું નામ આજે પાટઉપાસનાના સ્થાપક તરીકે, લોકદેવતા તરીકે, નકળંગ અવતાર તરીકે, બાર બીજના ધણી તરીકે, ઈશ્વરના એક અવતાર તરીકે લેવાય છે. એમનું જીવન અનેક પ્રકારની ચમત્કારમય ઘટનાઓ સાથે જોડાયું છે. રામદેવપીર પોતે પાટ- ઉપાસનાના દીક્ષિત અનુયાયી હોવા છતાં આજે પાટના ધણી તરીકે પૂજાય છે જે તેમના ભવ્ય, અલૌકિક વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. રામદેવપીર વિશે સંપૂર્ણ પ્રમાણભૂત વિગતો આજ સુધી પ્રાપ્ય નથી. એમના જીવન સાથે જે કંઈ માહિતી મળે છે તેમાં રામદેવપીર પછી બસો બેતાલીશ વર્ષ પછી થયેલા હરજી ભાટીની રામદેવપીરના જીવનવિષયક આખ્યાયિકાઓ અને લોકકંઠે-લોકભજનિકો દ્વારા સચવાયેલી દંતકથાઓ મુખ્ય છે. રામદેવપીરનો સમય આપણા માટે સંશોધનનો વિષય બની રહે છે. છતાં ઈ.સ.૧૩૫૧ / વિ.સં.૧૪૦૭ જન્મ વર્ષ અને ઈ.સ.૧૪૫૯ / વિ.સં.૧૫૧૫ સમાધિ વર્ષ એ સમય બહુધા લોકકંઠે સચવાયેલો અને સંપ્રદાય સ્વીકૃત સમય છે. એ મુજબ રામદેવપીરનું ૧૦૮ વર્ષનું આયુષ્ય મનાયું છે.

રાજસ્થાની ઈતિહાસ ગ્રંથો તથા સાહિત્યના માન્ય ઈતિહાસોમાં રામદેવપીર વિશે વધુ નોંધ મળતી નથી. રામદેવજી મહારાજ જે સમયે આ ધરતી ઉપર આવ્યા તે સમયે તુંવર વંશ પાસે રાજવહીવટ નથી અને તેથી તેના વિશે પ્રમાણભૂત સમયસંદર્ભો-વંશપરંપરાગાદી હકીકત વગેરે નોંધાયું નથી. એમના વિશેની જે વંશાવળીઓ ભાટબારોટોના ચોપડાઓમાં પ્રાપ્ત થાય છે તે રામદેવજીના સમય પછીના સો-દોઢસો વર્ષ પછીના સમયગાળા દરમિયાન લખાઈ છે જે માત્ર કંઠસ્થ પરંપરાની દંતકથાઓ, લોકોક્તિઓના આધારે લખવામાં આવી હોય તેવી શક્યતા જણાવે છે. કારણ કે બારોટ-ભાટોની વહીઓમાં પણ સમયની એકસૂત્રતા નથી, દરેક વહી જુદો જુદો સમયસંદર્ભ આપે છે.

રાજસ્થાનમાં નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસના ઘણા જૂના સમયથી પ્રચલિત હતી. જેમાં જ્યોતના સ્વરૂપે અલખધણીની પૂજા થાય, અને તેને 'સનાતન ધર્મ' કે 'અલખનામી' સંપ્રદાય તરીકે ઓળખવામાં આવતો. મૂળની શૈવ-શાક્ત તંત્ર પરંપરાનું લૌકિક સ્વરૂપ તે 'અલખ-ઉપાસના', જેમાં નાથ સંપ્રદાયની નિર્ગુણવાદી વિચારધારા, યૌગિક ક્રિયાઓ, તાંત્રિક ક્રિયાકાંડ જેવાં તત્ત્વો જોવા મળે. રાજસ્થાનમાં નાથ સંપ્રદાયના અનેક મહત્ત્વનાં સ્થાનો પ્રાચીન કાળથી વિકસતા આવેલાં, અને નાથસંપ્રદાયની દીક્ષા લઈને કેટલાય ગૃહસ્થ સંત-સાધકોએ પોતપોતાની રીતે આગવા મૌલિક પંથ-સંપ્રદાયોનું પ્રચલન કરેલું. ઈ.સ. ૧૦૫૦ થી ૧૧૯૯ એટલે કે વિ.સં.૧૧૦૬ થી ૧૧૫૬ વચ્ચેના સમયગાળા દરમિયાન ઈરાનના અલમૂત શહેરથી શિયા પંથનો ફેલાવો કરવા માટે અલમૂતના શાસનકર્તા હસન અલાઝિક્રી હિસ્સલામે નૂર સતાગરને ગુજરાતમાં મોકલ્યા. એ સમયે એટલે કે વિ.સં. ૧૧૩૧ સુધી દિલ્હીની ગાદી ઉપર રામદેવજીના પૂર્વજ તુંવર રાજપૂતોનું જ રાજ્ય હતું. ત્યારબાદ ઈ.સ.૧૩૫૧ (વિ.સં. ૧૪૦૮) દિલ્હીની ગાદીએ ફિરોજશાહ તુગલક આવ્યો. જેણે ૩૮ વર્ષ દિલ્હીની ગાદીએ રાજ્ય કર્યું. જેમણે હિંદુ સાધુઓની હત્યા કરી. મંદિરો તોડયા અને પોતે કટ્ટર સુન્ની પંથી હોવાને કારણે અનેક શિયા પંથના ઉપદેશકોની પણ ક્તલ કરેલી. આ સમયગાળા દરમિયાન એટલે કે ઈ.સ.૧૩૫૦ થી ૧૪૦૦ એટલે કે વિ.સં.૧૪૦૬ થી ૧૪૫૬ના ૫૦ વર્ષોમાં ઈરાનથી શિયા પંથના પીર શમસ / સમસુદીન કાશ્મીર અને ગુજરાતમાં આવ્યા. પીર શમ્સને બે મોરચે લડવાનું હતું. એક તો પોતે શિયા પંથી હોવાને કારણે કટ્ટર સુન્ની પંથી દિલ્લીના શાસકોથી બચવાનું હતું અને બીજી તરફ ભારતમાં છૂપા વેશે રહીને ઈસ્લામનો એટલે કે મૂર્તિપૂજાના નિષેધનો ફેલાવો કરવાનો હતો. અને એ માટે જરૂરી હતું ભારતીય ધર્મસાધનાની વિવિધ પરંપરાઓનું અને માન્યતાઓનું જ્ઞાન મેળવવું. પીર સમ્સુદીને હિન્દુ પુરાણોનો અભ્યાસ કર્યો. અને યોગ-સાધનાની પરંપરામાં પારંગતતા મેળવી. કાશ્મીરના શૈવ-દર્શનનો પણ પરિચય મેળવ્યો. નાથપંથી સાધનાનો આશ્રય લઈને શમસ ઋષિ તરીકે જાણીતા થયેલા સમ્સુદીન પાસે ખીંવણજી કે ખીમડિયો કોટવાળ દીક્ષિત થયો અને તેના મિત્ર રણસી તુંવર કે જેનું દિલ્હીનું રાજ્ય મુસ્લિમ શાસક દ્વારા છીનવાઈ ગયેલું. તેણે પણ શમસ ઋષિ પાસે દીક્ષા લીધેલી. જેની પાછળથી મુસ્લિમ શાસક દ્વારા દિલ્હીમાં હત્યા થયેલી. ખીંવણજી અને રણસી તુંવર ઉપર કરવત મુકાયેલ તેવી દંતકથાઓ મળે છે. આ રણસી તુંવર તે રામદેવપીરના દાદા થાય. પીર શમ્સના ત્રીજા શિષ્ય તે પીર પીર સદરૂદીન. જેની નિમણૂક ઈ.સ.૧૪૩૦ (વિ.સં.૧૪૮૬)માં ઉપદેશક તરીકે થયેલી અને જાણે શાહજી / શંભુજી / સહદેવ / શાહદાં / શંકરજી જેવાં નામ ધારણ કરેલાં.અને એ નામે ગિનાનોની રચના કરેલી.

રાવ સલખાજીના પુત્ર રાવળ માલદે/ રાવ મલ્લિનાથ મેહવાનો રાજા થયો. જેણે મુસ્લિમ સત્તા સામે લડાઈ કરેલી અને જીત મેળવેલી. ઈ.સ.૧૩૮૪માં માલદેવે ભાટી ઉગમસી અને મેઘ ધારૂ પાસે 'કાંબડિયા' પંથની દીક્ષા લીધી. આ મેઘ ધારૂ સતી રૂપાંદેના ગુરુભાઈ હતા, રાવળ મલ્લિનાથ પછી રામદેવપીરનો જન્મ થયો. નાથ પંથી સિદ્ધ બાળનાથ પાસે દિક્ષા લઈને રામદેવપીરે યોગ-સિદ્ધિ મેળવેલી. રામદેવ પીરે તે પછી મેઘ ધારૂના ભાભી દેવુબાઈ પાસે પાટની દીક્ષા લીધેલી એમ મનાય છે. જે દેવુબાઈ વિ.સં.૧૪૫૬ (ઈ.સ.૧૩૯૯-૧૪૦૦)માં મલ્લિનાથ પોતાના આયુષ્યના પાંસઠમાં વર્ષે જીવતાં સમાધિ લે છે ત્યારે રૂપાંદે તથા માલદેની સાથે જ જીવતાં સમાધિમાં બેસી ગયેલાં. આજ સુધી રામદેવપીરના અનુયાયીઓ તરીકે રૂપાંદે-માલદે, જેસલ-તોરલ વગેરેનાં નામ ગણાવાય છે તે સર્વે રામદેવજી પહેલાં આ ઉપાસના સાથે જોડાયેલા છે અને રામદેવજીના પૂર્વસમકાલીન સંતો છે. રામદેવપીરની પાટઉપાસનાનો સંબંધ નાથપંથી સાધના ધારા સાથે સંકળાયેલો છે. એમના ગુરુ તરીકે બાળનાથ નામના નાથપંથી સિદ્ધનું નામ મળે છે અને રામદેવપીરની રાજસ્થાની રચનાઓમાં જ્યોતસ્વરૂપી અલખ-નિરાકાર અવિનાશીની પૂજા, ઈસ્લામિક રહસ્યવાદ, યોગસાધના અને બાલાસુંદરી ઉપાસના પદ્ધતિનો સમન્વય થયો હોય તેવા સંકેતો મળે છે. ■

# કેવો આહાર લેવો?

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com



શ્રદ્ધાની સમજણ આપીને હવે ભગવાન કૃષ્ણ આહારનો વિવેક બતાવી રહ્યા છે, તે સમજીએ.

આજે ગુજરાતનાં મોટા શહેરોમાં રાત્રે ઉજાગરો કરવાની જાણે હરીફાઈ જામી છે. ફાસ્ટ ફૂડ, પાણીપૂરી કે બીજી અન્ય ખાણીપીણીની લારીઓ અને સ્ટોલનું વાઈન્ડ અપ તો રાત્રે બાર વાગ્યા પછી જ થાય છે. એના આપ બધાં સાક્ષી છો. ઘણીવાર આપે પણ મનમૂકીને આ સમયે પીત્ઝા કે સમોસા ચાટને માણ્યા હશે અને આગળનો દિવસ બગડ્યો પણ હશે. આવું કેમ થાય છે? જમાનો ફાસ્ટ ફૂડનો છે, વાત સાચી છે પણ જમાનો ફાસ્ટ બીમારીનો પણ છે. મેડિકલ સર્વે કહે છે કે આજે જેટલા દર્દીઓ દવાખાનામાં ઊભરાય છે, તેમાંથી મોટાભાગના દર્દીઓ આહારના અવિવેકથી થાય છે.

આજના સમયમાં, આપણી જીવનશૈલીમાં ઘણા પ્રકારની ખાવાની આદતો વિકસી ગઈ છે, જે આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. હા, આજની આધુનિક જીવનશૈલીમાં, પિત્ઝા, પાસ્તા, બર્ગર વગેરે જેવા ફાસ્ટ ફૂડ જેવા આહારની લોકપ્રિયતા વધી રહી છે.

પરંતુ આયુર્વેદ અને હિન્દુ શાસ્ત્રો અનુસાર, આપણા આહારની આપણા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર ઊંડી અસર પડે છે. આ દૃષ્ટિકોણથી, ખોરાકને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે - સાત્ત્વિક, રાજસિક અને તામસિક. આમાંથી, સાત્ત્વિક આહાર સૌથી શુદ્ધ અને શ્રેષ્ઠ માનવામાં આવે છે. સાત્ત્વિક આહાર એ છે જે શુદ્ધ, તાજો અને કુદરતી રીતે તૈયાર કરવામાં આવે છે, જેમાં ડુંગળી, લસણ, માંસ, આલ્કોહોલ અને વધુ પડતા મસાલાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ આહાર ઋષિ-મુનિઓ દ્વારા અનુસરવામાં આવે છે અને તે આધુનિક વિજ્ઞાનીઓ દ્વારા પણ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

ભગવાન કૃષ્ણ કહે છે:

જે ખોરાક વ્યક્તિની અંદર બ્રહ્મ તત્ત્વ વધારે છે અને જે તાજો, શુદ્ધ અને હળવો છે તે સાત્ત્વિક આહાર છે. આવો આહાર માત્ર શારીરિક સ્વાસ્થ્યમાં સુધારો જ નથી કરતો, પણ માનસિક અને આધ્યાત્મિક શાંતિ પણ પ્રદાન કરે છે.

સાત્ત્વિક આહાર પચવામાં ખૂબ જ સરળ છે. તેમાં તાજા ફળો, શાકભાજી અને આખા અનાજનો સમાવેશ થાય છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. આવા ખોરાકનું સેવન કરવાથી પેટમાં બળતરા, એસિડિટી કે અન્ય પાચન સમસ્યાઓ થતી નથી. આ આહારમાં ખૂબ ઓછા મસાલા અને તેલનો ઉપયોગ થતો હોવાથી, તે હૃદય અને બ્લડ સુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર અને હૃદય રોગના દર્દીઓ માટે પણ આવા ખોરાકનું સેવન અત્યંત ફાયદાકારક છે.

વધુમાં, તેનાથી શરીર હળવાશ અનુભવે છે અને તે શરીરને વધુ ઊર્જા પ્રદાન કરે છે. ઘરના વડીલો પણ તેલ અને મસાલા વગરનો હળવો ખોરાક ખાવાની સલાહ આપે છે, કારણ કે તે ઝડપથી પચી જાય છે અને શરીર તાજગી અનુભવે છે.

સાત્ત્વિક આહાર માનસિક શાંતિ અને સંતુલનને પ્રોત્સાહન આપે છે. આ આહારનું સેવન કરવાથી વ્યક્તિ સ્થિર રહે છે. તેનાથી મન શાંત રહે છે અને ચિંતા કે તણાવને દૂર કરે છે.

સાત્ત્વિક આહારની ત્વચા અને વાળ પર સકારાત્મક અસર પડે છે. સાત્ત્વિક આહાર પોષક તત્ત્વોથી ભરપૂર હોવાથી અને તેમાં તેલ, મસાલા અને ખાંડનો ઉપયોગ ખૂબ ઓછો હોવાથી, તે ત્વચાને કુદરતી રીતે સ્વસ્થ અને ચમકદાર બનાવવામાં મદદ કરે છે. આ ઉપરાંત વાળ મજબૂત અને સુંદર પણ બને છે. આ આહારનું સેવન કરવાથી શરીર અંદરથી શુદ્ધ થાય છે, જેનાથી બાહ્ય સુંદરતામાં પણ વધારો થાય છે.

સાત્ત્વિક આહાર ફાઇબર અને પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે, જે શરીરના ચયાપચયને સુધારે છે. તેનું સેવન કરવાથી પેટ લાંબા સમય સુધી ભરેલું રહે છે અને વ્યક્તિને વધુ ભૂખ લાગતી નથી, જેના કારણે વજન નિયંત્રણમાં રહે છે. વધુમાં, આ ખોરાક વધારાની કેલરી વિના શરીરને જરૂરી પોષણ પૂરું પાડે છે.

સાત્ત્વિક આહારના નિયમિત સેવનથી શરીરના બધા અવયવો યોગ્ય રીતે કાર્ય કરે છે અને રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે. આયુર્વેદ અનુસાર, આ આહાર જીવનને લાંબુ અને સ્વસ્થ બનાવે છે, કારણ કે તેમાં કોઈ હાનિકારક તત્ત્વો નથી.


મહંતસ્વામી મહારાજ કહે છે સાત્ત્વિક આહાર ફક્ત શારીરિક સ્વાસ્થ્ય માટે જ ફાયદાકારક નથી, પરંતુ માનસિક અને આધ્યાત્મિક શાંતિ માટે પણ અત્યંત ફાયદાકારક છે.

આયુર્વેદ અને હિન્દુ શાસ્ત્રો અનુસાર, આ સાત્ત્વિક આહાર જીવનને વધુ સારું અને સંતુલિત બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. વ્યક્તિ અને સમાજના પૂર્ણ સ્વાસ્થ્ય માટે પણ આ શુદ્ધ, સાત્ત્વિક આહાર અતિ અનિવાર્ય છે. ■

# અહિંસા લાવવી નથી પડતી હિંસાની બાદબાકી કરવી પડે છે...

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com



જૈન ધર્મના પરમ પવિત્ર પર્યુષણ મહાપર્વનો પ્રારંભ થઇ ગયો છે. જ્યારે જૈન સિદ્ધાંતોની વાત આવે એટલે સૌથી પહેલાં 'અહિંસા પરમો ધર્મ'નું સૂત્ર યાદ આવે.

અહિંસાની પરિભાષા શું? હિંસાનો ત્યાગ એ અહિંસા છે. અહિંસા લાવવી નથી પડતી, હિંસાની બાદબાકી કરવી પડે છે. આ અહિંસાનું પાલન આપણા માટે સૌથી મુશ્કેલ કાર્ય છે. જૈન સિદ્ધાંતોમાં હિંસા પર જબરજસ્ત ચિંતન થયું છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ હિંસાને તેમાં આવરી લીધી છે. તેનું વિગતવાર વર્ણન વાંચીએ તો જ્ઞાની પુરુષોએ કેટલું અગાધ ચિંતન અને મનન કર્યું છે તેનો ખ્યાલ આવે.

જૈન તત્ત્વમાં હિંસા બે પ્રકારે બતાવી છે. દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા. દ્રવ્ય હિંસા શારીરિક પ્રકૃતિની હોય છે, જ્યારે ભાવ હિંસા વિચાર પર આધારિત હોય છે. પોતાને અથવા બીજાને નુકસાન પહોંચાડવાનું વિચારવું પણ ભાવ હિંસામાં આવે છે, જ્યારે આમ કરવું એ દ્રવ્ય હિંસા છે. અન્યને નુકશાન પહોંચાડવું એ તો હિંસા છે જ, પરંતુ સ્વયંને નુકસાન પહોંચાડવું એ પણ હિંસા છે!

સાધુ ધર્મના પાંચ મહાવ્રતમાં પણ સૌપ્રથમ સ્થાન અહિંસાને આપવામાં આવ્યું છે. એટલે જો આપણે હિંસાને સમજી લઈએ, અને તેનો ત્યાગ કરીએ તો અનેક પ્રકારના પાપથી બચી શકાય છે. હિંસા ચાર પ્રકારની કહી છે; સંકલ્પિની, આરંભીણી, ઉદ્યોગીની અને વિરોધીની હિંસા.

## સંકલ્પિની હિંસાઃ

કોઈપણ જીવને મારવાનો સંકલ્પ કરવો એ સંકલ્પિની હિંસા કહેવાય છે. મનમાં કોઈ જીવને મારવા અથવા તેને પીડા આપવા માટે ઇચ્છા ઊભી થાય, હિંસા કરવાનો ઇરાદો બને, તેને સંકલ્પિની હિંસા કહેવામાં આવે છે. સંકલ્પ કર્યા પછી, જીવ મૃત્યુ પામે કે ન પામે, પાપ ચોક્કસ થાય છે.

## આરંભીણી હિંસાઃ

આરંભીણી હિંસા ગૃહસ્થાશ્રમમાં થતા આરંભોથી થાય છે. આરંભને તે ભાવાર્થમાં પ્રવૃત્તિ કહી શકાય. ગૃહસ્થાશ્રમમાં રહેતા લોકોએ ગૃહસ્થાશ્રમ સંબંધિત પ્રવૃત્તિઓ કરવી જ પડે છે. પાણીનો ઉપયોગ, રસોઈ કરવી, વાસણ ધોવા, કચરો કાઢવો, સફાઈ કરવી, કપડાં ધોવા વગેરે બધી ક્રિયાઓમાં કેટલીક હિંસા અવશ્ય થાય છે. ગૃહસ્થ માટે આ હિંસા ક્ષમાપાત્ર છે, પરંતુ તે વિવેકથી થવી જોઈએ.

## ઉદ્યોગીની હિંસાઃ

ગૃહસ્થનું જીવન ધન વિના ચાલતું નથી. ધન કમાવા માટે જે ઉદ્યોગ (પ્રયત્નો) કરાય છે તેને જ ઉદ્યોગીની હિંસા કહી છે. ગૃહસ્થો માટે આ હિંસા ક્ષમ્ય ગણાય છે, પણ વિવેકપૂર્વક કરવાનું કહ્યું છે. હા, કેટલાંક કાર્યો તો ધર્મની દ્રષ્ટિએ નિષિદ્ધ છે. કતલખાના ચલાવવા, માછલી ઉછેરવા, મરઘાં ઉછેરવા વગેરેમાં મોટું પાપ છે, આને ઉદ્યોગી હિંસા તરીકે ન લઈ શકાય. આ સંકલ્પીની હિંસા છે.

## વિરોધીની હિંસાઃ

સ્વરક્ષણ માટે, પરિવારના રક્ષણ માટે, સમાજના રક્ષણ માટે, સંસ્કૃતિના રક્ષણ માટે, ધાર્મિક ગ્રંથોના રક્ષણ માટે અને રાષ્ટ્રના રક્ષણ માટે કોઈની સાથે લડવું પડે અને યુદ્ધમાં કોઈનું મૃત્યુ થાય તો તે હિંસા વિરોધીની હિંસા ગણાય છે. આ હિંસામાં ઉદ્દેશ્ય બહુ સ્પષ્ટ હોવો જોઈએ. મનમાં ઈરાદો મલીન હોય તો પાપ બંધાશે જ.

મનના ભાવમાં કે કાર્યોમાં તો શું, આપણા બોલેલા શબ્દો પણ હિંસક ન હોવા જોઈએ તેવું આપણા દેશની સંસ્કૃતિ કહે છે. એટલે જ તો આપણે ત્યાં શાક કાપતા નથી, સમારીએ છીએ. આપણે દીવો સળગાવતા નથી, પ્રગટાવીએ છીએ. આમ, કાપવું, બાળવું, મારવું જેવા શબ્દોથી આપણે પરહેજ કરીએ છીએ.

મહત્ત્વની વાત છે મનના ભાવની અથવા સરળ શબ્દોમાં કહીએ તો ઈરાદાની. તેથી જૈન તત્વજ્ઞાનમાં હિંસાના કારણોની પણ વિશદ ચર્ચા કરાઈ છે. મનુષ્ય ક્રોધ, માન, માયા અને લોભના કારણે હિંસા કરે છે. તમે હિંસા કરવાનો ઈરાદો કર્યો, પણ તેને અમલમાં ન મૂકો તો પણ પાપ લાગે. તમારાથી હિંસા થઇ હોય, પણ તમારો ઈરાદો હિંસા કરવાનો ન હોય તો પાપ ન લાગે. અન્ય વ્યક્તિ હિંસા કરતો હોય તેને પ્રોત્સાહન આપનાર કે તેની પ્રશંસા કરનાર (જૈન ધર્મમાં જેને અનુમોદના કહેવાય છે) પણ પાપનો ભાગીદાર બને છે.

ધર્મની ગહનતા સમજવી હોય તો એક જ ઉદાહરણ પૂરતું છે. ઇરિયાવહિયં સૂત્રમાં ૫૬૩ જીવોની ૧૦ પ્રકારે થતી હિંસા માટે કુલ ૧૮,૨૪,૧૨૦ મિચ્છામિ દુક્કડમ અપાય છે! આવી ઊંડાણપૂર્વકની સમજ સાથે ધર્મપાલન માત્ર ભારતની સંસ્કૃતિમાં જ સંભવ છે. ■

# મહામૃત્યુંજય મંત્ર સામે યમરાજે કેવી રીતે હાર સ્વીકારી?

ફોકસ

નિધિ ભટ્ટ
feedback@bombay
samachar.com

મહામૃત્યુંજય મંત્ર એ ભગવાન શિવનો એક શક્તિશાળી મંત્ર છે જે યમરાજને પણ ધ્રુજાવી નાખે છે. નામ સૂચવે છે તેમ, તે મૃત્યુ પર વિજય મેળવનાર મંત્ર છે, તો ચાલો જાણીએ. આ મહામંત્ર કોણે શરૂ કર્યો હતો, યમરાજ આ મંત્રથી કેમ ડરે છે. મહામૃત્યુંજય મંત્ર એક એવો મંત્ર છે જે મન, શરીર અને આત્માને શાંતિ પ્રદાન કરે છે. આ શિવનો મંત્ર છે જેમાં અનંત શક્તિઓ છે. એવું માનવામાં આવે છે કે આ મંત્રની શક્તિથી મૃત્યુ પર પણ વિજય મેળવી શકાય છે. આ મંત્રનો જાપ દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરવા અને અકાળ મૃત્યુથી બચવા માટે કરવામાં આવે છે. આ મંત્રના અન્ય ઘણા ફાયદાઓનો પણ સનાતનમાં ઉલ્લેખ છે.

આ મંત્ર તમને બ્રહ્માંડની ઊર્જા સાથે જોડે છે, તમને શિવ સાથે જોડે છે. સમયાંતરે લોકોએ તેનો ઊંડો અર્થ કાઢ્યો છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે તેની ઉત્પત્તિ ક્યાંથી થઈ.

### મહામૃત્યુંજય મંત્રની ઉત્પત્તિ

આપણને ઋગ્વેદના સાતમા મંડલના ૫૯મા સૂક્તમાંથી મહામૃત્યુંજય મંત્રની ઉત્પત્તિ અને ઇતિહાસ વિશે માહિતી મળે છે. આ મંત્ર કુંભ રાશિ માર્કંડ દ્વારા પૂર્ણ અને રચિત હતો, તેનું વર્ણન ઋગ્વેદમાં પણ જોવા મળે છે.

### આ મંત્રની ઉત્પત્તિની પૌરાણિક કથા

આ મંત્રની શક્તિ અને ઉત્પત્તિ પાછળ એક લોકપ્રિય પૌરાણિક કથા છે. આ વાર્તા શિવના પ્રખર ભક્ત મૃકંડ ઋષિ સાથે સંબંધિત છે. મૃકંડ ઋષિ નિઃસંતાન હતા, તેમની કુંડળીમાં સંતાનની કોઈ શક્યતા નહોતી, પરંતુ તેમણે બધા નિયમો બદલી નાખ્યા. મૃકંડ ઋષિએ ભોલેનાથની તપસ્યા કરી, તેમની કઠોર તપસ્યાથી પ્રસન્ન થયા, શિવના વરદાનથી તેમને પુત્ર પ્રાપ્ત થયો, પરંતુ ભોલેનાથે કહ્યું કે હું તમને આ પુત્રના સુખની સાથે દુઃખ પણ આપી રહ્યો છું, તેની ઉંમર ફક્ત ૧૨ વર્ષ છે, પછી ઋષિનો આનંદ દુઃખમાં ફેરવાઈ ગયો.

ઋષિએ પોતાના પુત્રનું નામ માર્કંડેય રાખ્યું. ઋષિની પત્ની હંમેશાં દુઃખી રહેતી હતી કે તેના પુત્રનું આયુષ્ય ટૂંકું છે, પછી મૃકંડ ઋષિએ કહ્યું કે મહાદેવે તેને વરદાન આપ્યું છે અને તે તેનું રક્ષણ કરશે. બાળક માર્કંડેયને તેના પિતાએ શિવ મંત્રની દીક્ષા આપી હતી. બાળપણથી જ તે શિવનો અનન્ય ભક્ત બની ગયો. માર્કંડેયએ નક્કી કર્યું કે તે ભગવાન શિવ પાસેથી લાંબા આયુષ્યનું વરદાન મેળવીને તેના માતાપિતાના દુઃખને સુખમાં ફેરવશે. માર્કંડેયએ શિવની પૂજા શરૂ કરી. તે શિવ મંદિરમાં સતત ધ્યાન માટે બેઠો. ત્યાં તેણે મહામૃત્યુંજય મંત્રની રચના કરી.

### યમરાજને ખાલી હાથે પાછા ફરવું પડ્યું

૧૨ વર્ષનો સમયગાળો પૂર્ણ થયો. યમરાજે બાળકને લાવવા માટે પોતાના દૂતો મોકલ્યા, પરંતુ માર્કંડેયનું સતત ધ્યાન જોઈને યમરાજના દૂતો પાછા ફર્યા. તેમની માર્કંડેયને સ્પર્શ કરવાની હિંમત ન થઈ. જ્યારે તેમણે આવીને યમરાજને આ વાત કહી, ત્યારે યમરાજે કહ્યું કે હું તે બાળકને જાતે લાવીશ. યમરાજ માર્કંડેય પાસે પહોંચ્યા, જે હજુ પણ શિવના ધ્યાનમાં મગ્ન હતા અને મહામૃત્યુંજય મંત્રનો જાપ કરી રહ્યા હતા. જ્યારે છોકરાએ યમરાજને આવતા જોયા, ત્યારે તેણે મહામૃત્યુંજય મંત્રનો જાપ જોરથી કરવા માંડ્યો અને શિવલિંગ સાથે ચોંટી ગયો. યમરાજે તેને ખેંચવાનો પ્રયાસ કર્યો, ત્યારે ભગવાન શિવ એક શક્તિગૃહના રૂપમાં પ્રગટ થયા. તેમણે હાથમાં ત્રિશૂળ લઈને યમરાજને ચેતવણી આપી કે ભક્તિમાં મગ્ન મારા ભક્તને ખેંચવાની તમારી હિંમત કેવી રીતે થઈ. યમરાજ ભયથી ધ્રૂજવા લાગ્યા. યમરાજે કહ્યું, પ્રભુ, તમે મને લોકોના જીવ લેવાનું આ કાર્ય સોંપ્યું છે. પછી ભગવાનનો ક્રોધ શાંત થયો અને તેમણે માર્કંડેયને લાંબા આયુષ્યનો આશીર્વાદ આપ્યો. આ પછી તેમણે કહ્યું, પ્રભુ, આજથી હું મહામૃત્યુંજય મંત્રનો જાપ કરનાર કોઈપણ વ્યક્તિને પરેશાન કરીશ નહીં. આ રીતે, મહામૃત્યુંજય મંત્રની શક્તિથી, માર્કંડેયને આયુષ્ય પ્રાપ્ત થયું અને મૃત્યુને પણ હરાવ્યું. ત્યારથી, આ મંત્રની શક્તિ પ્રખ્યાત થઈ.

### મહામૃત્યુંજય મંત્ર

*ઓમ ત્ર્યંબકમ યજામહે સુગંધીમ્ પુષ્ટિવર્ધનમ્.*
*ઉર્વારુકમિવ બન્ધનામ્ મૃત્યુર્મુક્ષિયા મામૃતામ્*
*ઓમ ત્ર્યંમ્બકમ યજામહે સુગંધીમ પુષ્ટિ-વર્ધનમ*
*ઉર્વારુકમિવ બન્ધનામ્ મૃત્યુર્મુક્ષિયા મામૃતામ્*

### મહામૃત્યુંજય મંત્રનો અર્થ

અમે ત્રણ આંખોવાળા ભગવાનનું ધ્યાન કરીએ છીએ જે સુગંધિત છે અને બધાને પોષણ આપે છે. જેમ પાકેલા ફળ છોડની ડાળીમાંથી સરળતાથી તૂટીને પડી જાય છે, તેવી જ રીતે તે આપણને અજ્ઞાન, અસત્ય અને મૃત્યુથી મુક્ત કરીને અમરત્વ પ્રદાન કરે.

### મહામૃત્યુંજય મંત્રના ફાયદા

મહામૃત્યુંજય મંત્રના ફાયદા મહામૃત્યુંજય મંત્રને રુદ્ર મંત્ર અથવા ત્ર્યંબકમ મંત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને ભગવાન શિવની ત્રીજી આંખની શક્તિ તરીકે જોવામાં આવે છે.

* આ મંત્રથી અકસ્માતો અટકે છે.
* અકાળ મૃત્યુનો ભય સમાપ્ત થાય છે.
* તમને લાંબા આયુષ્યનું વરદાન મળે છે.
* માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે.
* નકારાત્મકતાનો નાશ થાય છે.


તમારે મહામૃત્યુંજય મંત્રનો જાપ તેના શાસ્ત્રીય નિયમો અનુસાર કરવા જોઈએ. મહામૃત્યુંજયના જાપના શાસ્ત્રીય નિયમોને સમજવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મહામૃત્યુંજયનો જાપ કરતા પહેલા તમારા માટે શુદ્ધ રહેવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કુશ આસન પર બેસીને તે કરવું જોઈએ. તેના મહત્તમ લાભ માટે, તમારે રુદ્રાક્ષની માળા પર તેનો જાપ કરવો જોઈએ. બ્રહ્મમુહૂર્ત દરમિયાન તેનો જાપ કરવો ખૂબ જ શુભ માનવામાં આવે છે.

શિવ પુરાણ અનુસાર, તમે આ મંત્રનો જાપ દિવસમાં ૧૦૮ વખત કરી શકો છો. મહામૃત્યુંજય મંત્રનો જાપ પૂર્વ તરફ મુખ કરીને કરવો જોઈએ. જો શક્ય હોય તો, દરરોજ એક જ જગ્યાએ બેસીને મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવો જોઈએ. આ મંત્રનો જાપ કરતી વખતે, મન એકાગ્ર અને શુદ્ધ હોવું જોઈએ. જે દિવસોમાં તમે આ મંત્રનો જાપ કરી રહ્યા છો તે દિવસોમાં તમારે ખરાબ વસ્તુઓથી દૂર રહેવું જોઈએ. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# આનંદ - નંદન - નંદ



વિષ્ણુસહસ્રનામમાં વિષ્ણુના આ ત્રણ નામનો ઉલ્લેખ છે, આનંદ, નંદન અને નંદ. આનંદ અર્થાત્ આનંદ આપનાર. ભક્તને સુખ અને મનનો હર્ષ તથા ઉલ્લાસ આપનાર શ્રી વિષ્ણુ આનંદમૂર્તિ છે. એમ પણ કહેવાય છે કે વિષ્ણુ વિવર્ત-વિલાસ છે, અર્થાત્ આવર્તિત, પરાવર્તિત અને પુનરાવર્તિત વિનોદનું કારણ છે. નંદન એટલે આનંદરૂપ. તે આનંદ આપનાર પણ છે અને આનંદનું સ્વરૂપ પણ છે. નંદ અર્થાત્ આનંદ પ્રદાન કરી શકે તેવી સંપત્તિ, પરિસ્થિતિ. એક ક્રિયાત્મક બાબત છે, એક ભાવનાત્મક પરિસ્થિતિ છે તો એક તેની પાછળનું ભૌતિક સંભવિત કારણ. આનંદના સંદર્ભમાં વિષ્ણુ ભગવાન કારણ પણ છે, ક્રિયા પણ છે અને ભાવના પણ.

આનંદ શબ્દને આ+નંદ તરીકે જોઈ શકાય. અહીં નંદ ધાતુ છે અને જેનો અર્થ થાય છે ખુશ થવું, પ્રફુલ્લિત થવું, આનંદિત થવું. સત્ - ચિત્ - આનંદમાં જે આનંદની વાત છે તે આ આનંદ છે. સર્વોચ્ચ સુખની, હૃદયની પૂર્ણતાની, આત્માની અનુભૂતિની, ચૈતન્યના પ્રકાશની, 'સ્વ'ની વાસ્તવિકતાની, બ્રહ્મ સાથેના ઐક્યની જે પ્રતીતિ થાય તેનાથી ઉદ્ભવતો આ આનંદ છે. એક દ્રષ્ટિકોણ પ્રમાણે આ બ્રહ્મત્વની સ્થિતિ છે. અહીં ઇન્દ્રિયોથી પ્રાપ્ત થતાં, મનના વ્યભિચાર સમાન સુખની વાત નથી. આ તો નિજાનંદ પરમાનંદની અવસ્થા છે. તૈત્તિરીય ઉપનિષદમાં જે 'બ્રહ્મ આનંદ છે' તેમ કહેવામાં આવ્યું છે તે આનંદની આ વાત છે. પૂર્ણ સમર્પિત ભક્તિમાં ઈશ્વર સાથે ઐક્યની અનુભૂતિથી જે આનંદ પ્રાપ્ત થાય તે આ આનંદ છે. આ શાશ્વત, અખંડ, નિર્મળ, પવિત્ર આનંદની વાત છે. વ્યક્તિની આ વાસ્તવિક સ્થિતિ છે. ગીતામાં જણાવ્યું છે કે જે મનુષ્ય બાહ્ય વિષયોમાં આસક્ત નથી તે પોતાના અંતરમાં અક્ષય આનંદ પામે છે. અર્થાત્ આ કોઈ બાહ્ય ઘટના નથી.

નંદન શબ્દને નંદ+અન તરીકે જોઈ શકાય જેનો અર્થ પણ આનંદની જેમ પ્રફુલ્લિત કરનાર કે હર્ષ આપનાર થઈ શકે. તફાવત એટલો હોઈ શકે કે આ આનંદ 'દૈવીકૃપા' ગણી શકાય. તેથી જ ઈન્દ્રના ઉદ્યાનને નંદનવન કહેવાય છે અને સંતાન માટે નંદન શબ્દ વપરાય છે. નંદનંદન એટલે શ્રીકૃષ્ણ. નંદ શબ્દ તો મૂળ ધાતુ નંદનું મૂળ સ્વરૂપ છે. સ્વાભાવિક છે કે તે પણ પ્રફુલ્લિતતા અને આનંદની વાત કરે. ત્રણ વચ્ચેનો મૂળ તફાવત એ છે કે નંદ એટલે પ્રફુલ અથવા આનંદિત વ્યક્તિ, નંદન એટલે આનંદ આપી શકે તેવી પરિસ્થિતિ અને આનંદ એટલે આત્માની પૂર્ણતાને કારણે સ્થાપિત થતું પરમસુખ.

એમ પણ કહી શકાય કે આનંદ અર્થાત સ્વયં આનંદ સ્વરૂપ, નંદન એટલે જે જીવને આનંદ આપે તે પરિસ્થિતિ અને નંદ એટલે સુખ આપનાર વ્યક્તિ. અહીં સ્વરૂપ, ક્રિયા અને કર્તાની વાત છે. સ્વરૂપ એ આંતરિક સ્થિતિ છે, કર્તાપણું એ સાંસારિક બાબત છે અને ક્રિયા એ બંનેને જોડનાર ઘટના છે. એમ પણ કહી શકાય કે આ દ્રષ્ટા, દ્રષ્ટિ અને દૃશ્ય જેવું સમીકરણ છે. દ્રષ્ટા એ સ્વયંનું અસ્તિત્વ છે, દૃશ્ય એ બાહ્ય પરિસ્થિતિ છે જ્યારે દ્રષ્ટિ, એ દ્રષ્ટા અને દૃશ્યને જોડનાર ઘટના છે. વિષ્ણુ આ ત્રણેય પરિસ્થિતિ છે, ત્રણેય પરિસ્થિતિનું સ્વરૂપ છે, ત્રણેય પરિસ્થિતિનું કારણ છે, ત્રણેય પરિસ્થિતિનો આધાર છે.

અહીં કેન્દ્રમાં 'આનંદ' છે. આનંદ બ્રહ્મનું સ્વરૂપ છે. બ્રહ્મ સ્વયંભૂ છે અને તેથી આનંદ પણ સ્વયંભૂ હોય તે સ્વાભાવિક છે. બ્રહ્મ શાશ્વત અને અખંડ છે. આનંદ માટે પણ આમ જ કહી શકાય. વાસ્તવિકતાની જો વાત કરવામાં આવે તો એવી એક પણ કાળખંડ ન હોય કે જે વખતે આત્માની આનંદિત સ્થિતિ ન હોય. જો આત્માના સ્વરૂપને જાણવામાં આવે તો એવી એક પણ પરિસ્થિતિ ન હોય જ્યારે તેનું અખંડપણું ક્ષય પામ્યું હોય. તેથી આનંદ પણ શાશ્વત અને અખંડ છે. બ્રહ્મનાં અસ્તિત્વ માટે કોઈપણ આધારની આવશ્યકતા નથી. આનંદ માટે પણ કોઈ આધાર જરૂરી નથી. ઇન્દ્રિયોના સુખ માટે વિષયની આવશ્યકતા છે, પરંતુ આનંદ માટે આમ ન કહી શકાય. ઇન્દ્રિય નું સુખ તો 'હરખ અને શોકની હેડકી' સમાન હોઈ શકે. અહીં તો 'આઠે પ્રહર આનંદ'ની વાત છે. આ આત્માની વાસ્તવિકતા છે અને તેથી જ આ વિષ્ણુની ઓળખ પણ છે.

વિષ્ણુસહસ્રનામમાં આનંદના ભાવનો ઉલ્લેખ 'પરમાનંદ'ની જેમ અન્ય સ્થળે પણ જોવાં મળે છે. તેની અપેક્ષાએ અહીં જે આનંદ, નંદન અને નંદની ત્રિપુટી એક સાથે દર્શાવવામાં આવી છે તે એક અદ્ભુત વાત છે. અહીં દરેક બાબતનો ભેદ સ્પષ્ટ કરવા પ્રયત્ન પણ થયો છે અને આ ત્રણેય બાબતનું એકત્વ સમજાવવાનો પણ આ પ્રયાસ છે. એક રીતે જોતાં અહીં દ્વૈતની ભાવના છે તો તેની સાથે ક્યાંક અદ્વૈત સમાયેલું છે. અહીં વિભાગીકરણની પ્રક્રિયા છે અને સાથે એકીકરણનો ભાવ છે. અહીં સાંસારિક પ્રસ્તુતિ છે અને સાથે આધ્યાત્મિક બોધ છે. અહીં શાબ્દિક રમત છે અને માર્મિક સંદેશ છે. અહીં દરેકની રૂચિ અનુસાર અર્થ સ્થાપવાનો પ્રયત્ન કરાયો છે અને સાથે સાથે તે રૂચિની ઉપર ઊઠવા માટે પ્રોત્સાહન પણ અપાયું છે.

આમ પણ વિષ્ણુ સહસ્ર નામમાં જ્યારે એક હજાર નામનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે એ તો સ્વાભાવિક છે કે દરેક નામ એક વાસ્તવિકતાનું સચોટ નિરૂપણ કરે અને સાથે સાથે સમગ્રતામાં વિષ્ણુ અને 'વિષ્ણુતા' એ એક જ ઘટના છે તેમ પ્રસ્થાપિત કરે. એમ કહી શકાય કે અહીં એક હજાર નામ નથી, પરંતુ એક જ નામ હજારવાર બોલવામાં આવે છે. ■

# માનવને જીવનબોધ અર્પતા દુહા...

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

દુહામાં એના રચયિતાનું નામ ઓગળી ગયું હોય છે. પણ એ ઓળખ સાવ પાતળી પણ એમાંથી પ્રગટતી તો હોય જ છે. સોરઠિયા નામછાપના ઘણાં દુહા પ્રચલિત છે. એ કોણ હશે એનો ખ્યાલ આવતો નથી. પણ એટલું ખરું કે એ સોહામણાં અને ડહાપણથી સભર સોરઠ દેશનો કોઈ ઘર ડેરો-પ્રૌઢ વ્યક્તિ હશે. એણે પોતાની જાતને સોરઠ દેશના વિસ્તારમાં ઘસી નાખી હશે. આ પ્રદેશનું ડહાપણ, આ પ્રદેશની સમજણ એણે દુહાના માધ્યમથી વહાવી અને સોરઠિયાના દુહા ગુજરાતીમાં કંઠસ્થ પરંપરામાં વહેતા રહ્યા. એમના નામથી પ્રચલિત થોડા દુહા આસ્વાદીએ.

અહીં કોઈની મદદના પોકારની વાતનો દુહો છે પણ એનો ભાવ અનેરો છે, જુઓ દુહાગીર ગાય છે કે,

*'પડકારે પીઠ નંઈ, હૈયે મરવાની હામ;*
*એ મરદુનાં કામ, સાચું સોરઠિયો ભણે.'*

જે માણસ કોઈનો પડકારો સાંભળે અને પીઠ ન ફેરવે પણ સામી છાતીએ હૈયામાં ખમી જવાની-મરી ફિટવાની હોંશ રાખીને નીકળી પડે એ મરદની ઓળખ છે. પડકારો એટલે પોકાર મદદ માટેનો, પછી એ કોઈ શીયળ ન લૂંટાવા દેનારી નારી હોય, કે ગાયને હરી ન જવા દેવા માટેની હોય કે દુશ્મનો-વેરી ગામમાં રંજાડ કરવા આવી પહોંચ્યા હોય આવા સમયે જે પોતાની જાતને સ્વને ભૂલી જાય છે એ મરદ છે. એમ સોરઠિયો કહે છે. અહીં માનવમાં રહેલો પરહિતાર્થે ખપી જવાની વૃત્તિનો મહિમા દુહામાં ગાયો છે અને



આવા માણસને મરદાઈ-હિંમતથી સભર માણસનું બિરુદ મળેલું છે. આવા વ્યક્તિત્વના વખાણ થાય છે. બીજા દુહામાં પ્રગટતો બોધ જુઓ.

*ભરજે ભડથી બાથ, રાંકને રંજાડીશ મા;*
*રાજી દીનોનાથ, સાચું સોરઠિયો ભણે.*

અહીં દુહા દ્વારા માનવીને એવી સૂચના એવો ઉપદેશ અપાયો છે કે તોરે જો કોઈને ભેટવું હોય સંબંધ બાંધવો હોય તો જે કોઈ ભડવીર-વીર હોય એમને ભેટવું. જે કોઈ ગરીબ-રાંક છે એને પરેશાન-હેરાન ન કરવા. આવા વ્યવહારથી ઈશ્વરરાજીપો અનુભવશે. સોરઠનો દુહાગીર સત્યવાત જણાવી રહ્યો છે. મૂળભૂત વસ્તુ ભાઈબંધી મૈત્રી ભડ નિર્ભિક વ્યક્તિત્વ સાથે રાખવી અને ગરીબોને પરેશાન ન કરવાનું અહીં કહેવાયું છે. સાચુકલો માનવ ધર્મ એમાં નિહિત છે.

બીજા એક દુહામાં આતિથ્યભાવના અને મહેમાન અતિથિ પરત્વેના વ્યવહારનો નિર્દેશ છે. તે દુહો આસ્વાદીએ.

*'મે' માનુંને માન, જેણે દિલ ભરી દીધાં નંઈ;*
*મંદિર નંઈ મસાણ, સાચું સોરઠિયો ભણે.*

આંગણે આવેલા અતિથિ મહેમાનને પુરા ભાવથી, હૃદયથી માન-સન્માન આપવાનું હોય. જે નથી આપતા જે ઘરમાંથી આવું માન નથી આપી શકાતું એ ઘર મંદિર નહીં પણ સ્મશાન છે. સોરઠનો દુહાગીર સત્ય વાત, વ્યવહારર કરી રહ્યો છે. આતિથ્ય સત્કાર એ આપણી સંસ્કૃતિ છે એની જાળવણી થતી હોય એ ઘર મંદિર સમાન ગણાય એવો ભારતીય વ્યવહારભાવ અહીંથી પ્રગટે છે.

બીજા એક દુહામાં ભારતીય જન-વ્યક્તિની ઓળખ પ્રસ્તુત થઈ છે એ દુહો આસ્વાદીએ.

*હાકલેથી હથિયાર પડે, થરથર જાંગું થાય;*
*ઈ કાયર નર કેવાય, સાચું સોરઠિયો ભણે.*

કોઈની હાક, પડકાર સાંભળતા જ જેમના હાથમાંથી હથિયાર પડી જાય અને થર-થર ધ્રુજારી થાય. કંપવા લાગે એ માણસ કાયર-બીકણ કહેવાય. સોરઠનો દુહાગીર ભારતીય નર-પુરુષની સાચી-ખરી ઓળખ આ રીતે આપે છે. શૌર્ય પ્રગટાવવું અને અભય રહેવું. બીક, ડર ન રાખવાના હોય એ આપણી ભારતીય-સોરઠી ઓળખ છે.

સોરઠિયા નામથી દુહાગીરે કથેલા આલેખેલા દુહા ભારતીય વ્યક્તિમત્તા, ભારતીય જીવનમૂલ્યો અને ભારતીયતાની ઓળખ સમાન છે. આપણી આઈડેન્ટિટી આપણે ન ગુમાવીએ એનું ભાન કરાવતા દુહાગીરો મોટા ઉપદેશક અને હીત પ્રબોધક છે. એમના દુહાનું મૂલ્ય આવા કારણથી કાયમ રહેવાનું. ■

# નિત્ય શિવપૂજન જ જીવનનું એકમાત્ર કર્મ હોવું જોઈએ

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

ગજાસુર મૃત્યુને વરતાં ભગવાન શિવ એના ગજચર્મને ધારણ કરે છે. ઉપસ્થિત દેવર્ષિ નારદ, દેવરાજ ઇન્દ્ર, દેવગણ અને કાશીના બ્રાહ્મણો ભગવાન શિવનો જયજયકાર કરે છે. ભગવાન શિવ દેવરાજ ઇન્દ્રને કહે છે, 'જાઓ તમારું સ્વર્ગલોક સુરક્ષિત છે. જાઓ લોકકલ્યાણનાં કામોમાં વ્યસ્ત થાઓ.' ભગવાન શિવનો આદેશ મળતાં જ દેવગણો પોતપોતાના લોક પરત ફરે છે. માતા પાર્વતી અને ભગવાન શિવ પરત કૈલાસમાં ફરે છે. એ જ સમયે માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરિ વિષ્ણુ, માતા સરસ્વતી, બ્રહ્માજી કૈલાસ પધારે છે. આકાશમાર્ગે માતા લક્ષ્મી અને શ્રીહરિ વિષ્ણુને જતાં જોઈ પાછળ પાછળ આવેલા દેવરાજ ઇન્દ્ર પણ ફરી કૈલાસ પધારે છે. દેવરાજ ઇન્દ્ર કહે છે, 'ગજાસુરના અત્યાચારથી સંસારને મુક્ત કરનારાં ભગવાન શિવને મહાશિવરાત્રીના દિને અભિનંદન આપવા અમે સહુ અહીં ઉપસ્થિત થયાં છીએ.' બ્રહ્માજી કહે છે, 'શિવશંકર તમારી ઇચ્છા મુજબ કાર્ય સંપન્ન થયું અને આપની ઇચ્છાથી જ મેં ગજાસુરને કામવિજયના હાથે જ ઉદ્ધાર થવાનું વરદાન આપ્યું હતું.' તો ભગવાન શ્રીહરિ વિષ્ણુ કહે છે, 'શિવશંકર મેં પણ આપની ઇચ્છા મુજબ જ દેવર્ષિ નારદને કોઈ સલાહ ન આપી.' પ્રસન્ન ભગવાન શિવ કહે છે, 'આ પ્રકારે તમે અને બ્રહ્માજીએ મારી ઇચ્છાનું સમ્માન કર્યું, પૃથ્વીવાસીઓના કલ્યાણ માટે આપણે ત્રિદેવોમાં ઇચ્છા અને કાર્યની એકરૂપતા જળવાઈ રહે એ અતિ આવશ્યક છે, બ્રહ્માજી અને શ્રીહરિ તમે ધન્ય છો. માતા પાર્વતી કહે છે, 'તમે ત્રિદેવોએ અમને ત્રિદેવીઓને કંઈ કરવાનો અવસર જ ન આપ્યો.' બ્રહ્માજી કહે છે, 'ત્રિદેવીઓની સહાયતા તો સંસારને હંમેશાં રહેશે.' એ સમયે માતા લક્ષ્મી મહાદેવના અલૌકિક, અદ્વિતીય અને વિરાટ સ્વરૂપના દર્શનની ઇચ્છા વ્યક્ત કરે છે. ભગવાન શિવ તેમના અલૌકિક વિરાટ સ્વરૂપના દર્શન કરાવે છે. દેવરાજ ઇન્દ્ર કહે છે 'હે ભગવંત હું તો એટલું જ સમજું છું કે, બ્રહ્માજી આ સૃષ્ટિના ઉત્પત્તિકર્તા છે, શ્રીહરિ વિષ્ણુ આ સૃષ્ટિના પાલક અને આપ આ સૃષ્ટિના સંહારક છો. હવે એટલી સમજ થઈ કે શિવતત્વનો ખરો અર્થ લોકકલ્યાણ જ છે પણ... પ્રભુ તમને મેળવવાનો માર્ગ બતાવો.' એના જવાબમાં ભગવાન શિવ કહે છે, 'ભક્તિ જ એવો માર્ગ છે જે મારા સુધી તમને પહોંચાડશે. પ્રેમ તથા સમર્પણ સાથે 'ૐ નમઃ શિવાયઃ'ના પંચાક્ષરી મંત્ર'ના જાપ કરનાર માનવને હું એ જ્ઞાન પ્રાપ્ત કરાવું છું, જેથી એ મારા શિવતત્ત્વને પ્રાપ્ત થઈ જાય છે.'

***

દેવર્ષિ નારદઃ 'પ્રભુ આ સૃષ્ટિને વિનાશથી કઈ રીતે બચાવી શકાય?'

ભગવાન શિવઃ 'સૃષ્ટિનું નિર્માણ અને વિનાશ તો સમયના કાળચક્ર પર નિરંતર ચાલતી પ્રક્રિયા છે, પણ હું મહાકાલ તમને વિશ્વાસ અપાવીશ કે જ્યાં સુધી પ્રાણીઓમાં ધર્મ અને ભક્તિનો અંશ શેષ રહેશે ત્યાં સુધી આ સૃષ્ટિ વિનાશથી સુરક્ષિત છે.'

દેવરાજ ઈન્દ્રઃ 'પ્રભુ આ સૃષ્ટિના માનવોને તમારો અમર



સંદેશો શું છે.'

ભગવાન શિવઃ 'જે પ્રાણી પાપ, અહંકાર, અત્યાચાર અને પાપની ભાવનાનો ત્યાગ કરી જીવનની પ્રત્યેક ક્ષણ મને સમર્પિત કરશે અને તેમના નિર્ધારિત કર્તવ્યનો નિર્વાહ કરે એ મારો આ સૃષ્ટિના પ્રાણીઓને સંદેશ છે.'

બ્રહ્માજીઃ 'ૐ નમઃ શિવાયઃ પંચાક્ષરી મંત્રના જાપ અને નિત્ય શિવપૂજન જ જીવનનું એકમાત્ર કર્મ હોવું જોઈએ.'

દેવરાજ ઈન્દ્રઃ 'હે પ્રભુ અમે અમારી જિજ્ઞાસાઓનો જવાબ મેળવી ધન્ય થઈ ગયા.'

ભગવાન શિવઃ 'દેવરાજ તમે અભિનંદન આપવા અહીં પધાર્યા હતા એ શિવરાત્રી સંબંધિત તો કોઈ પ્રશ્ન જ ન કર્યો?'

દેવરાજ ઈન્દ્રઃ 'દેવાધિદેવ, હું શિવરાત્રી સંબંધિત વાર્તા સાંભળવા અવશ્ય ઉત્સુક છું, કૃપયા વાર્તા સંભળાવો.'

ભગવાન શિવઃ 'મારી દિવ્ય દૃષ્ટિ દેવર્ષિ નારદને આપું છું એ તમને વાર્તા કહી સંભળાવશે.'

ભગવાન શિવની દૃષ્ટિ મળતાં જ દેવર્ષિ નારદ કહે છેઃ 'શિંગવેરપુરના જંગલમાં ગુરુ ધ્રુવ નામનો ભીલ શિકારી એક મૃગની પાછળ દોડતો હતો. મૃગની ગતિ વધુ હોવાથી ગુરુ ધ્રુવ દોડતાં દોડતાં થાકી ગયો. એને થયું ચાલ આ વૃક્ષ પર ચઢી જાઉં તો એ મૃગ અવશ્ય દેખાશે. ઉપર ચઢી જોવા લાગ્યો પણ એને મૃગ ન દેખાયું. વૃક્ષ પર બેઠાં બેઠાં એ વૃક્ષના પાન તોડી નીચે ફેંકવા લાગ્યો. થોડીવારમાં મૃગને લાગ્યું શિકારી જતો રહ્યો છે એટલે એ બહાર આવ્યું. મૃગની નજર અને શિકારી ગુરુ ધ્રુવની નજર એક થઈ ગઈ. શિકારી ગુરુ ધ્રુવે બાણ ચઢાવ્યું.

મૃગઃ 'મારી હત્યા ન કરો, મારા પતિ અને મારાં બાળકો મારી રાહ જોતા હશે. મારા પર વિશ્વાસ કરો. હું એમને કહીને પરત આવું છું. ત્યાર બાદ તમે મારી હત્યા કરજો.

જે વૃક્ષ પર શિકારી ગુરુ ધ્રુવ બેઠો હતો એ બીલીપત્રનું વૃક્ષ હતું અને એ બીલીપત્રના વૃક્ષ નીચે એક શિવલિંગ હતું. શિકારી બીલીપત્ર વૃક્ષ પરથી શિવલિંગ પર ચઢાવતો હોવાથી તેના મનમાં દયા ભાવ ઉત્પન્ન થયો.

ગુરુ ધ્રુવઃ 'તું કહે છે એટલે હું તારા પર વિશ્વાસ કરું છું. જલદી જઈ પરત આવ.'

બીલીપત્રના વૃક્ષ પર બેસેલો શિકારી ગુરુ ધ્રુવ મૃગની રાહ જોતાં જોતાં અજાણતાં ફરી બીલીપત્ર શિવલિંગ પર ફેંકવા લાગ્યો. એ જ સમયે એક બીજું મૃગ ત્યાંથી જઈ રહ્યું હતું. બંનેની નજર પાછી મળી ગઈ. શિકારી ગુરુ ધ્રુવે ફરી બાણ ચઢાવ્યું પણ એના મનમાં ઉદ્ભવેલા દયા ભાવે એ બાણ છોડવા ન દીધું.

બીજું મૃગઃ 'મારી હત્યા ન કરો, મારી બહેન આ જંગલમાં ખોવાઈ ગઈ છે એનો પતિ અને એનાં બાળકો એની રાહ જુએ છે એટલે હું એને શોધવા આવ્યો છું. મારી બહેન મળી જાય એટલે એના ઘરે મૂકી આવી હું તમારી પાસે પરત આવીશ, ત્યારે તમે મારો શિકાર કરજો.'

શિવલિંગ પર બીલીપત્ર ચઢાવતો શિકારી ગુરુ ધ્રુવના મનમાં દયા ભાવ તો ઉત્પન્ન જ થયો હતો, તેણે કીધુંઃ 'પહેલા તારી બહેન આવી અને કહે કે મારો પતિ અને બાળકો મારી રાહ જોતા હશે એટલે હું એમને કહી આવું છું અને એ જતી રહી, હજી સુધી એ આવી નથી અને તું કહે છે કે મારી બહેન જંગલમાં ખોવાઈ ગઈ છે એટલે એને શોધીને હું પાછો આવીશ તો તારા પર કઈ રીતે વિશ્વાસ રાખું.'

બીજું મૃગઃ 'તમે મારા પર વિશ્વાસ રાખો હું મારી બહેનને એના ઘરે પહોંચાડી પરત જરૂર આવીશ. તમે મારો વધ કરી શકશો.'

શિકારી ગુરુ ધ્રુવઃ 'જા તારા પર પણ વિશ્વાસ કરું છું, તારી બહેન મળી જાય એટલે તમે બંને પરત આવો હું અહીં જ તમારી રાહ જોઈશ.'

બીજું મૃગ પોતાની બહેનની શોધમાં આગળ નીકળી ગયું. ફરી શિકારી ગુરુ ધ્રુવ બીલીપત્ર તોડી નીચે શિવલિંગ પર ફેંકવા લાગ્યો. રાત વીતવા લાગી અને પ્રભાત થઈ. બંને મૃગ પાછા નહોતા આવ્યા, પણ તેણે જોયું કે હું તો બીલીપત્રના વૃક્ષ પર બેઠો છું અને બીલીપત્રનો મોટો ઢગલો ઊંચો થઈ ગયો છે. એ નીચે આવ્યો અને બીલીપત્રને હટાવતાં જોયું કે નીચે શિવલિંગ છે. એજ સમયે મૃગ પરિવાર ત્યાં આવી પહોંચે છે.

પ્રથમ મૃગઃ 'હું મારા ભાઈ અને પરિવાર સાથે અમે અહીં આવ્યા છીએ તમે અમારો શિકાર કરી શકો છો.'

શિકારી ગુરુ ધ્રુવ શિવલિંગને ચીટકીને રડવા માંડ્યો. એની દયા ભાવના ફુટી ફુટીને એના અશ્રુ રૂપે વહેવા માંડી.

શિકારી ગુરુ ધ્રુવઃ 'મહાદેવ હું શું કરી રહ્યો હતો, એ બંને મૃગનો શિકાર કરવા જઈ રહ્યો હતો, મને માફ કરો.'

શિવરાત્રીની પૂર્ણ રાત શિવલિંગ પર બીલીપત્ર ચઢાવી, પોતાના પાપનું પ્રાયશ્ચિત કરતા શિકારી ગુરુ ધ્રુવ પર પ્રસન્ન થયેલા ભગવાન શિવ ત્યાં પધારે છે.

ભગવાન શિવઃ 'ઉઠો ગુરુ ધ્રુવ, હું પ્રસન્ન છું, તમે પાપ અને આત્મગ્લાનિના બોજથી મુક્ત થયા છો. હું તમારો કાયાકલ્પ શિંગવેરપુરના રાજા તરીકે કરું છું. દ્વાપર યુગમાં ભગવાન શ્રીહરિ વિષ્ણુના અવતારના પરમ મિત્ર તરીકે તમે અમર થશો અને કળિયુગમાં તમારી આ કથા જે સાંભળશે તેનું કલ્યાણ થશે. (ક્રમશઃ) ■

# કૃષ્ણા નદીઃ દક્ષિણની ગંગા છે...

ફોકસ પ્લસ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

નદીઓ જીવનદાતા હોય છે. નદીકિનારે જ માનવનો જન્મ થયો છે અને નદીઓના કિનારે જ વિશ્વની તમામ સભ્યતાઓ અને સંસ્કૃતિઓ વિકાસ પામી છે. ધરતી પર નદીઓ વિના જીવનની કલ્પના પણ કરી શકાતી નથી, પરંતુ જલવાયુ પરિવર્તન, વધતી વસતિ અને નદીઓ પ્રત્યે સામાન્ય લોકોની ઉદાસીનતાને કારણે ધરતી પર પાણીનું સંકટ તો ઊંડુ બન્યુ જ છે, હવે નદીઓના અસ્તિત્વ પર પણ સંકટનાં વાદળો ઘેરાઈ રહ્યાં છે. તેથી જ માત્ર નદીઓનું સંરક્ષણ પૂરતું નથી, પરંતુ નવી પેઢીને પણ આ બાબતે સજાગ કરવાની જરૂર છે. આપણે નવી પેઢીને તેમના પ્રત્યે સંવેદનશીલ બનાવીએ જેથી નદીઓનું અસ્તિત્વ બચી શકે અને પૃથ્વી પર માનવ સભ્યતા અને સંસ્કૃતિ હંમેશની જેમ ખીલી શકે. ચાલો આપણે ભારતની ચોથા નંબરે આવેલી સૌથી લાંબી નદી એટલે કે, કૃષ્ણા નદી વિષે જાણીયે.

ભારતની ચોથી સૌથી લાંબી નદી એટલે કૃષ્ણા નદી. જળપ્રવાહની દ્રષ્ટિએ ગોદાવરી પછી દક્ષિણ ભારતની બીજી સૌથી મહત્ત્વપૂર્ણ નદી છે. આ ૧૪૦૦ કિમી લાંબી નદી ગંગા, ગોદાવરી અને યમુના પછી દેશની સૌથી લાંબી નદી છે અને તે લગભગ ૭૦ લાખ હેક્ટર ખેતીની જમીનને સીંચે છે. તેના દ્વારા ઘણી મોટી સિંચાઈ પરિયોજનાઓ જેમકે, નાગાર્જુન સાગર પરિયોજના, અલમાતી ડેમ અને શ્રીશૈલમ ડેમ, દક્ષિણ ભારતની ખેતીનો મુખ્ય આધાર છે. કૃષ્ણને દક્ષિણની ગંગા પણ કહેવામાં આવે છે કારણકે આના કિનારા પર અમરાવતી, વિજયવાડા, મહાબળેશ્વર અને શ્રીશૈલમ જેવા પવિત્ર સ્થળ છે. મહાબળેશ્વર કે જે મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં આવેલ છે, અહીંથી જ કૃષ્ણા નદી પશ્ચિમી ઘાટની એક મહત્ત્વપૂર્ણ ધારના રૂપમાં નીકળે છે અને મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, તેમજ આંધ્ર પ્રદેશમાં વહેતા તેના મછલીપટ્ટનમ શહેર પાસે બંગાળની ખાડીમાં પડે છે. અને કિનારા પર આવેલા અમરાવતી શહેરમાં અમરાલિંગેશ્વર, વિજયવાડામાં કનક



દુર્ગા મંદિર જેવા પવિત્ર સ્થળ છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન માટે જાય છે. શ્રીશૈલમ શિવ ભક્તો માટે એક એવું પવિત્ર સ્થાન છે જ્યાં લોકો આખું વર્ષ પવિત્ર સ્નાન કરે છે અને જેવી રીતે ઉત્તર ભારતમાં ગંગા નદીના કિનારે પ્રયાગરાજમાં બહુ મોટો કુંભ મેળો થાય છે તેવી જ રીતે કૃષ્ણા નદીને કિનારે કૃષ્ણા પુષ્કરં પર્વ દર ૧૨ વર્ષે મનાવવામાં આવે છે અને અહીં પણ કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન માટે ઊમટે છે.

કૃષ્ણા નદીના બેસિનનું કુલ ક્ષેત્રફળ ૨.૬ લાખ વર્ગ કિલોમીટર છે. જો કે કૃષ્ણા નદી પાણીના વિવાદોની પણ સૌથી મહત્ત્વપૂર્ણ નદી છે. આ નદીના પાણી માટે મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશની વચ્ચે હંમેશાં તનાવ ભરી સ્થિતિ રહે છે. પરંતુ આનાથી નદીના પૌરાણિક,આધ્યાત્મિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ પર જરા પણ અસર પડતી નથી. આ કૃષ્ણના નદીના સાહિત્યિક અને સાંસ્કૃતિક મહત્ત્વનું જ કારણ છે કે, સંસ્કૃત, તેલુગુ, કન્નડ અને મરાઠી સાહિત્યમાં કૃષ્ણા નદીની મહિમાનો બહોળુ વર્ણન છે. સંસ્કૃત મહાકાવ્યો જેવા કાદમ્બરી અને ભટ્ટી-કાવ્યમાં દક્ષિણની નદીઓમાં કૃષ્ણાનો મહિમા સૌથી વધારે છે. તેલુગુના સંત કવિઓ જેમકે, તાલપક અનામાચાર્ય તેમ જ ત્યાગરાજા એ નદીને આસ્થાનું પ્રતીક માન્યું છે તો મરાઠી સંત કવિઓ તુકારામ અને જ્ઞાનેશ્વરના ભક્તિ ગીતોમાં પણ કૃષ્ણા નદીની મહત્ત્વતા લહેરાય છે. શિવપુરાણ અને સ્કંદપુરાણમાં પણ કૃષ્ણા નદીનો ઉલ્લેખ છે, જેમાં તેને કૃષ્ણા દેવીના રૂપમાં દર્શાવવામાં આવ્યા છે અને એમ માનવામાં આવે છે કે તે વિષ્ણુના પગમાંથી પ્રકટ થઈ છે. બીજી એક કથા અનુસાર આ નદી કૃષ્ણા નામે એક યોગિનીના રૂપમાં ધરતી પર ઊતરી, જેમણે હજારો વર્ષો સુધી તપ કર્યું અને પોતાની કૃપાદ્રષ્ટિથી દક્ષિણ ભારતને ધન- ધાન્યથી સંપન્ન કરી નાખ્યું. તેથી જ કૃષ્ણા નદીને દક્ષિણ ભારતની જીવનરેખા પણ કહે છે.

કૃષ્ણાની મહત્ત્વપૂર્ણ મદદનીશ નદીઓમાં તુંગભદ્રા, ભીમા, વૈનગંગા, કોયના, માલપ્રભા, મુસી, અને ઘટપ્રભા છે. આ નદીઓ કૃષ્ણા નદીને એક વિપુલ જળવાળી નદી બનાવે છે. ચાર રાજ્યના બહુ મોટા ભાગો આની જલરાશિથી પોતાની બહુ વિકસિત ખેતી અને જીવન સભ્યતા માટે ઓળખાય છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાના અને આંધ્ર પ્રદેશને કૃષ્ણા નદીના પાણીનો લાભ મળે છે. ખેતરોમાં પાણી આપવા ઉપરાંત આ નદી હજારો ગામો અને અનેક નાનાં મોટાં શહેરોમાં પણ પીવાના પાણીનું પ્રમુખ સ્તોત્ર છે. તેમ જ વિદ્યુત ઉત્પાદનનું કેન્દ્ર છે.

કૃષ્ણા નદીના આ પાણીમાં ૨૬ ટકા મહારાષ્ટ્રનો ભાગ હોય છે, ૪૪ ટકા કર્ણાટક તેમજ બાકી રહેલો ભાગ તેલંગાણા અને આંધ્ર પ્રદેશનો છે. કૃષ્ણા નદી દક્ષિણ ભારતની ઈકોનોમીમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ન માત્ર માણસોના જીવન માટે પરંતુ વનસ્પતિઓ, જીવ જંતુઓ, આબોહવા સંતુલન અને ખેતી ઈકોલોજી તંત્ર માટે પણ એક જીવન આપનાર ધારા છે. કૃષ્ણા નદીના બેસિનમાં અનેક પ્રકારની વનસ્પતિઓ અને જળ જીવો રહે છે. નાગાર્જુન સાગર પક્ષી અભ્યારણ આ નદી પર જ બન્યું છે. કૃષ્ણા નદીમાં માછલીઓની અનેક સ્થાનિક પ્રજાતિઓ છે. આ નદીનો પાણીનો પ્રવાહ એક જગ્યાએથી બીજી જગ્યાએ નવું જીવન આપતી માટી અને કાર્બનિક પદાર્થોનું પરિવહન કરે છે, જેનાથી કુદરતી પુનર્જીવન થાય છે. એટલા માટે કૃષ્ણા નદી માત્ર પાણીનો પ્રવાહ નથી પણ એક જીવંત ઇકોસિસ્ટમ છે. ■

# પુજારાની ચાર બેસ્ટ ટેસ્ટ કઈ?

રાજકોટઃ ચેતેશ્વર પુજારાએ ૨૦૧૦માં ઑસ્ટ્રેલિયા સામે ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું તથા ૨૦૨૩માં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ તેની અંતિમ ટેસ્ટ બની હતી અને ૧૩ વર્ષની શાનદાર કારકિર્દીમાં તેણે ભારતને ઘણી મૅચો જિતાડી આપી હતી તેમ જ ક્રિકેટ જગતને તેની અસંખ્ય લાજવાબ ઇનિંગ્સ માણવા મળી હતી, પરંતુ ચાર ટેસ્ટ એવી હતી જેમાંની તેની ઇનિંગ્સ લાજવાબ કહી શકાય.

(૧) ૨૦૧૦માં બેંગલૂરુમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં ચેતેશ્વર પુજારાની ડેબ્યૂ ઇનિંગ્સ ત્રણ જ બૉલમાં (ચાર રને મિચલ જૉન્સનના બૉલમાં એલબીડબ્લ્યૂ) સમેટાઈ ગઈ હતી, પરંતુ મૅચના બીજા દાવમાં (૭૨ રન, ૮૯ બૉલ, ૧૨૯ મિનિટ, સાત ફોર) તેને રાહુલ દ્રવિડની પહેલાં ત્રીજા નંબરે મોકલવામાં આવ્યો અને જૉન્સન, નૅથન હૉરિટ્ઝ, બિલ હિલ્ફેનહૉસ, શેન વૉટ્સનનો સામનો કરીને તેણે સચિન તેન્ડુલકર (૫૩ અણનમ) સાથેની ૫૭ રનની ભાગીદારીની મદદથી ભારતને રોમાંચક વિજય અપાવ્યો હતો. ભારતે ત્રણ વિકેટે ૨૦૭ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો.

(૨) ૨૦૧૩માં જોહનિસબર્ગમાં સાઉથ આફ્રિકા સામે પુજારા બીજા દાવમાં (૧૫૩ રન, ૨૭૦ બૉલ, ૩૫૩ મિનિટ, ૨૧ ફોર) બૅટિંગમાં આવ્યો ત્યારે ભારતનો સ્કોર ૧/૨૩ હતો. તેણે ડેલ સ્ટેન, વર્નોન ફિલૅન્ડર, મૉર્ની મૉર્કલ, જૅક કૅલિસ, ઇમરાન તાહિર તથા જેપી ડુમિનીના બોલિંગ આક્રમણનો સામનો કરીને મુરલી વિજય સાથે ૭૭ રનની, વિરાટ કોહલી સાથે ૨૨૨ રનની ભાગીદારી કરીને સાઉથ આફ્રિકાને ૪૫૮ રનનો તોતિંગ લક્ષ્યાંક અપાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. જોકે છેવટે ટેસ્ટ ડ્રૉમાં ગઈ હતી.

(૩) ૨૦૧૭માં રાંચીમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં પ્રથમ દાવમાં કે. એલ. રાહુલ (૬૭) અને મુરલી વિજય (૮૨) વચ્ચેની ૯૧ રનની ભાગીદારી બાદ પુજારા (૨૦૨ રન, ૫૨૫ બૉલ, ૬૭૨ મિનિટ, ૨૧ ફોર)એ અવિસ્મરણીય ઇનિંગ્સથી ભારતને ૯/૬૦૩ ડિક્લેર્ડનો તોતિંગ સ્કોર અપાવ્યો હતો. ત્યારે તેણે હૅઝલવૂડ, કમિન્સ, નૅથન લાયન, સ્ટીવ ઑકિફ અને મૅક્સવેલના આક્રમણનો સફળતાથી સામનો કર્યો હતો. એ મૅચ પણ છેવટે ડ્રૉમાં પરિણમી હતી.

(૪) ૨૦૧૮માં ઍડિલેઇડમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં પુજારાએ ટીમના ધબડકા વચ્ચે ધૈર્યનું અનેરું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભારતે ટૉપ-ઑર્ડરના બૅટ્સમેનોના ખરાબ શૉટને કારણે ૪૧ રનમાં ચાર વિકેટ ગુમાવી હતી, પરંતુ પુજારા (૧૨૩ રન, ૨૪૬ બૉલ, ૩૭૬ મિનિટ, બે સિક્સર, સાત ફોર)એ એકલા હાથે ટીમનો સ્કોર ૨૫૦ રન સુધી પહોંચાડ્યો હતો. બીજા દાવમાં અજિંક્ય રહાણેના ૭૦ રન હતા તો પુજારાએ પાંચ કલાક સુધી ક્રીઝમાં ટકી રહીને ૨૦૪ બૉલમાં ૭૧ રન કર્યા અને છેવટે ભારતે એ ટેસ્ટ જીતી લીધી હતી.

## ભારતીયોમાં સૌથી વધુ બૉલ રમ્યો

▶ ચેતેશ્વર પુજારા ટેસ્ટ-ક્રિકેટમાં ૨૦૧૦ની સાલ પછી સૌથી વધુ બૉલ રમનાર ભારતીય બૅટ્સમૅન છેઃ જો રૂટ (૧૯,૦૮૨ બૉલ), ઍલસ્ટર કૂક (૧૭,૫૩૪ બૉલ), અઝહર અલી (૧૬,૩૦૧ બૉલ), સ્ટીવ સ્મિથ (૧૫,૯૨૭ બૉલ), ચેતેશ્વર પુજારા (૧૫,૭૯૭ બૉલ), કેન વિલિયમસન (૧૪,૯૭૧ બૉલ) અને વિરાટ કોહલી (૧૪,૬૫૪ બૉલ).

▶ ક્રીઝમાં રહીને ટીમના ટેસ્ટ સ્કોરમાં ભાગીદારીઓની મદદથી સૌથી વધુ યોગદાન આપનારા ભારતીયોમાં પુજારા ત્રીજા નંબરે છેઃ (૧) ટીમના કુલ ૮૮,૯૪૨ રનમાં રાહુલ દ્રવિડના ભાગીદારીઓમાં કુલ ૩૨,૦૩૯ રન, ૩૬.૦ ટકા (૨) ટીમના કુલ ૬૦,૪૪૬ રનમાં સુનીલ ગાવસકરના ભાગીદારીઓમાં કુલ ૨૧,૦૮૦ રન, ૩૪.૯ ટકા (૩) ટીમના કુલ ૫૧,૭૧૮ રનમાં ચેતેશ્વર પુજારાના ભાગીદારીઓમાં કુલ ૧૫,૮૦૪ રન, ૩૦.૬ ટકા (૪) ટીમના કુલ ૧,૦૫,૨૮૧ રનમાં સચિન તેન્ડુલકરના ભાગીદારીઓમાં કુલ ૩૧,૨૪૫ રન, ૨૯.૭ ટકા (૫) ટીમના કુલ ૫૪,૯૩૪ રનમાં વિરાટ કોહલીના કુલ ૧૫,૯૬૭ રન, ૨૯.૧૦ ટકા. ■

# ચેતેશ્વર પુજારાએ છેવટે શાનદાર કરીઅર પર પડદો પાડ્યો

## સોશ્યલ મીડિયા પરની ઈમોશનલ પોસ્ટમાં લખ્યું, 'તમામ સારી બાબતોનો ક્યારેક તો અંત આવે જ'

રાજકોટઃ ભારતીય ક્રિકેટ ટીમના વધુ એક દિગ્ગજ ખેલાડીએ નિવૃત્તિ જાહેર કરી છે. ટેસ્ટ ક્રિકેટના ધુરંધર ખેલાડી ચેતેશ્વર પુજારાએ રવિવારે ક્રિકેટના તમામ ફૉર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. તેણે સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં આ જાહેરાત કરી હતી.

ભારતીય ક્રિકેટમાં ઘણી વાર ટૅલન્ટેડ અને ટીમ માટે ઉપયોગી બની રહેતા ખેલાડીઓને પડતા મૂકીને નિવૃત્તિ લેવા મજબૂર કરવામાં આવતા હોય છે. અજિંક્ય રહાણે અને શ્રેયસ ઐયર ઉપરાંત પુજારાની અવગણનાનો પણ મુદ્દો ઘણા સમયથી ચર્ચામાં હતો અને એ લિસ્ટમાંથી હવે નિવૃત્તિ બદલ પુજારાની બાદબાકી થઈ ગઈ છે.

પુજારાએ ઇન્સ્ટાગ્રામ પર એક લાંબી ઈમોશનલ પોસ્ટ લખી છે, જેમાં તેણે લખ્યું, 'ભારતીય જર્સી પહેરીને, રાષ્ટ્રગીત ગાતી વખતે અને મેદાન પર સર્વશ્રેષ્ઠ યોગદાન આપવું એનો અર્થ શું છે તે શબ્દોમાં વર્ણવવું અશક્ય છે, પરંતુ કહેવાય છેને કે તમામ સારી બાબતોનો ક્યારેક તો અંત આવતો જ હોય છે. અપાર કૃતજ્ઞતા સાથે મેં ક્રિકેટના તમામ ફૉર્મેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે.



પુજારાની ગણના દ્રવિડ પછીના બીજા 'ધ વૉલ' તરીકે થતી હતી. યુવી અને વીરુએ પુજારાને બાહોશ બૅટ્સમૅન તરીકે ઓળખાવ્યો છે.

પ્રેમ અને સમર્થન માટે આભાર!'

સોશિયલ મીડિયા પર પોસ્ટમાં, પુજારાએ બીસીસીઆઇનો તેમ જ સૌરાષ્ટ્ર ક્રિકેટ ઍસોસિયેશનનો તેમ જ પોતાને સમર્થન અને સપોર્ટ આપનાર સાથી ખેલાડીઓ, કોચ અને અન્ય લોકોનો આભાર માન્યો હતો.

પોસ્ટમાં પુજારાએ લખ્યું, ''મારા માતા-પિતાના સહકારથી રાજકોટ જેવા નાના શહેરનો એક છોકરો તારાઓ સુધી પહોંચવાના સપનાં જોઈને નીકળ્યો હતો; અને ભારતીય ક્રિકેટ ટીમનો ભાગ બનવાનું સપનું જોયું હતું. ત્યારે મને ખબર નહોતી કે આ રમત મને આટલી બધી અમૂલ્ય તકો, અનુભવો, હેતુ, પ્રેમ અને સૌથી વધુ તો મારા રાજ્ય અને આ મહાન રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરવાની તક આપશે.'

નોંધનીય છે, બીસીસીઆઇ યુવા ખેલાડીઓને વધુ તક આપી રહી હોવાથી, પુજારાને ઘણા સમયથી ભારતીય ટેસ્ટ ટીમના સ્થાન મળ્યું ન હતું.

પુજારાએ લખ્યું કે તે જીવનના નવા તબક્કા તરફ આગળ વધી રહ્યો છે અને હવે તે પરિવાર સાથે વધુ સમય વિતાવશે. ■

# પુજારા, આપણે ભેગા થઈને જિતાડેલી ટેસ્ટ હંમેશાં યાદ રહેશેઃ રહાણે

નવી દિલ્હીઃ ભારતને મળેલા શ્રેષ્ઠ ટેસ્ટ બૅટ્સમેનોમાં ગણાતા ચેતેશ્વર પુજારાએ ૨૭ મહિના સુધી ટેસ્ટ ટીમમાં ફરી સ્થાન મેળવવાની રાહ જોયા પછી છેવટે રવિવારે રિટાયરમેન્ટ જાહેર કરી દીધું એને પગલે તેના પર શાનદાર કારકિર્દી બદલ અભિનંદનનો વરસાદ વરસ્યો છે અને ખેલાડી તરીકેની કરીઅર પછીની નવી ઇનિંગ્સ વિશે તેના પર શુભેચ્છાઓની વર્ષા વરસી છે. ભારતના ક્રિકેટ લેજન્ડ્સ, ભૂતપૂર્વ કૅપ્ટન અજિંક્ય રહાણે તેમ જ સાથી ખેલાડીઓએ પુજારાની કરીઅરને બિરદાવી છે.

૨૦૨૩ની વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં ભારત વતી સૌથી વધુ ૮૯ રન બનાવનાર અજિંક્ય રહાણેએ સોશ્યલ મીડિયામાં પુજારા વિશે જણાવ્યું છે, ' પુજ્જી, અપ્રતિમ કારકિર્દી બદલ અભિનંદન. તારી સાથે રમેલી પ્રત્યેક પળ મને આનંદ આપનારી હતી. આપણે ભેગા થઈને ભારતને જે ટેસ્ટ મૅચો જિતાડી હતી એની દરેક ક્ષણ મને હંમેશાં યાદ રહેશે. સેકન્ડ ઇનિંગ્સ માટે તને મારી શુભેચ્છા.'

પુજારા વિશે અન્યોમાં કોણે કહ્યું એ પહેલાં તેની કરીઅરના જાદુઈ આંકડા પર એક નજર કરી લઈએ...

### ૧૯ સેન્ચુરી, ૭૦૦૦-પ્લસ રન

૩૭ વર્ષના પુજારાએ ભારતીય ક્રિકેટમાં તમામ ફૉર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. છેલ્લે તે જૂન, ૨૦૨૩માં લંડનના ઓવલમાં ડબ્લ્યૂટીસીની ઑસ્ટ્રેલિયા સામેની ફાઇનલમાં રમ્યો હતો. તેણે ૨૦૧૦થી ૨૦૨૩ દરમ્યાન ટેસ્ટ-ક્રિકેટમાં કુલ ૧૦૩ ટેસ્ટમાં ૭,૧૯૫ રન કર્યા હતા જેમાં ૧૯ સેન્ચુરી અને ૩૫ હાફ સેન્ચુરી સામેલ હતી. તેણે ઑસ્ટ્રેલિયા સામે ટેસ્ટ-કરીઅર શરૂ કરી અને ઑસ્ટ્રેલિયા સામે જ અંતિમ ટેસ્ટ રમ્યો હતો. તે ફક્ત પાંચ વન-ડે રમ્યો હતો જેમાં તેણે ૫૧ રન કર્યા હતા. ટેસ્ટ સહિતની ૨૭૮ ફર્સ્ટ ક્લાસ મૅચોમાં પુજારાએ કુલ ૨૧,૩૦૧ રન કર્યા હતા જેમાં ૬૬ સેન્ચુરી અને ૮૧ હાફ સેન્ચુરીનો સમાવેશ હતો. તેણે ૧૦૩ ટેસ્ટમાં કુલ ૬૬ કૅચ ઝીલ્યા હતા.

### ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૨૬૭૦ ચોક્કા

ટેસ્ટ સ્પેશ્યાલિસ્ટ ચેતેશ્વર પુજારા સિક્સર સ્પેશ્યાલિસ્ટ તો નહોતો, પરંતુ તે દરેક મૅચમાં ચોક્કાના વરસાદ જરૂર વરસાવતો હતો. તેણે ૧૦૩ ટેસ્ટમાં કુલ ૮૬૩ ફોર અને ૧૬ સિક્સર ફટકારી હતી. પ્રથમ કક્ષાની ક્રિકેટમાં પણ તે સૌરાષ્ટ્રની ટીમ માટે આધારભૂત હતો. તેણે પ્રથમ કક્ષાની ૨૭૮ મૅચોમાં કુલ ૨,૬૭૦ ચોક્કા અને ૬૪ છગ્ગા ફટકાર્યા હતા. તેણે સૌરાષ્ટ્ર તેમ જ ઇન્ડિયા ' એ' સહિતની ફર્સ્ટ ક્લાસ મૅચોમાં કુલ ૧૬૦ કૅચ ઝીલ્યા હતા.

### પપ્પા અને કાકા પણ ક્રિકેટર

ચેતેશ્વર પુજારાના પપ્પા અરવિંદભાઈ પુજારા ૧૯૭૬થી ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર વતી છ ફર્સ્ટ ક્લાસ મૅચ અને ચેતેશ્વરના કાકા બિપીનભાઈ પુજારા ૧૯૮૩થી ૧૯૯૭ દરમ્યાન સૌરાષ્ટ્ર વતી ૩૬ મૅચ રમ્યા હતા. બિપીનભાઈ પુજારા વિકેટકીપર-બૅટ્સમૅન હતા અને તેમણે સૌરાષ્ટ્ર વતી બે સેન્ચુરી સહિત કુલ ૧,૬૩૧ રન કર્યા હતા અને ૨૪ કૅચ ઝીલ્યા હતા.

### પુજારા વિશે કોણે શું કહ્યું?

**સચિન તેન્ડુલકરઃ** પુજારા, જ્યારે પણ તને ત્રીજા નંબર પર બૅટિંગ કરવા જતા જોયો ત્યારે દિલોદિમાગમાં હાશકારો થતો અને ટીમ સારી સ્થિતિમાં આવી જ જશે એવો ભરોસો થતો હતો. માનસિક દબાણ વખતે તારામાં ગજબની બૅટિંગ-ટેક્નિક, ધૈર્યપૂર્ણ પર્ફોર્મન્સ અને સંતુલનની પ્રતીતિ થતી હતી.

**ગૌતમ ગંભીરઃ** પુજારા ભલભલા તોફાન સામે અડીખમ ઊભો રહેતો અને જ્યારે જીતવાની આશા નબળી પડી જતી ત્યારે હરીફો સામે લડતો. કૉન્ગ્રેચ્યૂલેશન્સ, પુજ્જી. ■

# રોહિતની ચાર કરોડ રૂપિયાવાળી લંબોર્ગિની મુંબઈના ટ્રાફિકમાં ફસાઈ!



મુંબઈઃ ભારતની વન-ડે સિરીઝને હજી ઘણો સમય બાકી છે એટલે ટી-૨૦ તથા ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલો રોહિત શર્મા પરિવાર સાથે લાંબા વેકેશનની મોજ માણી રહ્યો છે, પરંતુ તેને ચાર કરોડ રૂપિયાની કિંમતની લંબોર્ગિનીમાં બેસીને મુંબઈના માર્ગો પર પ્રવાસ કરતી વખતે એક કડવો અનુભવ થયો જેનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો છે. હિટમૅન રોહિતનો તાજેતરનો જે વીડિયો વાઇરલ થયો એમાં જોવા મળ્યું કે તેની આ મોંઘીદાટ કાર શનિવારે ટ્રાફિક જૅમમાં ફસાઈ ગઈ હતી. એક ચાહકે તેને ડ્રાઇવિંગ સીટ પર બેઠેલો જોયો ત્યારે તેને બૂમ પાડી હતી. રોહિતે તેને અવગણવાનું પસંદ કરવાને બદલે તેને થમ્બ્સ-અપના સંકેતથી 'હાઇ' કર્યું હતું. રોહિતે તાજેતરમાં જ લંબોર્ગિની ખરીદી છે. લાલ રંગની આ કાર (ઉરુસ એસઇ) લઈને વરસાદની મોસમમાં મુંબઈમાં સફર કરવાનું રોહિતને સારું સૂઝ્યું તો હતું, પરંતુ તે સામાન્ય કાર-ચાલકની જેમ ટ્રાફિકમાં અટવાઈ ગયો હતો. તેની આ મૉડેલની કારની ગણના વિશ્વની ફાસ્ટેસ્ટ સ્પોર્ટ્સ યુટિલિટી વેહિકલ (એસયુવી)માં થાય છે.

### લંબોર્ગિનીનો નંબર ૩૦૧૫ કેમ?

રોહિત શર્માએ કારના કલેક્શનમાં ચાર કરોડ રૂપિયાની જે લંબોર્ગિનીનો ઉમેરો તાજેતરમાં કર્યો એનો નંબર ૩૦૧૫ છે. આ નંબર તેણે તેની પુત્રી સમાઇરાની જન્મ તારીખ (૩૦ ડિસેમ્બર) અને પુત્ર અહાનના બર્થ-ડે (૧૫ નવેમ્બર) પરથી રખાવ્યો હોવાનું મનાય છે. બન્ને નંબરનો સરવાળો (૩૦+૧૫) ૪૫ થાય છે અને યોગાનુયોગ મેદાન પર તે ૪૫ નંબરની ઇન્ડિયા જર્સી પહેરીને જોવા મળતો હોય છે. ■

# વાનખેડેમાં ગાવસકરનું સ્ટૅચ્યૂ




મહાન ક્રિકેટર સુનીલ ગાવસકર શનિવારે વાનખેડે ખાતે એમસીએ શરદ પવાર ક્રિકેટ મ્યૂઝિયમના ઉદ્ઘાટન પ્રસંગે અને પોતાની પ્રતિમાના અનાવરણ વખતે ભાવુક થયા હતા અને બોલ્યા, 'એમસીએ મારા માતા જેવી સંસ્થા છે. હું સ્કૂલ સ્તરે ક્રિકેટ રમતા શીખ્યો ત્યારે આ સંસ્થાએ મારો હાથ ઝાલ્યો હતો. ત્યાર બાદ મને અનેક વખત મુંબઈ વતી રમવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું.'

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરોધી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગીચ | પ્રગટ |
| ગિરદી | આછકલાઈ |
| ગાંભીર્ય | પાંખું |
| ગાયબ | ન્યાયી |
| ગેરવાજબી | મોકળાશ |

## ઓળખાણ પડી?



રોયલ બેંગાલ ટાઇગર માટે પ્રખ્યાત ૧૦૫ ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલો બાંધવગઢ નેશનલ પાર્ક કયા રાજ્યમાં છે એ જણાવો.

અ) રાજસ્થાન બ) મધ્ય પ્રદેશ ક) પ. બંગાળ ડ) આસામ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ ન | ૩ સ | ના | ૪ ટી | ■ | ૫ છૂ | ૬ ટ | ૭ છા | ૮ ટ |
| ૯ હુ | ક | મ | ■ | ૧૦ કા | ૧૧ કુ | ■ | ૧૧-અ કા | લ | કા |
| ૧૨ લિ | લી | ■ | ૧૩ ધા | ■ | ૧૪ પો | ષ | વા | ■ | વા |
| ચ | ■ | ૧૫ સા | ર | ■ | ષ | ■ | ૧૬ રી | ૧૭ ડ | ર |
| ૧૮ ત | ૧૯ ર | ફ | ■ | ૨૦ જ | ણ | ૨૧ સ | ■ | ફ | ■ |
| ■ | દી | ■ | ૨૨ વા | મા | ■ | ૨૩ વા | ૨૪ મ | ■ | ૨૫ અ |
| ૨૬ બા | ફ | ૨૭ લો | ■ | ૨૮ ન | દા | ર | દ | ■ | ગિ |
| ળ | ■ | ૨૯ જ | ૩૦ ગ | ત | ■ | ■ | ૩૧ દ | રિ | યા |
| ૩૨ પ | ક્ષી | ■ | ર | ■ | ■ | ૩૩ ના | ગા | ■ | ર |
| ણ | ■ | ૩૪ અં | દ | રો | અં | દ | ર | ■ | સ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | | ■ | ૫ | | ■ | | ■ | ૬ |
| ૭ | ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | ■ | | ■ | ■ | ૧૫ | | |
| ૧૬ | | ■ | ૧૭ | ■ | ૧૮ | | | ■ | |
| | ■ | ૧૯ | | ૨૦ | ■ | ■ | ૨૧ | ૨૨ | ■ |
| ૨૩ | | | ■ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ | ૨૭ |
| | ■ | ૨૭-અ | ૨૮ | | ■ | ૨૮-અ | ૨૯ | ■ | |
| ■ | ૩૦ | | | | ■ | ૩૧ | | | |

### આડી ચાવી

૧. જૈનોનું પવિત્ર પર્વ (૪)
૩. એક ટંક અલૂણું જમવાનું વ્રત (૪)
૫. ચાંદો ઊગ્યો --- માં ઘાયલ ચાંદો ઊગ્યો--માં (૨)
૭. પરાયણ, તત્પર (૩)
૯. હીરો-હીરોઇન વચ્ચે નડતર (૩)
૧૦. ઝડપ (૨)
૧૧. રાજ્યનો માલિક (૨)
૧૨. વર્ણન, હેવાલ (૩)
૧૩. વાંકી (૨)
૧૪. --- ફૂંકવો એટલે સમજાવવું, ચેતાવવું (૨)
૧૫. જનમારો, જિંદગી (૩)
૧૬. આળસુ (૨)
૧૮. જૈનોના આઠ ઉપવાસ (૩)
૧૯. લેખિની (૩)
૨૧. પ્રાણીઓનાં રૂંછાં (૨)
૨૩. પ્રશ્ન (૩)
૨૪. હાક, બૂમ (૩)
૨૬. મેળાવડો, પરિષદ, મંડળી (૨)
૨૭-અ. એકની એક વાત શું કામ --- (૩)
૨૮-અ. --- હાથનું દાન જમણો હાથના જાણે (૨)
૩૦. જૈનોનો પવિત્ર મંત્ર (૪)
૩૧. આરાધના, સેવા, ભક્તિ (૪)

### ઊભી ચાવી

૧. રીતરિવાજ (૪)
૨. છનો સમૂહ (૩)
૩. કળવું, ગ્રહણ કરવું તે (૪)
૪. હકીકત બનાવ (૨)
૫. જૈનોનું વ્રત (૪)
૬. જૈનોની પાપની માફી માગવાની વિધિ (૫)
૮. અનુજ્ઞા, અવિરોધ (૪)
૧૦. એક જાતનો સાડલો (૩)
૧૫. વૃદ્ધ (૩)
૧૬. એક ટંક ખાવાનું વ્રત (૪)
૧૭. અનાજનો પાક (૨)
૧૯. પંખીઓનો અવાજ (૪)
૨૦. ૨૪મા જૈન તીર્થંકર (૪)
૨૨. પારકી પંચાતમાં શું કામ --- લેવો ? (૨)
૨૫. ઝઘડો કરાઉ (૩)
૨૭. કલ્પના, આસ્થા, અભિલાષા (૩)
૨૮. --- ચડવા એટલે વ્યાજ વધવું (૨)
૨૯. પિતાશ્રી (૨)

## ગુજરાત મોરી મોરી રે

સુદામાનું ધામ અને ગાંધીના ધામ તરીકે પ્રખ્યાત પોરબંદરમાં સ્થિત દેશના બે પ્લેનેટેરિયમ પૈકી એક કયા નામથી ઓળખાય છે?

અ) કીર્તિ મંદિર બ) સુદામા મંદિર
ક) અસ્માવતી સ્કવેર ડ) તારા મંદિર

## માતૃભાષાની મહેક

પથ્થર ઉપર પોયણું ન ઊગે એ કહેવત તમારા સાંભળવામાં આવી હશે. પોયણું એટલે પોયણીનું કે કમળનું ફૂલ. પરસ્પર વિરુદ્ધ બે વસ્તુનો મેળ એક સ્થળે ન હોઈ શકે એ આ કહેવતનો ભાવાર્થ છે. અખાની પ્રખ્યાત પંક્તિ છે કે 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.' એમાં પણ વિચારોનો વિરોધાભાસ છે જ ને.

## સુડોકુ-૯૦૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૬ | | | | | ૭ |
| | | | ૯ | | | ૨ | ૬ | |
| | | ૭ | | ૨ | | ૧ | ૪ | |
| | | | | ૫ | | | | ૩ |
| ૨ | | | ૧ | ૯ | ૭ | | | ૮ |
| ૪ | | | | ૩ | | | | |
| | ૬ | ૮ | | ૧ | | ૭ | | |
| | ૫ | ૨ | | | ૯ | | | |
| ૯ | | | | | ૨ | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૩ | ૬ | ૫ | ૮ | ૭ | ૪ | ૧ |
| ૬ | ૭ | ૧ | ૪ | ૯ | ૨ | ૮ | ૩ | ૫ |
| ૪ | ૮ | ૫ | ૭ | ૩ | ૧ | ૬ | ૯ | ૨ |
| ૩ | ૪ | ૭ | ૧ | ૨ | ૯ | ૫ | ૮ | ૬ |
| ૮ | ૬ | ૯ | ૫ | ૪ | ૭ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૮ | ૬ | ૩ | ૪ | ૭ | ૯ |
| ૨ | ૫ | ૬ | ૩ | ૮ | ૪ | ૯ | ૧ | ૭ |
| ૧ | ૯ | ૪ | ૨ | ૭ | ૬ | ૩ | ૫ | ૮ |
| ૭ | ૩ | ૮ | ૯ | ૧ | ૫ | ૨ | ૬ | ૪ |

## ઈર્શાદ

આવો અગર ન આવો જેવી તમારી મરજી,
જો કે સદાય આવો એવી અમારી અરજી!
--- *નિરંજન ભગત*

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'પ્રવાસ દરમિયાન તેમણે વિસામો નહોતો લીધો' વાક્યમાં વિસામો શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) પરવાનગી બ) મહેનત ક) આરામ ડ) જોખમ

## માઈન્ડ ગેમ

વિશ્વની વિવિધ નદી અલગ અલગ દેશમાં વહે છે. કઈ નદી યુરોપના ૧૦ દેશમાંથી વહેતી રહેવાની અનોખી સિદ્ધિ ધરાવે છે?

અ) કોંગો બ) નાઈલ
ક) મિસિસિપી ડ) ડેન્યુબ

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ગઠ્ઠો | રજકણ |
| ગદ્દાર | કૃતજ્ઞ |
| ગફલત | સાવધ |
| ગડમથલ | ઉકેલ |
| ગજબનાક | લૌકિક |

ગુજરાત મોરી મોરી રે: વડોદરા

ઓળખાણ પડી?: ઈન્ડોનેશિયા

માઈન્ડ ગેમ: ચામાચીડિયું

ચતુર આપો જવાબ: અર્થ જણાવો: હૃદય

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુની (૮) રસિક જુઠાણી ટોરન્ટો-કેનેડા (૯) નીતા દેસાઈ (૧૦) હર્ષા મહેતા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) નયન ગિરીશ મિસ્ત્રી (૧૫) પુષ્પા પટેલ (૧૬) મહેન્દ્ર લોઢાવીયા (૧૭) મીનળ કાપડીયા (૧૮) નિખીલ બંગાળી (૧૯) અમીષી બંગાળી (૨૦) નૂતન વિપીન શાહ (૨૧) વિપીન શાહ (૨૨) જીત શાહ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) પ્રવીણ વોરા (૨૫) જ્યોતી ખાંડવાલા (૨૬) શ્રદ્ધા આશર (૨૭) નિતીન જયંતીલાલ બજેરીયા (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) વીણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) મહેશ દોશી (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) પુષ્પા ખોના (૩૯) અલકા વાણી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હીના દલાલ (૪૫) નયના ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ગીતા ઉદેશી (૪૯) પ્રતિમા પમાણી



**મુખ દર્શનઃ**
મુંબઈના પ્રખ્યાત લાલબાગ ચા રાજાના રવિવારે પ્રથમ દર્શન કરાવવામાં આવ્યાં હતાં. આ નિમિત્તે ત્યાં થયેલી ભીડથી અંદાજ આવી જાય છે કે ગણેશોત્સવનો જોરદાર આરંભ થઈ ગયો છે જેની મુંબઈગરાઓ આતુરતાથી રાહ જોઈ રહ્યાં હતાં. (અમય ખરાડે)

# મુંબઈના ૧૨ બ્રિજ જોખમી

## ગણેશોત્સવમાં શોભાયાત્રા કાઢવા અને એકીસાથે ભેગા થવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સતત છઠ્ઠા વર્ષે મુંબઈ મહાનગર પાલિકાએ ગણેશોત્સવમાં શોભાયાત્રા અને વિસર્જન દરમિયાન માળખાકીય રીતે અસુરક્ષિત ૧૨ પુલો પર ભીડ નહીં કરવા ચેતવણી આપી છે. મોટાભાગે રેલવે લાઇનો પર સ્થિત, આ પુલો ભારે વજન સહન કરવા માટે સંવેદનશીલ ગણાય છે. આ પુલો પર લાઉડસ્પીકરનો ઉપયોગ અથવા કોઈપણ પ્રકારના નાચગાન કરવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ વર્ષે ૨૭ ઓગસ્ટથી છ સપ્ટેમ્બર દરમિયાન ઉજવવામાં આવનાર ૧૦ દિવસના ગણેશોત્સવ માટે મુંબઈગરા તૈયાર થઈ ગયા છે. પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટ મુજબ કરી રોડ સ્ટેશન બ્રિજ, સાને ગુરુજી માર્ગ (આર્થર રોડ) પરનો પુલ, ચિંચપોકલી રેલવે સ્ટેશન બ્રિજ, ભાયખલા ખાતે પી.એસ. માંડલિક બ્રિજ એકી વખતમાં કુલ ૧૬ ટનથી વધુ ભાર સહન કરવા સક્ષમ નથી જેમાં ભક્તો, રાહદારીઓ સહિત અન્ય વાહનોનો સમાવેશ થાય છે. આ પુલોને ૨૦૧૯ની સાલથી અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યા હોવા છતાં અને ભીડ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં કોઈ સુધારો થયો નથી. સુધરાઈની સલાહમાં આ પુલો પર લાઉડસ્પીકરનો ઉપયોગ, નાચવા અથવા ગાવા પર સખત પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

સુધરાઇના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે પુલ સંપૂર્ણપણે જર્જરિત નથી, છતાં નાગરિકોને સાવચેતી તરીકે તેમના પર ભેગા થવાનું ટાળવાની સલાહ આપવામાં આવી રહી છે. અધિકારીના જણાવ્યાં મુજબ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સરઘસો દરમિયાન પોલીસ તહેનાત કરવામાં આવશે. એમએમઆરડીએ દ્વારા આ પુલો સુધરાઈને સોંપવામાં આવ્યા પછી વીરમાતા જીજાબાઈ ટેકનોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટને તેમનું નિરીક્ષણ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ■

### અસુરક્ષિત પુલો

**મધ્ય રેલવે પર રેલ ઓવર બ્રિજ આરઓબીઃ** ઘાટકોપર, કરી રોડ, આર્થર રોડ, ચિંચપોકલી, ભાયખલા. સેન્ડહર્સ્ટ રોડ (ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ વચ્ચે)

**પશ્ચિમ રેલ્વે પરઃ** મરીન લાઇન્સ, ફ્રેન્ચ બ્રિજ (ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ વચ્ચે), કેનેડી બ્રિજ (ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ વચ્ચે), ફોકલેન્ડ (ગ્રાન્ટ રોડ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે), મહાલક્ષ્મી સ્ટેશન, પ્રભાદેવી-કેરોલ અને દાદર ખાતે લોકમાન્ય તિલક રેલવે ઓવર બ્રિજ. ■

# ભજન મંડળોની જેમ ગણેશ મંડળોને આર્થિક સહાય આપવાની માગણી

મુંબઈઃ ગણેશોત્સવને રાજ્ય સરકારે રાજ્ય મહોત્સવનો દરજ્જો આપ્યો છે અને આ પહેલ હેઠળ સરકારે ભજન મંડળોને મૂડી અનુદાન યોજના દ્વારા રાજ્યના ૧૮૦૦ ભજન મંડળોને ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી છે. આ જાહેરાતનું સ્વાગત કરતા ગણેશોત્સવ સંકલન સમિતિએ જાહેર ગણેશોત્સવ મંડળોને પણ ગ્રાન્ટ આપવાની માગણી કરી છે.

સરકારના સાંસ્કૃતિક કાર્ય વિભાગ દ્વારા 'ગણેશોત્સવ - મહારાષ્ટ્રનો રાજ્ય ઉત્સવ' તરીકે ઉજવવામાં આવશે. તેથી, રાજ્ય સરકારે આ ઉત્સવની ઉજવણી માટે વ્યાપક આયોજન કર્યું છે. આ પહેલ હેઠળ સરકારે ભજન સામગ્રી ખરીદવા માટે રાજ્યના ૧,૮૦૦ ભજન મંડળોને દરેકને ૨૫,૦૦૦ રૂપિયાનું અનુદાન આપવાની જાહેરાત કરી છે. આ માટે ૨૫ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર સુધી અરજી કરવા માટે અપીલ કરવામાં આવી છે. આ પૃષ્ઠભૂમિ સામે બૃહન્મુંબઈ જાહેર ગણેશોત્સવ સંકલન સમિતિએ રાજ્ય સરકાર પાસે જાહેર ગણેશોત્સવ મંડળોને અનુદાન આપવાની માંગ કરી છે. બૃહન્મુંબઈ જાહેર ગણેશોત્સવ સંકલન સમિતિના પ્રમુખ એડવોકેટ. નરેશ દહીબાવકરે અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે મુંબઈમાં ઓછામાં ઓછા ૧૦ થી ૧૨ હજાર સાર્વજનિક ગણેશોત્સવ મંડળો છે. જો સરકાર તેમની રજત જયંતિ, સુવર્ણ જયંતિ અને શતાબ્દી જયંતિની ઉજવણી કરતા ગણેશ મંડળોને અનુદાન આપે તો મંડળો આ ઉત્સવ વધુ આનંદથી ઉજવી શકે છે. મુંબઈના ગણેશ મંડળોએ હંમેશા સામાજિક કાર્યમાં પહેલ કરી છે. રાષ્ટ્રીય આપત્તિ હોય કે મોટી પૂર, મુંબઈના ગણેશ મંડળોએ આવી આફતોમાં ફાળો આપ્યો છે. ■

# હવે મેટ્રો-થ્રી રવિવારે પણ સવારે ૬.30 વાગ્યાથી દોડશે

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈઃ કોલાબા-બાંદ્રા-સીપ્ઝ-આરે (એકવા) મેટ્રો લાઇન પર મુસાફરી કરતા મુસાફરો માટે સારા સમાચાર છે. મેટ્રો-૩ સેવા હવે રવિવારે પણ સવારે ૬.૩૦ વાગ્યાથી શરૂ થશે. મેટ્રો ત્રણ લાઇન શરૂ થઈ ત્યારથી રવિવાર અને જાહેર રજાના દિવસે સવારે ૮.૩૦ વાગ્યાથી ચાલુ થાય છે પરંતુ હવે ૩૧ ઓગસ્ટથી, મેટ્રો-થ્રી સેવા રવિવાર અને જાહેર રજાના દિવસે સવારે ૬.૩૦ વાગ્યાથી શરૂ થશે.

મેટ્રો-થ્રી લાઇનના આરેથી આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશન સુધીનો સેક્શન હાલમાં સેવામાં છે. આ લાઇન સેવામાં મુકાઈ ત્યારથી, મેટ્રો-થ્રી સોમવારથી શનિવાર સુધી સવારે ૬.૩૦થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી ચાલે છે. જ્યારે તે રવિવાર અને જાહેર રજાના દિવસે સવારે ૮.૩૦ થી રાતના ૧૦.૩૦ વાગ્યા સુધી દોડે છે. મુસાફરોને કેટલીક અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો હતો કારણ કે તેઓ રજાના દિવસે સવારે મેટ્રોમાં મુસાફરી કરી શકતા નહોતા. પરંતુ હવે મુસાફરોની આ અગવડ દૂર થવા જઈ રહી છે. કારણ કે હવે મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન એ રવિવાર અને જાહેર રજાના દિવસે મેટ્રો-થ્રી સેવા વહેલી સવારે શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તે મુજબ, મેટ્રો સેવા હવે રવિવાર અને જાહેર રજાના દિવસે સવારે ૮.૩૦ વાગ્યાને બદલે સવારે ૬.૩૦ વાગ્યાથી શરૂ થશે. તેથી, મુસાફરો માટે આ રાહત રહેશે ■

### ગણેશચતુર્થી માટે આ સેવાનો સમયગાળો વધારવામાં આવશે

ગણેશ ચતુર્થી દરમિયાન ગણેશ ચતુર્થી માટે ભક્તો મોડી રાત સુધી આવતા-જતા રહે છે. આવી સ્થિતિમાં ગણેશ ચતુર્થી દરમિયાન મુસાફરોની સુવિધા માટે સર્વિસનો સમયગાળો વધારવાનો નિર્ણય લીધો છે. તે મુજબ ૨૭ ઓગસ્ટથી છ સપ્ટેમ્બર સુધી મેટ્રો-થ્રીની સેવાનો સમયગાળો રાત્રે દોઢ કલાક વધારવામાં આવશે. સેવાનો સમયગાળો દોઢ કલાક વધારવામાં આવશે, તેથી ટ્રિપ્સની સંખ્યામાં પણ વધારો થશે. જોકે સાત સપ્ટેમ્બરથી તે રવિવારથી સોમવાર સુધી સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી ચાલશે. ■

# મુંબઈ-થાણેની બજારોમાં ખરીદી માટે ભીડ

મુંબઈ/થાણેઃ ગણેશોત્સવને હવે માત્ર બે દિવસ બાકી છે. બુધવારથી શરૂ થનારા ગણેશોત્સવ માટે વર્કશોપમાં ગણેશજીની મૂર્તિઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત કાર્યકર્તાઓ પણ આખી આખી રાત જાગીને મંડપના સજાવટનું કાર્ય પૂર્ણ કરી રહ્યા છે. દાદર સહિત મુંબઈના અન્ય બજારોમાં ગણેશોત્સવ માટે જરૂરી સામગ્રી ખરીદવા માટે ધસારો જોવા મળ્યો હતો. પશ્ચિમ રેલ્વે સ્ટેશન વિસ્તારને અડીને આવેલા શહેરના મુખ્ય બજારોમાં તેમજ કલ્યાણ-ડોંબિવલી, વસઈ-વિરાર અને ઉલ્હાસનગરના બજારોમાં સુશોભન સામગ્રી, કાપડ, ઇલેક્ટ્રિક લાઇટ્સ, માળા અને પૂજા સામગ્રી ખરીદવા માટે લોકો ઉમટી પડ્યા હતા. થાણે સ્ટેશનની આસપાસના બજારોમાં ગ્રાહકોની ભીડને કારણે ટ્રાફિક જૅમ થયો હતો. ૧૫ મિનિટની મુસાફરીમાં દોઢથી બે કલાકનો સમય લાગતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જાંભલીનાકા, તલાવપાલી, રામમારુતિ રોડ અને ગોખલે રોડ સહિત બજારને જોડતા રસ્તાઓ ટ્રાફિક જૅમથી પ્રભાવિત થયા હતા. ■

# મારા પાંડુરંગને માંસાહાર ચાલે છેઃ સુપ્રિયા સુળેના નિવેદન પર વારકરી આક્રમક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મારો પાંડુરંગ મારી સાથે છે, તો તમને શું સમસ્યા છે? આ સવાલ એનસીપી (એસપી)ના સાંસદ સુપ્રિયા સુળે દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. હાલમાં માંસાહાર અંગે રાજ્યના રાજકારણમાં હલચલ મચી ગઈ છે. સાંસદ સુળેએ મહાયુતિના નેતાઓ પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો જેઓ માંસાહાર અંગે અલગ અલગ નિવેદનો આપી રહ્યા છે. દરમિયાન, તેમના નિવેદન પર હવે વારકરી સમુદાય તરફથી પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ કહ્યું હતું કે 'ફક્ત વારકરી સમાજ જ સુપ્રિયા સુળેને જવાબ આપશે'. બીજી તરફ વારકરી સમાજના અગ્રણી હરિભક્ત બાળાસાહેબ મહારાજ ખરાટે સુપ્રિયા સુળેના નિવેદનની નિંદા કરી છે.

બાળાસાહેબ ખરાટે કહ્યું હતું કે, સમગ્ર વારકરી સમુદાય વતી, હું સુપ્રિયા સુળેના નિવેદનની નિંદા કરું છું. મેં ક્યારેય તેના પિતાને પાંડુરંગના ચરણોમાં માથું નમાવતા જોયા નથી. તેથી, સુપ્રિયા સુળેને કહેવા માટે મારી પાસે શબ્દો નથી. ખરાટે એમ પણ કહ્યું હતું કે, હું સુપ્રિયા સુળેને કહેવા માંગુ છું કે તમે ગમે તેટલા મોટા રાજકારણી હોવ, તમે અમારા પ્રિય દેવતાઓનું અપમાન કરી શકતા નથી. મને સમજાતું નથી કે આ જૂથ આવા નિવેદનો કેમ આપે છે. વારકરી સંપ્રદાયે યાદ રાખવું જોઈએ કે તેમની વિરુદ્ધ આંદોલનની તૈયારી કરવાની છે. ■

### મહારાષ્ટ્રના વારકરી આનો જવાબ આપશેઃ દેવેન્દ્ર ફડણવીસ

આ દરમિયાન, જ્યારે મીડિયા પ્રતિનિધિઓએ સુપ્રિયા સુળેના નિવેદન પર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પૂછવામાં આવ્યું ત્યારે ફડણવીસે કહ્યું હતું કે, 'હું આનો જવાબ આપીશ નહીં, મહારાષ્ટ્રના તમામ વારકરી સમાજના લોકો આનો જવાબ આપશે.' ■

### શું ફડણવીસ શાકાહારી છે?ઃ સંજય રાઉત

મુંબઈઃ સાંસદ સુપ્રિયા સુળેએ શનિવારે ડિંડોરીમાં એક સભામાં કહ્યું હતું કે, 'હું માંસાહાર કરું છું, તે મારા પાંડુરંગને અનુકૂળ આવે છે,' તેમના નિવેદન પર હવે થઈ રહેલા વિવાદ બાદ શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે ફડણવીસના નિવેદન પર ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું હતું કે, 'કોઈએ કોઈનું ભોજન છીનવી લેવું જોઈએ નહીં. કોઈ શું ખાશે તેનો નિર્ણય ફડણવીસ ન લઈ શકે. તેઓ ચોરી ચોરીને શું ખાય છે?'

સંજય રાઉતે કહ્યું, 'શું કોઈને સુપ્રિયા સુળેના માંસાહાર સામે વાંધો છે? જો કોઈ ટીકા કરી રહ્યું હોય, તો તેમને તે કરવા દો. કારણ કે તે લોકો (સત્તામાં રહેલા લોકો) ટીકા કરવા સિવાય બીજું શું કરી શકે છે? શું મહારાષ્ટ્રમાં મટન ખાવા પર પ્રતિબંધ છે? શું કોઈએ મહારાષ્ટ્રમાં મરાઠા ધર્મનો નાશ કર્યો છે? જો એમ હોય, તો મને કહો. તમે નક્કી ન કરી શકો કે કોઈએ શું ખાવું જોઈએ અને શું નહીં. જો તમારે ખાવું હોય, તો તમે પણ ખાઓ.'

'વારકરી સંપ્રદાય જવાબ આપશે' એવા દેવેન્દ્ર ફડણવીસના નિવેદન પર, સંજય રાઉતે કહ્યું, 'ફડણવીસને કહો કે અમે જાણીએ છીએ કે તમે ચોરી ચોરી શું ખાઓ છો. શું ફડણવીસ શાકાહારી છે? શું આપણે જાણતા નથી કે તે શું ખાય છે? તમે બીજાના ભોજનમાં કેમ જાઓ છો? દરેક વ્યક્તિ જાણે છે કે તે પોતે શું ખાય છે. આજે બજારમાં મટન અને ચિકન આટલા મોંઘા કેમ થઈ ગયા છે? એવું નથી કે આપણે મટન અને ચિકન ખાઈએ છીએ તેથી તે મોંઘું થઈ ગયું છે. ■

# શિવસેનાના બન્ને જૂથો વચ્ચે ગણેશ મંડળોને રીઝવવાની હરીફાઈ

મુંબઈઃ મુંબઈના મહાનગરપાલિકા માટેની લડાઈ નજીક આવી રહી છે, ત્યારે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને તેની હરીફ શિવસેના (યુબીટી) ગણેશ મંડળોને રીઝવવા માટે સ્પર્ધા કરી રહી છે.

શિંદેની આગેવાની હેઠળની શિવસેનાનો દાવો છે કે ગણેશ ઉત્સવના આયોજન માટે 'અભૂતપૂર્વ' સહાય પૂરી પાડવામાં આવી રહી છે તેના કારણે ઘણા મંડળો વફાદારી બદલી રહ્યા છે. જોકે, સેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ હરીફ જૂથ પર મંડળોને પૈસાથી લલચાવવાનો આરોપ લગાવ્યો છે.

મંડળો કોણ છીનવી રહ્યું છે? તમે તેમને ક્યાં લઈ જશો? તમે આખરે મુંબઈમાં જ રહેશો. ગણપતિ બાપ્પાના આશીર્વાદ ન મળે ત્યાં સુધી તમે મંડળો છીનવી લેવાથી અમને કોઈ ફરક પડતો નથી, એમ ઠાકરેએ આ મહિનાની શરૂઆતમાં જણાવ્યું હતું.

શિવસેનાના એક કાર્યકર્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે શિંદેની પાર્ટી દ્વારા આપવામાં આવેલા ઉદાર સમર્થનને કારણે મંડળોમાં તેમની લોકપ્રિયતામાં વધારો થયો છે.

ગણેશ ચતુર્થીની ઉજવણી કરતી સમુદાય સંસ્થાઓ-મંડળો તરફથી મળતું સમર્થન શિંદેની આગેવાની હેઠળની સેના માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે, જે હજુ પણ મુંબઈમાં પગપેસારો કરવા માટે સંઘર્ષ કરી રહી છે, લાંબા સમયથી અવિભાજિત શિવસેનાનું એક વખત આ બધા પર પ્રભુત્વ હતું. મુંબઈમાં લગભગ ૧૪,૦૦૦ મંડળો છે જેમાંથી ૮,૦૦૦ રજિસ્ટર્ડ છે.

રાજકીય વિશ્લેષકોએ નોંધ્યું હતું કે આ મંડળો, જે દહીં હાંડી, નવરાત્રી અને કેટલાક કિસ્સાઓમાં સાંઈબાબા ઉત્સવોનું પણ આયોજન કરે છે, તે સ્થાનિક રાજકારણ સાથે ઊંડે સુધી જોડાયેલા છે. તેમણે સમજાવ્યું હતું કે કોર્પોરેટરો, વિધાનસભ્યો અને સાંસદો ઘણીવાર મંડળોને ટેકો આપવામાં ભૂમિકા ભજવે છે, જે મોટાભાગે દાન પર આધાર રાખે છે. તેમણે કહ્યું કે મંડળો એવા નેતાઓના બેનરો પણ લગાવે છે જે તેમને મદદ કરે છે.

શિવસેના (યુબીટી)ના એક કાર્યકર્તાએ યાદ કર્યું કે કેવી રીતે ગણેશ મંડળોએ એક ભૂતપૂર્વ કોર્પોરેટરને લોકસભા ટિકિટ મેળવવામાં મદદ કરી હતી.

લાલબાગ-પરેલ જે એક સમયે અવિભાજિત સેનાનો ગઢ હતો. સેના (યુબીટી)ના એક કાર્યકર્તાએ કહ્યું કે જ્યારે ૧૯૬૬માં પાર્ટીની સ્થાપના થઈ ત્યારે સ્વ. બાળ ઠાકરેએ પાર્ટીના કાર્યકરોને ગણેશોત્સવ, નવરાત્રોત્સવ અને દહીં હાંડીની ઉજવણીનું આયોજન કરતા મંડળો પર પ્રભુત્વ મેળવવાનો નિર્દેશ આપ્યો હતો.

આના કારણે મોટાભાગના મંડળો પર દાયકાઓ સુધી શિવસેનાનું વર્ચસ્વ રહ્યું હતું.

જોકે, પાર્ટીના વિભાજન અને શિંદેના નવા નેતા તરીકે ઉભરી આવ્યા પછી, છેલ્લા બેથી ત્રણ વર્ષોમાં પરિસ્થિતિ બદલાવા લાગી છે. ■

# એકનાથ શિંદે અને મુખ્યમંત્રી વચ્ચે બધું બરાબર નથી?

## નગર વિકાસ ખાતાના અધિકારીઓની મુખ્ય પ્રધાને ઝાટકણી કાઢતાં વર્તુળોમાં ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના નગર વિકાસ વિભાગના કારભાર પર નારાજી વ્યક્ત કરી. નગર વિકાસ વિભાગનું પ્રદર્શન ખૂબ જ ખરાબ હોવાનું કહીને, તેમણે અધિકારીઓને તાત્કાલિક સુધારા કરવાની સૂચના આપી હતી.

સૂત્રોએ એવી માહિતી આપી છે કે દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્ર સરકારની યોજનાઓ અંગે આયોજિત સમીક્ષા બેઠકમાં નગર વિકાસ વિભાગને કઠોર શબ્દોમાં ચેતવણી આપી હોવાથી એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે 'ઓલ ઈઝ નોટ વેલ'ની ચર્ચા થઈ છે.

દેવેન્દ્ર ફડણવીસે પોતાનો મજબૂત અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના નગર વિકાસ વિભાગે કેન્દ્ર સરકારની યોજનાઓના અમલમાં નબળું કામ કર્યું છે.

કેન્દ્ર સરકારે અમૃત યોજના હેઠળ પાણી પુરવઠા, સ્વચ્છતા, ગ્રીન પાર્ક અને નગર વિકસમાં ભંડોળ આપ્યું છે. તમે તેનો ઉપયોગ કેવી રીતે કર્યો? એવો સવાલ ફડણવીસે પૂછ્યો હોવાનું જાણવા મળ્યું છે.

૨૦૨૨માં, એકનાથ શિંદેએ મહા વિકાસ આઘાડી અને શિવસેના છોડી દીધી અને ભાજપ સાથે હાથ મિલાવ્યા. તે પછી, એકનાથ શિંદે જૂન ૨૦૨૨થી ઓક્ટોબર ૨૦૨૪ સુધી અઢી વર્ષ માટે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન રહ્યા હતા. તે સમયે પણ તેમની પાસે નગર વિકાસ વિભાગ હતો. દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન બન્યા પછી, એકનાથ શિંદેને નાયબ મુખ્ય પ્રધાનપદ સોંપવામાં આવ્યું હતું.

હાલમાં પણ, તેમની પાસે નગરવિકાસ વિભાગ છે. એવું જાણવા મળ્યું છે કે દેવેન્દ્ર ફડણવીસે અટલ યોજના હેઠળ આ વિભાગે યોગ્ય રીતે કામગીરી ન કરી હોવા બાબતે નારાજી વ્યક્ત કરી છે. ■

# જોગેશ્વરીમાં ₹૨૧.૫૦ લાખનું ડ્રગ્સ જપ્તઃ ફૂડ ડિલિવરી બૉય સહિત ચારની ધરપકડ

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે જોગેશ્વરી વિસ્તારમાંથી ૨૧.૫૦ લાખ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને ફૂડ ડિલિવરી બૉય સહિત ચાર જણની ધરપકડ કરી હતી.

આરોપીઓની ઓળખ મોહંમદ નૌશાદ નઝીર સલમાની, વિનોદ ધનરાળે, શંકર તુલસીરામ ભર અને શહા મોહંમદ હનીફ શેખ તરીકે થઇ હતી. આરોપી વિનોદ ધનરાળે ફૂડ ડિલિવરી બૉય છે અને જોગેશ્વીર વિસ્તારમાં રહે છે.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૦નો સ્ટાફ શનિવારે જોગેશ્વરી સ્થિત ઓશિવરા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે ફૂટપાથ નજીક ઊભેલા ચાર શખસ પર તેમની નજર પડી હતી.

ચારેયની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસ ટીમે તેમને તાબામાં લીધા હતા. ચારેયની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી હેરોઇન મળી આવ્યું હતું. આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તમની ધરપડ કરાઇ હોઇ તેમણે ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# પોલીસ ઇન્સ્પેક્ટર સાથે લાખો રૂપિયાની છેતરપિંડીઃ ગુનો દાખલ

મુંબઈઃ મુંબઈમાં સાયબર ફ્રોડના કિસ્સા વધી રહ્યા છે અને સાયબર ગુનેગારો પોલીસ કર્મચારીઓને હવે શિકાર બનાવી રહ્યા છે. તાડદેવમાં પોલીસ ઇન્સ્પેક્ટરે વ્હૉટ્સઍપ ગ્રૂપ પર આવેલી લિંકને ક્લિક કરી ડાઉનલોડ કરેલી આરટીઓ ચલાન ઍપને અનઇન્સ્ટોલ કર્યાના ત્રણ દિવસ બાદ તેના બૅંક ખાતામાંથી ૨.૯૯ લાખ ઉપડી ગયા હતા.

રાજભવન ખાતે સુરક્ષા માટે તહેનાત પોલીસ ઇન્સ્પેક્ટર મોહંમદ શરીફ બાગવાન ૧૮ ઑગસ્ટના રોજ તાડદેવ પોલીસ વસાહતમાં તેના ઘરે હતો ત્યારે વ્હૉટ્સઍપ ગ્રૂપ પર તેને આરટીઓ ચલાન એપીકે ફાઇલ પ્રાપ્ત થઇ હતી. બાગવાને તેના પર ક્લિક કરીને ઍપ ડાઉનલોડ કર્યા બાદ પોતાનું નામ અને મોબાઇલ નંબર નાખીને ઍપ બાદમાં અનઇન્સ્ટોલ કરી દીધી હતી. જોકે ત્રણ દિવસ બાદ તેના બૅંક ખાતામાંથી ઇન્ટરનેટ બૅંકિંગની મદદથી ૨.૯૯ લાખની ઉચાપત કરવામાં આવી હતી. ૧૮ ઑગસ્ટથી ૨૩ ઑગસ્ટ દરમિયાન આ છેતરપિંડી થઇ હતી.

બાગવાને શનિવારે આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે તાડદેવ પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ■

# પોતાને વાઘ કહેતી કાળી બિલાડીઓ રસ્તામાં આવી રહી છેઃ ઉદ્ધવ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પાર્ટીની દહિસર શાખાની મુલાકાત લીધી હતી. તે સમયે એક ટૂંકા ભાષણમાં, તેમણે ઉપસ્થિતોને ઘણા કટાક્ષો સાથે સંબોધિત કર્યા હતા, જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે કાળી બિલાડીઓ હિન્દુત્વના માર્ગમાં આવી રહી છે. તેમણે દરેકને મતદાર યાદીઓ પર નજર રાખવા અને મત ચોરી ન થવા દેવાની હાકલ પણ કરી હતી.

ઘણા લોકો જેમણે આપણને નુકસાન પહોંચાડ્યું છે તેઓ આવ્યા અને ગયા. હવે, મુશ્કેલી સર્જનારના આગમનના સાક્ષી તરીકે, હું કહી રહ્યો છું કે આપણે હિન્દુત્વનો ભગવો ધ્વજ લઈને નીકળ્યા છીએ. પોતાને વાઘ કહેતી કાળી બિલાડીઓ રસ્તામાં આવી રહી છે. તમે તે કાળી, અશુભ બિલાડીઓનું ધ્યાન રાખો.

હું મોટું ભાષણ નહીં કરું. પણ એક વાત બધાએ ચોક્કસ કરવી જોઈએ કે, શું આપણા વોર્ડમાં મત ચોરી થાય છે? હવે ગણપતિનો તહેવાર છે, તો પિતૃ પક્ષ આવવાનો છે. હું પિતૃ પક્ષને આપણો માનું છું કારણ કે મારી પાર્ટી જ 'પિતૃ પક્ષ' છે. શિવસેનાની સ્થાપના મારા પિતાએ કરી હતી. જેમને તેમાં કોઈ રસ નથી, તેમણે બધી ચોરીઓ કરવી પડશે. આજથી જ મતદાર યાદીઓ તપાસવાનું શરૂ કરો. નહીંતર, ચૂંટણીના દિવસે, જે લોકો મતદાર નથી તેમના નામ પર મતદાન કરવામાં આવશે. આંખોમાં તેલ નાખીને મતદાર યાદીઓ તપાસો. આપણા રાજ્યમાં ૪૨ લાખ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જુઓ કે તેઓ કોણ છે, તેમને મતદાન ન કરવા દો, એવી અપીલ ઉદ્ધવ ઠાકરેએ કરી છે. ■

# પશ્ચિમ રેલવેમાં ટ્રેનોની નિયમિતતા ૯૫ ટકા

## ૧૫ જગ્યાએ સ્પીડ લિમિટ હટાવતા ઝડપ વધશે

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં મુસાફરી કરવી હવે વધુ સરળ બનશે. પશ્ચિમ રેલવેએ છેલ્લા બે વર્ષમાં ૧૫ સ્થળોએ ગતિ મર્યાદા દૂર કરી છે. પુલના બાંધકામ, સમારકામ અને અન્ય જરૂરી કામોને કારણે ગતિમાં બ્રેક લગાડવામાં આવી હતી, પણ હવે ઘણા માળખાગત કર્યો પૂર્ણ થતાં સ્પીડ લિમિટ હટાવી લેવામાં આવી છે.

રેલવે અધિકારીઓનું કહેવું છે કે ગ્રાન્ટ રોડથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે પુલ નંબર પાંચ અને પુલ નંબર ૬૧ અને કાંદિવલી નજીક પુલ નંબર ૨૦ ફરીથી બનાવવામાં આવ્યા છે. જૂના બ્રિટિશ યુગના સ્ક્રુ વાળા બ્રિજ દૂર કરવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ નવા આરસીસી બ્રિજ બનાવવામાં આવ્યા છે. ઓક્ટોબર ૨૦૨૪ થી ગોરેગાંવ અને કાંદિવલી વચ્ચે છઠ્ઠી લાઇનના નિર્માણ માટે ગતિ મર્યાદા લાદવામાં આવી હતી. કામ પૂર્ણ થયા પછી તેને દૂર કરવામાં આવી હતી. બાંદ્રા ટર્મિનસ જતી મેલ-એક્સપ્રેસ ટ્રેનો પાંચમી અને છઠ્ઠી લાઇન પર દોડાવવામાં આવે છે. આનાથી મેલ-એક્સપ્રેસ અને લોકલ ટ્રેનોની નિયમિતતામાં સુધારો થયો છે. હવે પશ્ચિમ રેલ્વે પર ૯૫ ટકા ટ્રેનો સમયસર દોડી રહી છે. **એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ સુધી આ સ્થળોએ ગતિ મર્યાદા દૂર કરવામાં આવીઃ** માટુંગા રોડ-માહિમ (પાંચમી લાઇન): ૧૫ કિમી, ૫૦ કિમી અને ૧૫ કિમી પ્રતિ કલાક, માહિમ-બાન્દ્રા (પાંચમી લાઇન): ૩૦ કિમી અને ૧૦ કિમી પ્રતિ કલાક, બાન્દ્રા ટર્મિનસથી સાંતાક્રુઝઃ ૪૫ કિમી પ્રતિ કલાક, અંધેરી યાર્ડ કોમ્પ્લેક્સઃ ૫૦ કિમી પ્રતિ કલાક, સાંતાક્રુઝથી બાંદ્રાઃ ૭૫ કિમી પ્રતિ કલાક, બાંદ્રા-માહિમઃ ૧૫ કિમી પ્રતિ કલાક, જોગેશ્વરી-ગોરેગાંવઃ ૫૫ કિમી પ્રતિ કલાક. ■

# જીએસટી અને એસએન્ડપીના બુસ્ટર બાદ બજારની નજર હવે ભારતના જીડીપી, આઈઆઈપી અને અમેરિકાના ઈકોનોમિક ડેટા પર

સરકારે જીએસટીમાં સૂચવેલા સકારાત્મક ફેરફાર સાથે એસએન્ડપી રેટિંગ્સ દ્વારા ભારતના અપ્રગ્રેડેશનને પગલે એક ઝાટકે ટેરિફ વોરને કારણે અર્થતંત્રને પડનારા ફટકાનો હાઉ દૂર થવાથી શેરબજારમાં પાછલા સપ્તાહે જોરદાર કરંટ જોવા મળ્યો હતો અને આગેકૂચનો દોર છ દિવસ વિસ્તર્યો હતો. જોકે, ફેડરલના રેટકટના નિર્ણય અગાઉ બજારમાં સાવચેતીનો ટોન જોવા મળ્યો હતો અને ઊંચા મથાળે પહોંચેલા શેરોમાં પ્રોફિટ બુકિંગ પણ જોવા મળ્યું હતું. એ જ સાથે રશિયાએ યુક્રેન પર ફરી મિસાઇલ હુમલો કર્યો હોવાથી શાંતિ મંત્રણા પડી ભાંગવાના સંજોગોએ બીજા અનેક જોખમો ઊભા કર્યા છે.

જેક્સન હોલ સિમ્પોઝિયમમાં પોતાના ભાષણ દરમિયાન યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલે વ્યાજ દરમાં ઘટાડાનો સંકેત આપ્યા બાદ વિશ્વભરના બજારોમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું. આને પરિણામે શુક્રવારે યુએસ શેરબજારમાં મજબૂત તેજી જોવા મળી, જેમાં ડાઉ જોન્સ લગભગ બે ટકા વધ્યો, જ્યારે નાસ્ડેક અને એસએન્ડપી ૫૦૦માં પણ તીવ્ર ઉછાળો જોવા મળ્યો. નબળા ડોલર ઇન્ડેક્સે આશાવાદમાં વધુ ઉમેરો કર્યો છે, જે ભારત જેવા ઉભરતા બજારોમાં પ્રવાહને ટેકો આપી શકે છે. આની અસર ભારતીય બજારમાં સોમવારે પ્રતિબિંબિત થઇ શકે છે.

જીએસટીના સુતાર્કિકીકરણને લગતા આશાવાદને કારણે સ્થાનિક બજારમાં સપ્તાહની શરૂઆત ઉછાળા સાથે થઈ હતી. વધુમાં, એસએન્ડપી દ્વારા સોવરિન રેટિંગ અપગ્રેડ કરવાથી રોકાણકારોમાં વિશ્વાસનો બીજો સ્તર ઉમેરાયો હતો. જોકે, કેટલાક બાહ્ય અવરોધોને કારણે રોકાણકારોએ સાવચેતીના માનસ વચ્ચે પ્રોફિટ બુકિંગ શરૂ કર્યું હોવાથી અઠવાડિયાના અંતમાં તેજીનો વેગ ઓછો થઇ ગયો. નોંધવું રહ્યું કે દસ વર્ષના ભારતીય સરકારી બોન્ડ યીલ્ડમાં જોવા મળેલા ઉછાળાએ, જીએસટી સુધારાઓને ધ્યાનમાં રાખીને રાજકોષીય સ્થિતિ અંગે ચિંતા પણ ઉભી કરી છે.

નોંધવું રહ્યું કે, જીએસટી દરોના સુતાર્કિકરણ માટેના પ્રધાનમંડળે પાંચ ટકા અને ૧૮ ટકાના બે સ્લેબ ધરાવતા જીએસટી માળખા માટેના કેન્દ્ર સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જીએસટી કાઉન્સિલ આ અંગે આવતા મહિને આ સંદર્ભે નિર્ણય લે એવી સંભાવના છે. હાલ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સનું માળખું, પાંચ ટકા, બાર ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા, એમ ચાર સ્લેબ ધરાવે છે.

રોકાણકારો માટે સૌથી મોટી ચિંતાઓમાંની એક ૨૭ ઓગસ્ટની છે જે ભારતીય માલ પર વધારાના ટેરિફ લાદવાના યુએસના નિર્ણય માટે છે. અમેરિકાએ પહેલાથી જ અમુક ભારતીય ઉત્પાદનો પર ટેરિફ બમણી કરીને ૫૦ ટકા કરી દીધો છે, જેમાં ભારત દ્વારા રશિયન ક્રૂડ ઓઇલની ખરીદી સાથે જોડાયેલી ૨૫ ટકા ડ્યુટી ઉમેરી છે. બજાર રશિયન ઓઇલની આયાત સાથે જોડાયેલા ભારતીય માલ પર વધારાના પચ્ચીસ ટકાની યુએસ ટેરિફ પેનલ્ટી આ સપ્તાહે લાગુ કરવામાં આવશે કે કેમ, તે અંગે સ્પષ્ટતાની રાહ જોવાઇ રહી છે.

વિશ્લેષકો કહે છે કે સ્પષ્ટતાના અભાવે આગામી દિવસોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) સાવધ રહી શકે છે. ઓગસ્ટમાં એફઆઇઆઇનો વેચાણનો દોર ચાલુ છે. આ મહિને, ૨૩ ઓગસ્ટ સુધી, વિદેશી ફંડોએ રૂ. ૨૫૫૬૪ કરોડમાં ઇક્વિટી વેચી હતી, આ વર્ષે ૨૩

## શેરબજાર

**નિલેશ વાઘેલા**

ઓગસ્ટ સુધી કુલ વેચાણ રૂ. ૧૫૭૪૪૦ કરોડ થયું હતું. એફપીઆઇ બોન્ડ માર્કેટમાં પણ વેચાણકર્તા રહ્યા છે, તેમના મતે ઉભરતા બજારોની તુલનામાં ભારતમાં ઊંચા મૂલ્યાંકન છે.

એફઆઇઆઇ બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રોમાં પણ વેચાણકર્તા હતા, કારણ કે આ સેગમેન્ટ તેમની સંપત્તિનો મોટો ભાગ કસ્ટડી હેઠળ ધરાવે છે. નબળી વૃદ્ધિની સંભાવનાઓ અને આ સેગમેન્ટની મર્યાદિત કમાણીની દશ્યતાની ચિંતાને કારણે તેઓએ આઇટીમાં વેચાણ ચાલુ રાખ્યું, જોકે ટેલિકોમ અને કેપિટલ ગુડ્સ શેરોમાં સતત ખરીદદાર રહ્યા હતા. નજીકના ભવિષ્યમાં એફઆઇઆઇ તેમનું વેચાણ ઘટાડી શકે છે કારણ કે સપ્ટેમ્બરમાં ફેડરલ તરફથી રેટ કટની અપેક્ષાને કારણે ડોલર નબળો પડી રહ્યો છે.

નિષ્ણાતો માને છે કે, બાહ્ય અવરોધો છતાં, સ્થાનિક આર્થિક સૂચકાંકો આશાની ઝલક આપે છે. રેકોર્ડ-ઉચ્ચ સંયુક્ત પીએમઆઇ અને શહેરી માગ પુનરૂત્થાનના પ્રારંભિક સંકેતો બજારને ટેકો આપે એવી અપેક્ષા છે. વપરાશ ક્ષેત્રને અનુકૂળ ચોમાસા, નીચા વ્યાજ દરો અને પરોક્ષ કર રાહતોથી ફાયદો થવાની સંભાવના છે. આ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે, જેમાં ભારતના જીડીપી, યુએસ વૃદ્ધિ અને ફુગાવાના ડેટા સહિત મુખ્ય ડેટા જાહેર કરવામાં આવશે. આ બંને ડેટા પર વૈશ્વિક આર્થિક દૃષ્ટિકોણ જાણવા માટે રોકાણકારો ઝીણવટભરી નજર રાખશે.

દરમિયાન કોર્પોરેટ હલચલમાં ક્લીન સાયન્સના પ્રમોટર્સ બ્લોક ડીલ દ્વારા ૨૦ ટકા ઇક્વિટી હિસ્સો વેચવાની તજવીજમાં હોવાના અહેવાસ છે. એપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઇસ લિમિટેડમાંથી તેના મેનેજિંગ ડિરેક્ટર સુનીતા રેડ્ડીની આગેવાની હેઠળના પ્રમોટર જૂથે પોતાનો ૧.૩૦ ટકા હિસ્સો રૂ. ૧૪૮૯ કરોડમાં ઓફલોડ કર્યો છે. એશિયા, આફ્રિકામાં એસએમઇને ટેકો આપવા માટે જાપાન ઇન્ટરનેશનલે એસીએફમાં ૪૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. એડલવાઇસ ફાઇનાન્શિયલ રૂ. ૪૫૦ કરોડમાં એડલવાઇસ એસેટ મેનેજમેન્ટ અને એડલવાઇસ ટ્રસ્ટીશીપમાંથી ૧૫ ટકા સુધીનો હિસ્સો વેચી રહી છે. ફોસેકો ઇન્ડિયા રૂ. ૬૫૪ કરોડમાં મોર્ગનાઇટ ક્રુસિબલમાં હિસ્સો ખરીદી રહી છે.

ઓટો સેક્ટર માટે હાઇ એન્ડ સ્ટીલ પ્રોડક્ટ પૂરા પાડવા બીએમડબલ્યું ઇન્ડસ્ટ્રઉઈઝ રૂ. ૮૦૩ કરોડનું રોકાણ કરશે. અગ્રણી એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (ઈપીસી) કંપની, એચઈસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડ શહેરી પાણી વિતરણ અને ઉર્જા માળખાગત સુવિધા ક્ષેત્રે પોતાની હાજરી વિસ્તૃત કરવાના ભાગરૂપે લગભગ રૂ. ૧૨.૦૮ કરોડના સંયુક્ત મૂલ્ય સાથે ત્રણ મહત્વપૂર્ણ ઓર્ડર મેળવ્યા છે.

અલ્ગોરિધમ આધારિત ટ્રેડિંગ, ફિનટેક, ડિજિટલ પેમેન્ટ્સ પ્રોડક્ટ અને સર્વિસ માટેના દેશના પ્રીમિયર ફિનટેક અને ટ્રેડિંગ પ્લેટફોર્મ કોન્ફરન્સની ચોથી આવૃત્તિ, મની એક્સ્પો ઇન્ડિયામાં ૧૦,૦૦૦થી વધુ ઉપસ્થિતો, ૧૦૦થી વધુ બ્રાન્ડ્સ, એંશીથી વધુ હાઇ પ્રોફાઇલ વક્તા અને રોકાણકારો, રિટેલર્સ સહિત દસથી વધુ દેશોના સહભાગીઓ એકત્ર થયા હતા. પેનલ સત્રમાં, નેશનલ સ્ટોક એક્સચેન્જના મુખ્ય અર્થશાસ્ત્રી ડો. તીર્થંકર પટનાયકે કહ્યું, કે જાહેર ભરણાં મારફત ગયા વર્ષે, ભારતે ૨૦ બિલિયન સુધી મૂડી એકત્ર કરીને વિશ્વના ટોચના બજારોમાં સ્થાન મેળવ્યું હતું.

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના વડાએ પ્રી-આઈપીઓ માટે નિયમનકારી પ્લેટફોર્મ લાવવાનો સંકેત આપવા સાથે ઇક્વિટી ડેરિવેટિવ્ઝનો કાર્યકાળ વધારવાની યોજના અંગે પણ ઉચ્ચારણ કર્યું છે. શેરબજાર નિયમનકાર સેબીના અધ્યક્ષ તુહિન કાંતા પાંડેએ ગુરુવારે પ્રી-આઈપીઓ (પ્રારંભિક જાહેર ઓફર) શેર ટ્રેડિંગ માટે નિયમનકારી પ્લેટફોર્મ રજૂ કરવાનું સૂચન કર્યું છે, જે બજારના સાધનો અનુસાર સંભવિત રીતે હાલના ગ્રે માર્કેટની કમાગરી કદાચ બંધ કરાવી શકે છે!

એ જ સાથે પાંડેએ જણાવ્યું હતું કે સેબી ઇક્વિટી ડેરિવેટિવ્ઝ પ્રોડક્ટ્સની મુદત અને પરિપક્વતા પ્રમાણસર ધોરણે વધારવાનું વિચારી રહી છે. આનાથી આવા પ્રોડક્ટસના ટ્રેડિંગ પર અંકુશ આવશે, જ્યાં સેબીના અભ્યાસ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૯૧ ટકા વ્યક્તિગત ટ્રેડર્સે નુકસાન સહન કર્યું હતું.

રોકાણકારો માટે આ સપ્તાહ ઘણું વ્યસ્ત રહેવાનું છે. મૂડીબજારમાં દસ કંપનીઓ પ્રવેશ કરી રહી છે, જ્યારે શેરબજારમાં આઠ કંપનીઓ લિસ્ટિંગ મેળવશે. વોટર અને વેસ્ટવોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉકેલો પૂરા પાડવામાં નિષ્ણાત આઈએસઓ પ્રમાણિત ઇપીસી કંપની, સત્વ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન લિમિટેડ ૨૬ ઓગસ્ટના રોજ તેની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડી બજારમાં પ્રવેશ કરશે. પ્રાઇઝ બેન્ડ રૂ. ૭૦થી રૂ. ૭૫ પ્રતિ શેર છે. એન્કર પોર્શન આજે ખુલશે અને ભરણું ૨૯ ઓગસ્ટ,૨૦૨૫ના રોજ બંધ થશે. ■

# ભારત કઠોળ ઉત્પાદન ક્ષેત્રે વિશ્વમાં ટોચના સ્થાને

મુંબઇઃ કૃષિ મૂલ્યની દ્રષ્ટિએ વિશ્વના ટોચના ચાર ખાદ્ય ઉત્પાદક દેશો ચીન, ભારત, અમેરિકા અને બ્રાઝિલ છે. આજે આપણે ખાદ્ય ઉત્પાદનમાં કઠોળ વિશે વાત કરીએ તો મસૂર, ચણા, બીન્સ અને વટાણા સહિતની કઠોળ વૈશ્વિક પોષણ અને કૃષિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. નોંધનીય છે કે, અત્યાર સુધી આપણે વિંવિમાં કઠોળનો સૌથી વધુ વપરાશ કરનારા તેમ જ સૌથી વધુ આયાત કરનારા દેશોની યાદીમાં હતાં. પરંતુ આજે ભારત સૌથી વધુ કઠોળનું ઉત્પાદન કરે છે. પરંતુ કેટલું ઉત્પાદન થાય છે અને ભારત સિવાય અન્ય કયા દેશો આ યાદીમાં છે? આ બધા વિશે જાણવું પણ મહત્ત્વપૂર્ણ છે.

અહેવાલો અનુસાર, ભારત વિશ્વનો સૌથી મોટો કઠોળ ઉત્પાદક દેશ છે જ્યાં વાર્ષિક કઠોળનું ઉત્પાદન ૨૮ મિલિયન મેટ્રિક ટન થાય છે. ભારત એટલું બધું કઠોળનું ઉત્પાદન કરે છે કે કોઈ અન્ય દેશ તેની નજીક પણ પહોંચી શકતો નથી. ભારત પછી મ્યાનમાર, કેનેડા, ચીન અને રશિયાનો ક્રમ આવે છે. પાછલા ૨૦ વર્ષમાં, ભારતનું કઠોળનું ઉત્પાદન ૨૦૦૨માં ૧૧.૧૩ મિલિયન મેટ્રિક ટનથી બમણાથી વધુ થયું છે. મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે. ચણા, તુવેર અને મસૂર જેવા વિવિધ કઠોળ ભારતમાં ઉગાડવામાં આવે છે, જે તેમનો વ્યાપક વપરાશ દર્શાવે છે. મ્યાનમાર એક મુખ્ય કઠોળ ઉત્પાદક દેશ છે, જેનું ઉત્પાદન ૨૦૨૧માં ૭ મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચ્યું હતું. આ દેશ નોંધપાત્ર માત્રામાં કઠોળ નિકાસ માટે જાણીતો છે, ૨૦૨૦-૨૧માં ૨ મિલિયન ટનથી વધુની નિકાસ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૨ના ડેટા અનુસાર, વૈશ્વિક કઠોળની ખેતી લગભગ ૯.૬ મિલિયન હેક્ટરમાં થઈ હતી. આમાં ૯.૭ મિલિયન ટન ઉત્પાદન મળ્યું હતું, જેની ઉત્પાદકતા પ્રતિ હેક્ટર ૧,૦૧૫ કિલો હશે. વિશ્વભરના ૧૭૦ દેશોમાં કઠોળ ઉગાડવામાં આવે છે, જે વૈશ્વિક કૃષિ અને ખાદ્ય સુરક્ષામાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે. ■

# પ્રમોટરોના ૪૫૦ ડીમેટ ખાતા ફ્રીઝ કરાયા

મુંબઇ : નિયમનકારી માર્ગદર્શિકાનું પાલન ન કરવાને કારણે લગભગ ૪૫૦ પ્રમોટરોના ડીમેટ ખાતામાં ફ્રીઝ કરવામાં આવ્યા છે. સ્ટોક એક્સચેન્જે ગત વર્ષે આ પ્રકારના વધુ ખાતા ફ્રીજ્ડ જાહેર કર્યા છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા બહાર પાડવામાં આવેલા ૨૦૨૪-૨૫ના વાર્ષિક અહેવાલના ડેટા અનુસાર, બીએસઈએ ૪૫૭ કંપનીઓના પ્રમોટરોના ડીમેટ ખાતા ફ્રીઝ કર્યા છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર ૫૪૫૨ કંપનીઓ લિસ્ટેડ હતી, જેમાંથી ૪૪૬૩માં માર્ચ, ૨૦૨૫ સુધી ટ્રેડ થઈ હતી. ફ્રીઝ કરાયેલા પ્રમોટર ખાતા વર્ષ દરમિયાન ટ્રેડ થયેલી કંપનીઓના દસમા ભાગ કરતાં વધુ કંપનીઓને આવરી લે છે. ■

## દેશ વિદેશ

# ‘દેશના યુવાઓ રાષ્ટ્રીય સંપત્તિ, નશાથી દૂર રહો’: હરિયાણાના મુખ્ય પ્રધાનની અપીલ

ચંડીગઢ : હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબસિંહ સૈનીએ યુવાનોને ડ્રગ્સથી દૂર રહેવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા વિનંતી કરી છે. સૈનીએ રવિવારે સિરસા જિલ્લાના ડબવાલીમાં ‘હરિયાણા ઉદય’ કાર્યક્રમ હેઠળ ‘યુવા મેરેથોન’ને લીલી ઝંડી આપી હતી અને કહ્યું હતું કે યુવાનો દેશની રાષ્ટ્રીય સંપત્તિ છે અને જો તેઓ ડ્રગ્સનો શિકાર બનશે તો તે વિકાસની ગતિને અસર કરશે. આ હાફ મેરેથોન ૫ કિમી. ૧૦ કિમી. અને ૨૧ કિમી. કેટેગરીમાં યોજાઈ હતી.

સૈનીએ કહ્યું હતું કે ‘‘અત્યાર સુધીમાં હરિયાણામાં ૩૩૫૦ ગામડાઓ અને ૮૭૬ વોર્ડને ડ્રગ્સ મુક્ત જાહેર કરવામાં આવ્યા છે. ડ્રગ્સ યુવાનોની ઊર્જાને નકારાત્મક દિશામાં વાળે છે. ઘણા પરિવારો તેનાથી પ્રભાવિત થાય છે અને તેમના સપના ચકનાચૂર થઈ જાય છે. તેનાથી વ્યક્તિના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે.’’ તેમણે કહ્યું હતું કે પંચકુલાથી પલવલ અને સિરસાથી ફરીદાબાદ સુધી જાગૃતિ રેલીઓ, શાળાઓ અને કોલેજોમાં વર્કશોપ અને પંચાયત સ્તરે સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સૈનીએ કહ્યું હતું કે તેમને જાણ કરવામાં આવી છે કે રાજ્યમાં ૧૬૨ વ્યસન મુક્તિ પુનર્વસન કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે, સાથે જ ૧૩ જિલ્લાઓમાં સરકારી મેડિકલ કોલેજોમાં ‘ડ્રગ મુક્તિ વોર્ડ’ અને સિવિલ હોસ્પિટલોમાં ‘ડ્રગ મુક્તિ કેન્દ્રો’ પણ સ્થાપવામાં આવ્યા છે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે ગ્રામ પંચાયતો અને સરપંચોને તેમના વિસ્તારમાં એક પણ વ્યક્તિ ડ્રગ્સનો વ્યસની ન બને તેની ખાતરી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. અમે હરિયાણામાં શાળા, યુનિવર્સિટી અને કોલેજ સ્તરે ‘ધાકડ’ કાર્યક્રમ પણ શરૂ કર્યો છે. તેમણે કહ્યું હતું કે ડ્રગ્સની હેરાફેરી રોકવા માટે જિલ્લા અને રાજ્ય સ્તરે ડ્રગ્સ વિરોધી સેલ સ્થાપવામાં આવ્યા છે.

# વડા પ્રધાને ગુરુ ગ્રંથ સાહિબના પ્રકાશ પર્વ નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ગુરુ ગ્રંથ સાહિબના પ્રકાશ પર્વ નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી હતી. તેમજ તેમના ઉપદેશો માનવતાને એકતા અને સંવાદિતાની ભાવનાને મજબૂત કરવા માટે પ્રેરણા આપે છે એમ તેમણે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુરુ ગ્રંથ સાહિબ શીખોનો પવિત્ર ગ્રંથ છે, જેને સમુદાય એક જીવંત ગુરુ તરીકે પૂજે છે. મોદીએ એક્સ પર જણાવ્યું કે શ્રી ગુરુ ગ્રંથ સાહિબજીના પ્રકાશ પર્વના શુભ અવસર પર હાર્દિક શુભેચ્છાઓ. શ્રી ગુરુ ગ્રંથ સાહિબજીના શાશ્વત ઉપદેશો વિશ્વભરના જીવનને પ્રકાશિત કરે છે અને આપણને કરૂણા, નમ્રતા અને સેવાનાં મૂલ્યોની યાદ અપાવે છે.

તેમણે જણાવ્યું કે આ ઉપદેશો માનવતાને એકતા અને સંવાદિતાની ભાવનાને મજબૂત કરવા માટે પ્રેરણા આપે છે. ■

# નેપાળ સત્તાવાર રીતે ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સમાં જોડાયું

કાઠમંડુઃ નેપાળ સત્તાવાર રીતે ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ (આઇબીસીએ)નું સભ્ય બની ગયું છે. આ માહિતી આઇબીસીએ શનિવારે આપી હતી.

આઇબીસીએના જણાવ્યા અનુસાર નેપાળે ડ્રાફ્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સાથે તે ઔપચારિક રીતે ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ(આઇબીસીએ)માં જોડાઇ ગયું છે. આઇબીસીએએ વાઘ, ચિત્તા અને હિમ ચિત્તા સહિત સાત મોટી બિલાડીના વર્ગની પ્રજાતિઓના સંરક્ષણ માટે ભારતની આગેવાની હેઠળની વૈશ્વિક પહેલ છે. આઇબીસીએની સ્થાપના મોટી બિલાડીના વર્ગની સાત પ્રજાતિઓના સંરક્ષણમાં આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી. આઇબીસીએ જણાવ્યું કે નેપાળમાં હિમ ચિત્તા, વાઘ અને સામાન્ય ચિત્તા જોવા મળે છે. તેથી નેપાળનો આઇબીસીએમાં જોડાવાનો નિર્ણય આ પ્રજાતિના જીવોના સંરક્ષણ માટે વૈશ્વિક સહયોગને મજબૂત બનાવશે. આઇબીસીએ નેપાળ સરકારને સહિયારી પર્યાવરણીય સુરક્ષાની દિશામાં આ મહત્ત્વપૂર્ણ પગલાં બદલ અભિનંદન પાઠવ્યા હતા. નેપાળમાં ૨૦૨૨ સુધીમાં વાઘની વસ્તી લગભગ ત્રણ ગણી વધીને ૩૫૫ થવા પામી હતી. જે ૨૦૦૯માં માત્ર ૧૨૧ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૯ એપ્રિલ, ૨૦૨૩ના રોજ કર્ણાટકના મૈસુરમાં સાત મોટી બિલાડીના વર્ગની વાઘ, સિંહ, ચિત્તા, હિમ ચિત્તા, જગુઆર અને પુમાની પ્રજાતિઓના વૈશ્વિક સંરક્ષણ માટે ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ(આઇબીસીએ)નો શુભારંભ કર્યો હતો. ■

# ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ચંપઇ સોરેન નજરકેદ

## જમીન સંપાદન સામે આદિવાસી વિરોધને પગલે કાર્યવાહી

રાંચીઃ ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ભાજપ નેતા ચંપઇ સોરેનને કરોડો રૂપિયાની સરકારી આરોગ્ય સંસ્થા માટે જમીન સંપાદન સામે આદિવાસી સંગઠનોના વિરોધને પગલે કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ટાળવા માટે રવિવારે ઘરમાં નજરકેદ કરવામાં આવ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર તેમના પુત્ર બાબુલાલ સોરેન અને રાંચી જઇ રહેલા તેમના સમર્થકોને પણ પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં લેવામાં આવ્યા છે. રાંચી શહેરના નાયબ પોલીસ અધિક્ષક કે. વી. રમણના જણાવ્યા અનુસાર આદિવાસી સંગઠનોના વિરોધને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સાવચેતીના ભાગરૂપે ચંપઇ સોરેનને નજરકેદ કરવામાં આવ્યા છે.

રવિવારે થયેલા વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે અને મહત્ત્વપૂર્ણ સ્થળોએ બેરિકેડ લગાવવામાં આવ્યા છે. જો કે સોરેને આ પગલાંને બિનઅલોકતાંત્રિક ગણાવ્યું હતું અને કહ્યું કે આદિવાસીઓ અને તેમના વિરોધને સમર્થન આપવાને કારણે તેમને નજરકેદ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. વિરોધ પ્રદર્શનમાં જોડાવાની જાહેરાત કરનારા સોરેનના નિવાસસ્થાને પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. ■

# દિલ્હી પોલીસે પાંચ કરોડનું ડ્રગ્સ કર્યું જપ્તઃ બે માસ્ટરમાઈન્ડની પણ ધરપકડ

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસે બે ડ્રગ સપ્લાયર્સની ધરપકડ કરીને એક મોટા હેરોઈન સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે ૫ કરોડ રૂપિયાથી વધુ કિંમતનું ડ્રગ્સ પણ જપ્ત કર્યું હતું. એક અધિકારીએ રવિવારે આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે ટીમે એક મોટા ઓપરેશનમાં ૧,૦૪૯ ગ્રામ હેરોઈન, એક સ્કૂટર, રોકડ અને મોબાઈલ ફોન જપ્ત કર્યા છે, જેના કારણે પૂર્વ અને ઉત્તર-પૂર્વ દિલ્હીમાં એક મોટી સપ્લાય ચેઈન તૂટી ગઈ છે.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ક્રાઈમ બ્રાન્ચ) સંજીવ કુમાર યાદવે કહ્યું હતું કે, ‘‘આ સિન્ડિકેટનું નેતૃત્વ નંદ નગરીની રહેવાસી ૫૪ વર્ષીય સીમા, જે અનેક ગુનાહિત કેસોમાં ગુનેગાર છે અને તેની શાહદરાની રહેવાસી ૪૩ વર્ષીય ભાભી સમિતા કરી રહી હતી.’’ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ૨૨ ઓગસ્ટના રોજ જીટીબી હૉસ્પિટલ નજીક દરોડા દરમિયાન ડી-બ્લોક ઝૂંપડપટ્ટી નંદ નગરીમાં હેરોઈનનો જથ્થો પહોંચાડવાનો પ્રયાસ કરતી વખતે બંને મહિલાઓને પકડી લેવામાં આવી હતી. શંકાસ્પદો સ્કૂટર પર સવાર હતા, જે પણ જપ્ત કરવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે તેમની પાસેથી ૧૦૪૯ ગ્રામ પ્રતિબંધિત માલ જપ્ત કરવામાં આવ્યો હતો. ડીસીપીએ જણાવ્યું હતું કે, ‘‘તાજેતરમાં ગુપ્ત માહિતીના આધારે સીમાના નિવાસસ્થાનને દિલ્હીના ૬૪ ઉચ્ચ-જોખમી ડ્રગ ટ્રાફિકિંગ કેન્દ્રોમાંથી એક તરીકે ઓળખવામાં આવ્યું હતું.’’ તેમણે કહ્યું કે સીમાના પરિસરનો ઉપયોગ હેરોઈન માટે સ્ટોરેજ સેન્ટર અને વિતરણ સેન્ટર બંને તરીકે થતો હતો. પોલીસે પોતાની કાર્યપદ્ધતિ શેર કરતા જણાવ્યું હતું કે આ ગેંગ દિલ્હી-એનસીઆરમાં સપ્લાયર્સ પાસેથી ઉચ્ચ ગુણવત્તાવાળા હેરોઈન મેળવતી હતી અને પછી તેને નંદ નગરી અને નજીકના વિસ્તારોમાં પહોંચાડતી હતી જ્યાંથી તે નાના દાણચોરો અને ડ્રગ્સ લેતા લોકોને વહેંચવામાં આવતી હતી. સીમા કેન્દ્રીય સંયોજક તરીકે કામ કરતી હતી અને ખરીદી અને વિતરણ બંનેનું નિરીક્ષણ કરતી હતી. તેણીએ તેના નેટવર્કમાં સલામતી અને પ્રતિબંધિત માલની સરળ હિલચાલની પણ ખાતરી કરી હતી. સમિતા તેના પ્રાદેશિક સહયોગી તરીકે કામ કરતી હતી અને કન્સાઇનમેન્ટના પરિવહન અને ડિલિવરીમાં મદદ કરતી હતી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે સીમા બે દાયકાથી વધુ સમયથી દિલ્હીના ડ્રગ વેપારમાં એક્ટિવ છે. ડીસીપીએ જણાવ્યું હતું કે, ‘‘૨૦૦૦થી અત્યાર સુધીમાં તેની સામે એનડીપીએસ એક્ટના ૧૦ અને એક્સાઇઝ એક્ટના ૩૦ કેસ નોંધાયેલા છે. આ વર્ષે નંદ નગરી પોલીસ સ્ટેશન અને શાહબાદ ડેરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે માદક દ્રવ્યોના કેસમાં પણ તે વોન્ટેડ હતી. તેમના પુત્રો પર પણ એનડીપીએસ આરોપો છે, જે ડ્રગના વેપારમાં તેમના પરિવારની સંડોવણી દર્શાવે છે.’’ ■

# વિઠ્ઠલભાઈ પટેલે ભારતને ‘લોકતંત્રની જનની’ બનાવવાનો પાયો નાખ્યોઃ દિલ્હીના મુખ્ય પ્રધાન

નવી દિલ્હી : દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ રવિવારે કહ્યું હતું કે વિઠ્ઠલભાઈ પટેલે ભારતને ‘‘લોકતંત્રની જનની’’ બનાવવાનો પાયો નાખ્યો હતો. ઓલ ઈન્ડિયા સ્પીકર્સ કોન્ફરન્સના ઉદ્ઘાટન સત્રમાં પોતાના સંબોધનમાં ગુપ્તાએ યાદ અપાવ્યું હતું કે કેવી રીતે ૧૦૦ વર્ષ પહેલાં બ્રિટિશ યુગમાં પટેલ કેન્દ્રીય વિધાનસભાના અધ્યક્ષ તરીકે સેવા આપનારા પ્રથમ ભારતીય બન્યા હતા. તેમણે કહ્યું હતું કે ‘‘તે ક્ષણે ભારતીયોના હૃદયમાં એક ચિનગારી સળગાવી હશે. તેણે બતાવ્યું કે બ્રિટિશ શાસનમાં પણ એક ભારતીય પોતાનો અવાજ ઉઠાવી શકે છે અને ગૃહમાં તેની વાત સાંભળવામાં આવી શકે છે. ગુપ્તાએ કહ્યું હતું કે વિઠ્ઠલભાઈએ એક એવા ભવિષ્યની કલ્પના કરી હશે જ્યારે ભારત સ્વતંત્ર થશે અને ભારતીયો તેમના બંધારણ અને ધ્વજ હેઠળ આવી સભાઓમાં ભેગા થશે અને તેમના રાજ્યો અને રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતી વખતે જન કલ્યાણ માટે નીતિઓ ઘડશે. કોઈએ ક્યારેય વિઠ્ઠલભાઈ પટેલના નિર્ણયોની ટીકા કરી નથી. તેમણે જ ભારતને લોકશાહીની જનની બનાવવાનો પાયો નાખ્યો હતો. ■

# બિહારમાં એસઆઈઆર અંગે દુષ્પ્રચારનો વિપક્ષ પર ભાજપનો આરોપ, કહ્યું- ‘ફક્ત આધારથી મતદાતા બની શકતા નથી’

નવી દિલ્હીઃ ભાજપે રવિવારે વિપક્ષ પર બિહારમાં ચાલી રહેલા મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) મામલે દુષ્પ્રચાર કરવાનો આરોપ લગાવ્યો હતો. પાર્ટીએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે બિહારમાં ચાલી રહેલી એસઆઇઆર પ્રક્રિયા દરમિયાન બહાર કરવામાં આવેલા મતદારોને અન્ય દસ્તાવેજો સાથે આધાર સબમિટ કરવાની મંજૂરી આપી છે, પરંતુ કોર્ટે ક્યાંય એવું કહ્યું નથી કે ફક્ત આધાર કાર્ડથી જ મતદાર બનાવી શકાય છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે બિહારમાં ચાલી રહેલી એસઆઇઆર પ્રક્રિયા દરમિયાન હટાવવામાં આવેલા મતદાતાઓ અન્ય દસ્તાવેજોની સાથે આધાર જમા કરાવી શકે છે.

ભાજપના આઇસી સેલના વડા અમિત માલવિયાએ કહ્યું હતું કે આધાર ફક્ત ઓળખ અને રહેઠાણનું પ્રમાણ છે, પરંતુ આ નાગરિકતા સાબિત કરતું નથી. તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં ક્યાંય પણ એવું કહ્યું નથી કે તેને એસઆઇઆર માટે કાયદેસર દસ્તાવેજના રૂપમાં ઉપયોગમાં લેવામાં આવે. વિપક્ષ આ મુદ્દે દુષ્પ્રચાર કરી રહ્યો છે.

અમિત માલવિયાએ કહ્યું હતું કે જનપ્રતિનિધિત્વ કાયદો કહે છે કે જો કોઈ વ્યક્તિ ભારતનો નાગરિક નથી, કોઈ કોર્ટ તરફથી તેને માનસિક રીતે અસ્વસ્થ જાહેર કરવામાં આવ્યો છે તો તેને મતદાતા યાદીમાં રજિસ્ટ્રેશન માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે આધાર કાયદો કહે છે કે આ ફક્ત ઓળખ અને રહેઠાણનું પ્રમાણ છે. આ નાગરિકતા પ્રસ્થાપિત કરતું નથી.

માલવિયાએ કહ્યું હતું કે ‘‘ચૂંટણી પંચને મતદાર નોંધણી માટે આધાર કાર્ડને દસ્તાવેજ તરીકે સામેલ કરવાનું કહેવાથી જનપ્રતિનિધિત્વ એક્ટની કલમ ૧૬ અને આધાર એક્ટને અર્થહીન બનાવે છે.’’ વાસ્તવમાં આ જ બેન્ચે ૧૨ ઓગસ્ટના રોજ ચુકાદો આપ્યો હતો કે આધાર નાગરિકતા સાબિત કરવા માટે કાનૂની દસ્તાવેજ નથી. તેમણે વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે જે કહ્યું નથી તેને તેના તરફથી કહેવામાં આવ્યું છે તેમ કહેવું અવમાનના છે. ■



રાજકોટના રાજા શાહી વખતનો લાલપરી ડેમ ૦.૦૨૫ મીટર ઓવરફ્લો થતા આસપાસના ગામ લોકોને સાવચેત રહેવા તંત્રએ સૂચના આપી હતી... (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભારત-પાકિસ્તાન તંગદિલી વચ્ચે કચ્છની જળસીમાએ ૧૫ પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી સલામતી દળ દ્વારા કચ્છના અરબી સમુદ્રની અત્યંત સંવેદનશીલ કોરી ક્રીક પાસેથી ૧૫ જેટલા પાકિસ્તાની ઘૂસણખોરોને ઝડપી લેવાયા હતા, જ્યારે કેટલાક નાસી છૂટ્યા હોવાની શંકાના આધારે સમગ્ર દરિયાઈ વિસ્તારમાં કોમ્બિંગ ઓપરેશન શરૂ કરી દેવાયું છે.

મળતી સત્તાવાર માહિતી પ્રમાણે, સરહદી સલામતી દળની ૬૮ બટાલિયન, ૧૭૬ બટાલિયન અને તેની વોટર વિંગ દ્વારા શનિવારે હાથ ધરાયેલાં આ સંયુક્ત ઓપરેશનમાં આ પાકિસ્તાની ઘૂસણખોરોને મોડી સાંજે ઝડપી લેવાયા છે. શનિવારે આ કોરી ક્રીક વિસ્તારમાં સ્થાનિક ચોકિયાત નૌકાઓ અને હાઈસ્પીડ પેટ્રોલ ક્રાફ્ટની મદદ લઇ જવાનોએ એક યોજનાબદ્ધ સર્ચ ઓપરેશન અહીં શરૂ કર્યું હતું અને તેમને બે સંદિગ્ધ એન્જીન વાળી બોટ નજરે પડતાં તત્કાળ તેમને આંતરી લેવાઈ હતી જે દરમ્યાન ૧૫ જેટલા પાકિસ્તાની માછીમારો ઝડપી લેવાયા હતા, જો કે કેટલાક પાકિસ્તાની માછીમારો નાસી છૂટવામાં સફળ નીવડ્યા હોવાનું જણાવાઈ રહ્યું છે. આ માછીમારો ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળ સીમામાં, ભારતીય સીમામાં ઘુસી આવીને માછીમારી કરી રહ્યા હતા. આમ તો થોડા સમય પહેલાં ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા એક કરાર મુજબ, જ્યારે જ્યારે અરસપરસની જળસીમામાં જો કોઈ માછીમારો ઘુસી આવે તો તેમની તલાશી લઇ, યોગ્ય પૂછપરછ કરી હોટ-લાઈન દ્વારા ભારતીય અને પાકિસ્તાની સુરક્ષા એજન્સી વચ્ચે વાતચીત થયા બાદ આવા પકડાયેલા માછીમારોને પાછા ભારતમાં કે પાકિસ્તાનની સરહદ પર છોડી દેવામાં આવે છે, પરંતુ હાલની પરિસ્થિતિને જોતાં માછીમારના સ્વાંગમાં કોઈ તાલીમબદ્ધ પાકિસ્તાની ત્રાસવાદી ભારતીય સીમામાં ઘુસી તો આવ્યા નથી ને? તે બાબત આકરી પૂછપરછ કરીને ચકાસવામાં આવે છે. તેથી આ તમામ માછીમારોને હાલે અટકમાં લઇ, તેની પૂછપરછ કરવામાં આવી રહી છે અને જો જરૂર પડશે તો તેમને ભુજ ખાતેના જોઈન્ટ ઇન્ટરોગેશન સેન્ટર ખાતે ખસેડવામાં આવશે.

દરમ્યાન, આ માછીમારો અને જેમાં તે સવાર થઈને આવ્યા એ એન્જિનવાળી બોટની ચકાસણી કરાતાં બોટમાંથી માછીમારીના સાધન, તેમ જ માછલીઓનો મોટો જથ્થો મળી આવ્યો છે. કોઈ સંદિગ્ધ બાબત હજુ સુધી જાણવા મળી નથી. ■

# ઓમાનના દરિયાકાંઠે ડૂબેલા માલવાહક જહાજના કન્ટેનરો ગુજરાતના કાંઠે પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતના કચ્છ-દ્વારકા, પોરબંદર અને ગીર સોમનાથના દરિયાઈ કાંઠે તણાઈ આવેલાં ૧૬ જેટલાં કન્ટેનરોમાં કોઈ હેઝાર્ડસ પદાર્થો કે વસ્તુઓ નથી ને? એ બાબતની એકતરફ એજન્સીઓ તપાસ કરી રહી છે ત્યારે બીજી તરફ આ તમામ કન્ટેનરો ઓમાનના દરિયાઈ વિસ્તારમાં ડૂબી ગયેલા એમવી.ફોનિક્સ ૧૫ નામના માલવાહક જહાજના હોવાનું જણાયું હતું.

ગત જૂન મહિનાની ૨૧મી તારીખે 'કોમોરોસ ફ્લેગ' ધરાવતું આ જહાજ સલાલાથી ૨૦ દરિયાઈ માઈલ ડૂબી જવા પામ્યું હતું અને તેમાં લદાયેલા આ કન્ટેનરો એક હજાર દરિયાઈ માઈલની મુસાફરી ખેડીને ગુજરાતના સાગર કાંઠે પહોંચ્યા હતા જયારે અન્ય કન્ટેનરો પાકિસ્તાનના દરિયામાં તણાયા હતાં.

એમ.વી ફોનિક્સ ૧૫ માલવાહક જહાજ ૧૫ વર્ષ જૂનું હતું અને તે ૧૧૮ મીટર લાબું હતું. તે યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઈ)ના જેબલ અલી બંદરથી સાઉદી અરેબિયાના જેડા બંદર તરફ જઈ રહ્યું હતું અને તે ડૂબી ગયું હતું. જો કે તેમાં સવાર તમામ ૨૦ જેટલા ખલાસીઓને અન્ય બીજા માલવાહક જહાજ દ્વારા ઉગારી લેવાયા હતા.

દરિયામાં તણાઈ આવેલા આ કન્ટેનરો પૈકીના દસ કન્ટેનર કચ્છના સાગર કાંઠે પહોંચ્યા હતા જયારે બીજા ચાર દ્વારકાના દરિયામાં પહોંચ્યા હતા, જયારે એક-એક કન્ટેનર પોરબંદર અને ગીર-સોમનાથ જિલ્લાના દરિયાકાંઠે તણાઈ આવ્યાં હતા. આ અંગે ઝીણવટ ભરી તપાસ શરૂ કરાઈ છે.■

### કચ્છમાં નવરાત્રીની તૈયારીઓ શરૂઃ

# માતાના મઢ અને ભુજ ખાતેના આશાપુરા મંદિરમાં ઘટ સ્થાપન કરાયા, નવરાત્રી પર્વનો પ્રારંભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં આગામી અશ્વિન નોરતાંનો પ્રારંભ, ભુજના આશાપુરા મંદિર અને લખપત તાલુકાના માતાના મઢ ખાતેના આશાપુરા મંદિર ખાતે સપ્ટેમ્બર મહિનાની ૨૧મી તારીખે થનારા પરંપરાગત ઘટ્ટ સ્થાપનથી થશે. માતાના મઢ ખાતે આગામી ૨૧મી સપ્ટેમ્બર રવિવારે રાત્રે ૮ અને ૩૦ કલાકે ઘટ સ્થાપન થશે અને ૨૨મી સપ્ટેમ્બર સોમવારથી કચ્છભરમાં નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થશે.

૨૯ સપ્ટેમ્બરના સાંજે ૭:૩૦ કલાકે ગાદી પૂજન અને જગદંબા પૂજન સમાપ્ત થયા બાદ મઢ જાગીર અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવા દ્વારા 'આઠમ'નો હવન યોજાશે અને મધ્યરાત્રિ બાદ તેમાં બીડુ હોમવામાં આવશે. ત્યારબાદ નવમા નોરતે કચ્છના રાજ પરિવાર દ્વારા પતરી વિધિનો કાર્યક્રમ પણ યોજાશે. આ પતરી વિધિ દરમ્યાન કચ્છમાં આગામી ચોમાસામાં વરસાદ અંગેની આગાહી પણ કરવામાં આવે છે. ■

# ભુજની અક્ષર હિલ્સ સોસાયટીમાં વૃક્ષ પાસે રમતી વેળાએ જીવલેણ કરંટ લાગતા બે પુત્રો સહિત માતા-પિતા ઘાયલ

ભુજઃ ચોમાસાની ઋતુ દરમ્યાન જીવલેણ વીજશોક લાગવાના બનાવોમાં સતત વધારો થઇ રહ્યો છે ત્યારે સરહદી કચ્છના ભુજ શહેરમાં આવેલી અક્ષર રેસિડેન્સીમાં એક વૃક્ષ પરથી પસાર થતી વીજ લાઇનના સંપર્કમાં આવી ગયેલા પરિવારના ચાર સભ્યોને જોરદાર વીજ આંચકો લાગતાં તમામને સારવાર હેઠળ મુકવામાં આવ્યા છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, શનિવાર સાંજે ભુજના કોડકી રોડ પર આવેલી અક્ષર હિલ્સ નામની સોસાયટીમાં આ ઘટના બનવા પામી હતી જેમાં અહીં રહેતા છ અને નવ વર્ષના ક્રિષ્ના અને કરન નામના બાળકો તેમના ઘરની સામે આવેલા વૃક્ષ પાસે રમતા હતા. આ ઝાડ ઉપરથી પસાર થતી વિદ્યુત લાઈનને અડકી જતા બન્ને બાળકોને વીજ કરંટ લાગ્યો હતો. આ વેળાએ બંને સંતાનોનો જીવ બચાવવા દોડી ગયેલા પિતા સામજી ધનજી કોલી અને પત્ની મંજુબેનને પણ જીવલેણ કરંટ લાગ્યો હતો. ગંભીર રીતે ઘાયલ ચારેય સભ્યોને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે જી.કે. જનરલ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હાલ તેઓની સારવાર ચાલુમાં છે અને હાલતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું હતું.

અતિભારે વરસાદની એલર્ટ વચ્ચે ભુજ અને તેની આસપાસના વિસ્તારોમાં સતત ઝરમર વરસાદ થઇ રહ્યો હોઈ, ભેજનું પ્રમાણ વધ્યું છે. ખાસ કરીને નાના બાળકો ઘરમાં કે ઘરની બહાર રમતા હોય ત્યારે વાલીઓએ સાવધાની રાખવી જરૂરી બની રહે છે. ■

# માંડવીના બોધાન ગામમાં ત્રણ-ચાર દિવસથી દહેશત ફેલાવનારો ખૂનખાર દીપડો આખરે પાંજરે પુરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માંડવી તાલુકાના બોધાન ગામમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઘુસી આવેલો ખૂનખાર દીપડો આખરે વન વિભાગના પાંજરે પુરાતાં દહેશતમાં આવી ગયેલા ગામ લોકોએ રાહતનો દમ લીધો હતો.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, વનરાજી વચ્ચે આવેલા માંડવીના બોધાન ગામમાં ઘુસી આવેલા ખૂનખાર દીપડાએ રખડતાં પશુઓ પર હુમલા કર્યા હતા. આ ગામના ઉપસરપંચ સાજીદ પીરના મરઘા ફાર્મમાં ઘૂસણખોરી કરીને અંદાજિત ૮૦થી વધારે મરઘાંઓને મારી નાખતા સમગ્ર ગામમાં ભારે દહેશતનો માહોલ ખડો થવા પામ્યો હતો.



(તસ્વીર- ઉત્સવ વૈદ્ય)

આ બનાવ બાદ ગામ લોકોએ વન વિભાગને જાણ કરતાં ત્વરિત હરકતમાં આવી ગયેલા વનતંત્રે આ મરઘાં ફાર્મમાં મારણ સાથેનું પીંજરું ગોઠવી દીધું હતું, જેમાં આ દીપડો આબાદ રીતે પુરાઈ જતાં સૌએ રાહતનો દમ લીધો હતો. ઉત્સુકતાવશ આસપાસના અન્ય ગામનાં લોકોના ટોળા પણ પાંજરે પુરાયેલા રાની પશુને જોવા ઉમટી પડ્યા હતા. ■

# ભુજના કોડકી રોડ પર આવેલા તળાવમાં ડૂબવાથી પરપ્રાંતીય યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરના કોડકી રોડ પર સ્થિત ખાનગી રિસોર્ટ નજીકના તળાવમાં ડૂબી જવાથી મૂળ ઉત્તર પ્રદેશના ૩૦ વર્ષીય ગોવિંદ કેશરામ ગૌતમનું મોત થયું હતું, જ્યારે નખત્રાણાના કોટડા (જડોદર) ખાતે એક ૧૭ વર્ષના વિજય મમુ દેવીપૂજક નામના કિશોરે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી,

બીજી તરફ કચ્છ-સૌરાષ્ટ્રને જોડતા સામખિયાળી-માળિયા ધોરીમાર્ગ ઉપર બે ટ્રેઈલર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં કાનારામ ઉદારામ ગુર્જર (ઉં.વ.૪૦)નું કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. પ્રાપ્ત વિગતો મુજબ, ભુજ-ખાવડા માર્ગ પર કોડકી રોડ સ્થિત રિસોર્ટની નજીક આવેલા તળાવમાં ન્હાવા પડેલો ગોવિંદ નામનો યુવાન ડૂબી ગયો હતો.

બનાવની જાણકારી મળતાં ઘટનાસ્થળે પહોંચેલી ભુજ ફાયર વિભાગની ટુકડીએ લગભગ એકાદ કલાક સુધીની જહેમત બાદ તળાવમાં ગરક મૃતકને બહાર કાઢ્યો હતો. બનાવ સંદર્ભે માનકુવા પોલીસે અકસ્માત મોતનો ગુનો દર્જ કર્યો હતો.

બીજી તરફ, નખત્રાણા તાલુકાનાં કોટડા (જડોદર)માં રહેનારા વિજય નામના કિશોરે કોઈ અગમ્ય કારણોસર ગત બપોરે પોતાનાં ઘરે લોખંડના એંગલ વડે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી મોતનો માર્ગ અપનાવી લેતાં પોલીસે ઘટના પાછળના કારણો જાણવા તપાસ હાથ ધરી છે.દરમ્યાન, ભચાઉના સામખિયાળી ખાતેના સુરજબારી પુલ નજીક ગત ઢળતી બપોરના ચાર વાગ્યાના અરસામાં બે ટ્રેઇલરો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં રાજસ્થાન પાસિંગના ટ્રેઇલર(નંબર આર.જે-૩૨-જીડી-૩૩૨૦)ના ચાલક કાનારામનું ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઊડી ગયું હતું. ગણેશ રતનલાલ ગુર્જરે અકસ્માત સર્જનારા ટ્રેઇલર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ■

# ભાવનગરના ગારિયાધારમાં ચારિત્ર્યની શંકા રાખી પતિએ પત્નીની હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ગારિયાધારના મેસણકા ગામે વાડી વિસ્તારમાં ભાગિયું રાખી રહેતા દંપતી વચ્ચે બોલાચાલી થતા ઉગ્ર સ્વરૂપ ધારણ કરી હતી અને આવેશમાં આવી પતિએ પત્નીને ઢોર મારમાર્યો હતો. જે બાદ પણ પતિ એ પત્નીને તાત્કાલિક સારવાર માં ખસેડી ન હતી અને બીજા દિવસે તબિયત વધુ લથડતા હોસ્પિટલ ખસેડી હતી જ્યાં સારવારમાં પત્નીનું મોત થતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો.

આ બનાવની વિગતો એવી છે કે ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના મેસણકા ગામે વાડી વિસ્તારમાં રહેતા અને ભાગિયું રાખી પેટીયું રળતા દંપતી વચાળે ચરિત્રની શંકાએ ઉગ્ર બોલાચાલી થઈ હતી. ભાગિયું રાખી ખેતી કરતો સંજય જીણાભાઇ પંચાસરા (રહે. મૂળ ખોડવદરી, ગારિયાધાર, હાલ. મેસણકા વાડી વિસ્તાર) અવારનવાર પત્ની પૂનમબેન ઉપર ચારિત્રની શંકા રાખતો હતો અને બે દિવસ અગાઉ તેજ શંકાએ મોડી રાત્રે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ સંજય પંચાસરાએ પત્ની પૂનમબેનને ઢીકાપાટુનો ગંભીર મારમાર્યો હતો અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. પરંતુ પત્નીને તાત્કાલિક સારવારમાં લઈ ન જતા પત્નીની તબિયત વધુ લથડી હતી ત્યારે બીજા દિવસે હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી જ્યાં સારવાર દરમિયાન મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો. ઘટનાની જાણ થતા ગારિયાધાર પોલીસમથકનો સ્ટાફ ઘટનાસ્થળે ધસી જઈ તપાસ હાથ ધરી હતી અને આરોપી પતિ સંજય જીણાભાઇ પંચાસરાની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# અમરેલીના દરિયામાં ૨૦ ઓગસ્ટથી ૧૧ માછીમારો ગુમ, બેના મૃતદેહ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં ૨૦ ઓગસ્ટથી ગુમ થયેલા ૧૧ માછીમારોમાંથી બેના મૃતદેહ મળી આવ્યા હતાં. હજુ ૯ માછીમારો લાપતા હોવાથી તેમની શોધખોળ કરવામાં આવી રહી છે. કોસ્ટગાર્ડની ટીમે પીપાવાવ કિનારે જયશ્રી તાત્કાલિક ફિશિંગ બોટમાંથી હરેશભાઈ બારૈયા અને મનસુખભાઈ શિયાળના મૃતદેહ શોધી કાઢ્યા હતા. હવે બાકીના ૯ માછીમારો માટે દરિયામાં વિશાળ સર્ચ ઓપરેશન ચાલુ છે.

બે શિપ અને ૪ હેલિકૉપ્ટર-ચોપરની મદદથી તપાસ હાથ ધરવામાં આવી હતી. દમયંતી નૌકાના વિપુલભાઈ ચૌહાણ, ચંદુભાઈ બારૈયા અને કમલેશભાઈ શિયાળ સહિત તથા મુરલીધર બોટના ચીથરભાઈ બારૈયા, વિજય ચુડાસમા, વિનોદ બાંભણિયા અને પ્રદિપ ચુડાસમા હજી સુધી ગુમ છે. ■

# અમરેલીનો ખોડિયાર ડેમ ૭૦ ટકા ભરાયો

## અમરેલી-ભાવનગરના ૫૦થી વધુ ગામોને એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના ધારી નજીક આવેલ ખોડિયાર ડેમમાં પાણીની આવક વધી ૭૦ ટકા ક્ષમતાએ પહોંચતાં હાઇએલર્ટ જાહેર કરાયો હતે. પાણીનું સ્તર વધતા કોઈપણ સમયે ડેમના દરવાજા ખોલવાની શક્યતા છે. અમરેલી ફ્લડ સેલે નીચાણવાળા વિસ્તારોના લોકોને નદી-પટના કાંઠે ન જવા અને સલામત સ્થળે સ્થળાંતર કરવા સૂચના આપી દેવામાં આવી હતી. અલર્ટ કરાયેલા વિસ્તારોમાં અમરેલી જિલ્લાના ધારી, બગસરા, લીલિયા અને સાવરકુંડલા તાલુકાના અનેક ગામો સાથે ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના ઠાંસા, જૂના ગુજરડા, મનાજી, રાણીગામ અને સતાપડા સહિત કુલ ૫૦થી વધુ ગામોને પૂરનાં જોખમને ધ્યાનમાં રાખી સતર્ક કરવામાં આવ્યા છે.

# જામનગરના નવાગામમાં પ્રૌઢ મહિલાએ કૂવામાં ઝંપલાવી આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નવાગામમાં રહેતી ૫૯ વર્ષીય પ્રફુલાબેન અનિલભાઈ પોપટ નામની પ્રૌઢ લોહાણા મહિલાએ માનસિક અસ્થિરતાના કારણે કૂવામાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગયો હતો. પ્રફુલાબેન પોતાના ઘેરથી નીકળી ગયા બાદ નજીકના કૂવામાં ઝંપલાવી દીધું હતું. ઘટનાની જાણ થતાં તેમના પુત્ર ગૌરાંગ અનિલભાઈ પોપટે કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરી હતી.

પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું હતું કે, પ્રફુલાબેનનો પુત્ર ચિરાગ મોઢાના કેન્સરથી પીડાઈ રહ્યો હતો અને તેની દવા ચાલતી હતી. ઉપરાંત તેની પત્ની પણ છૂટાછેડા આપીને ઘર છોડી ગઈ હતી, જેના કારણે તેઓ વારંવાર પરેશાન રહેતા હતાં. આ કારણે માનસિક તાણમાં આવી પ્રફુલાબેને જીવલેણ પગલું ભર્યું હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું. ■

# પોરબંદરમાં પરપ્રાંતીય યુવકે કરી પત્નીની હત્યા પોલીસે કરી ધરપકડ

અમદાવાદઃ પોરબંદરના ખાંભોદર ગામે પરપ્રાંતીય યુવકે પત્નીને હથોડીના ઘા ઝીંકીને હત્યા કરી હતી. બરડા પંથકના ખાંભોદર ગામે વાડી વિસ્તારમાં મજૂરી કામ કરતા પરપ્રાંતીય શ્રમિકે પોતાની પત્નીની હત્યા નિપજાવીને ફરાર થયો હતો, તો પોલીસે આરોપી પતિની ધરપકડ કરી લીધી હતી. મુકેશ અલાવા તેના પત્ની સાથે મધ્ય પ્રદેશથી ગુજરાતમાં મજૂરીકામ માટે આવ્યો હતો. અહીં પોરબંદરના ખાંભોદર ગામમાં તે મજૂરીકામ કરતો હતો. ખાંભોદર ગામે ખીમાભાઈ લખમણભાઈ ગોઢાણીયાની વાડીમાં આ બંને પતિ પત્ની મજૂરી કામ કરતા હતા. પતિ મુકેશ અલાવાને પત્ની પર શંકા હતી કે તેનો કઈ બીજા સાથે સંબંધ છે. આ મામલે વારંવાર બન્ને વચ્ચે ઝઘડાઓ પણ થતા રહેતા હતાં. ■

# તરણેતર મેળામાં આરોગ્ય સેવાઓ માટે ૨૫ મેડિકલ ઓફિસર અને ૧૦૪ કર્મચારીઓ તહેનાત રહેશે

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના પ્રસિદ્ધ તરણેતર મેળા દરમિયાન જનઆરોગ્યને પ્રાથમિકતા આપતા જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગે સારી વ્યવસ્થા કરી છે. મેળા દરમિયાન કોઈપણ તાત્કાલિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે કુલ ૨૫ મેડિકલ ઓફિસર અને ૧૦૪ આરોગ્ય કર્મચારીઓની ટીમો તહેનાત કરવામાં આવશે. આમાં ડોક્ટરો, નર્સો, ફાર્માસિસ્ટ અને સહાયક સ્ટાફ પણ હાજર રહેશે.

મેળાના વિવિધ પાંચ વિસ્તારોમાં મેડિકલ સેન્ટરો બનાવવામાં આવ્યા છે, જેમાંથી ચાર સ્થળોએ ૨૪ કલાક સેવા આપતી ટીમ તહેનાત રહેશે. સામાન્ય બીમારી સિવાય ઈમરજન્સી કેસ માટે પણ જરૂરી તમામ દવાઓ અને સાધનો ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે. ■

# નર્મદા કેનાલ પર નવા બ્રિજનું ખાતમુહૂર્ત, ૯૦ દિવસમાં તૈયાર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ ખાતે નર્મદા કેનાલ પર નવા બ્રિજના નિર્માણનું ખાતમુહૂર્ત નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાની અધ્યક્ષસ્થાને તથા વડવાળા મંદિરના મહંત મુકુંદરામજી બાપુની ઉપસ્થિતિમાં થયું હતું. આ બ્રિજ રૂપિયા ૧.૨૨ કરોડના ખર્ચે માત્ર ૯૦ દિવસમાં તૈયાર થશે. મકવાણાએ જણાવ્યું હતું કે, આ બ્રિજ તૈયાર થતા ઉત્તર ગુજરાત અને કચ્છ તરફ જવાની યાત્રી સુગમતા વધશે, તેમજ આસપાસના ગામોમાંથી સુરેન્દ્રનગર પહોંચતા નાગરિકોને ઝડપ અને સુવિધા મળશે. ફક્ત ૩૦ દિવસમાં વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરીને બ્રિજને મંજૂરી આપી દેવામાં આવી હતી. રાજ્ય સરકાર મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોને મજબૂત માર્ગ નેટવર્ક સાથે જોડવાનો સંકલ્પ સિદ્ધ કરવામાં આવી રહ્યો છે. કાર્યક્રમમાં હાર્દિક ટમાલીયા, દેવાંગ રાવલ, મામલતદાર મયુર દવે સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બ્રિજ વિકાસયાત્રાનું એક મહત્ત્વપૂર્ણ કડી બનશે.

# દેવભૂમિ દ્વારકામાં દરિયો તોફાની બન્યો

## ૧૦થી ૧૫ ફૂટ ઊંચા મોજા ઉછળ્યા

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદની વચ્ચે અરબી સમુદ્ર તોફાની સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોમતી ઘાટે દરિયામાંથી ૧૦થી ૧૫ ફૂટ ઊંચા મોજાં ઉછળતા જોવા મળ્યા હતાં. સંગમઘાટ અને લાઈટહાઉસ વિસ્તાર પાસે પણ સમુદ્રમાં ભારે કરંટ સાથે તેજ મોજાં જોવા મળતાં હતાં. ભારે વરસાદની આગાહીના કારણે તંત્ર દ્વારા ઘાટ કે દરિયા કિનારા નજીક ના જવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. ચેતવણી છતાં કેટલાક સ્થાનિક અને પ્રવાસીઓ દરિયાના મોજાં જોવા દરિયા કિનારે પહોંચી ગયાં હતાં. સ્થિતિ વધારે વિકટ હોવાના કારણે તંત્રએ સૂચનાનું પાલન કરવા નાગરિકોને આગ્રહ કર્યો હતો. આ વિસ્તારમાં સતત દેખરેખ અને મોનિટરિંગ હેઠળ રાખવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. ■




મહાવીર જન્મદિન નિમિત્તે ચોવીસમા તીર્થંકર પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાનનું જન્મ વાંચન તથા પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાનના પારણાની શોભાયાત્રા યોજાઈ હતી. આ શોભાયાત્રા જૂનાગઢના જગમાલ ચોકથી દિવાન ચોક આઝાદ ચોક થઈને તળાવ દરવાજા દેરાસર આગળ પૂર્ણ થઈ હતી. (તસ્વીરઃ હરેશ સોની જૂનાગઢ)